
સંવેદનની ઝલક



સંવેદનની ઝલક

-: પ્રકાશક :-

દિવ્યદર્શન ટ્રસ્ટ

-: લેખક :-

વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સંઘહિતચિંતક

પ.પૂ. સ્વ. આચાર્ય દેવશ્રી વિજય ભુવનભાનુ સૂરિશ્વરજી મહારાજાના

શિષ્યરત્ન

શાસનપ્રભાવક પ.પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજયજી મહારાજના

શિષ્ય

પૂ. મુનિશ્રી યશોવિજય મહારાજ.

૪૫ આગમના રહસ્યાર્થને પામેલા,
સુવિહિત ગીતાર્થ શિરોમણિ,
મોબાઈલ જ્ઞાનભંડાર,
સિદ્ધાંત દિવાકર,
ઉદારચરિત,
ગચ્છાધિપતિ,
પ. પૂ. આ. શ્રી વિજય
જયઘોષસૂરીશ્વરજી મહારાજાના
કરકમલમાં સાદર સમર્પણ

પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૫૩

મૂલ્ય : મનોમંથન + દોષભંજન + આત્મરંજન

ટાઈપ સેટીંગ : હિતેશ દસાડીયા ✆ ૮૩૮ ૦૯૨૧

પ્રાપ્તિસ્થાન :

શ્રી લાલભાઈ ત્રિકમભાઈ
૪૫ક, શાંતિનાથની પોળ,
હાજાપટેલની પોળમાં,
રિલિફ રોડ, કેલિકો ડેમ પાછળ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

દિવ્યદર્શન ટ્રસ્ટ
કલિકુંડ સોસાયટી, ધોળકા,
જિ. અમદાવાદ,
પીન - ૩૮૭૮૬૨

લેખકના હૃદયોદ્‌ગાર

શબ્દજાળની જોડે ભક્તિને ખાસ નિસ્બત નથી. ભક્તિનો સીધો સંબંધ છે ભાવ-ભાવના-સદ્‌ભાવના-સંવેદનાની સાથે. તેની અભિવ્યક્તિ માટે ક્યારેક શબ્દ આલંબન બને છે, તો ક્યારેક મૌન. શબ્દના આલંબનથી થતી ભકિત સ્વ-પર ઉપકારક બની શકે છે. મૌન કે અનિર્વચનીય વિચારોથી થતી ભક્તિ મુખ્યતયા સ્વોપકારક બને છે.

હૃદયગત ભક્તિભાવને શાબ્દિક આકાર આપવાનું મારું ગજું નથી. છતાં પરમાત્માની અચિંત્ય કૃપાથી, 'સંવેદનની સુવાસ' પુસ્તક ગત સાલ પ્રકાશિત થયા બાદ, પરમાત્માની ભક્તિમાં તરબોળ થતાં જે વિચારો સ્ફુર્યા, જે ભાવનાઓ ઉદ્‌ભવી, જે સંવેદનો અનુભવ્યા તેને કલમના માધ્યમથી કાગળમાં ટપકાવવાનો યત્કિંચિત પ્રયત્ન વિહાર દરમ્યાન કર્યો. તેના ફળસ્વરૂપે આજે 'સંવેદનની ઝલક' પુસ્તક પ્રગટ થઈ રહેલ છે.

પ્રસ્તુત પુસ્તકમાં કયાંક પરમાત્માને વિનંતિ કરેલ છે.
કયાંક પ્રભુજીને ઠપકો આપેલ છે.
કયાંક ભગવાનને પડકાર પણ ફેંકેલ છે.
કયાંક પોતાની પામરતા સ્વીકારેલ છે.
કયાંક દેવાધિદેવનો વૈભવ પીરસેલ છે.
કયાંક મનની મૂંઝવણ રજૂ કરી છે.
કયાંક ભક્તિ પ્રત્યે અથાગ શ્રદ્ધા વ્યક્ત કરી છે.
કયાંક તારક તીર્થંકરો પાસેથી મળેલ જવાબોને પણ જડી લીધેલ છે.
કયાંક શબ્દોની આપમેળે થતી ગોઠવણી પણ ગોઠવેલી છે.
કયાંક જગદીશ સાથે ઝઘડો પણ કરેલ છે.
કયાંક તર્કના ટાંકણા તો કયાંક ભક્તિની ભાષાનો ઉપયોગ કર્યો છે.
કયાંક કરુણાસાગરની કઠોરતા પણ દર્શાવી છે.
કયાંક નય, નિક્ષેપ ને પ્રમાણની પરિભાષામાં પણ પ્રાર્થના પ્રારંભી છે.

ભાષાની ભૂમિને ભેદી, તેમાં ધરબાયેલ ભક્તિજલના પાતાળકૂવાને ખોદી, ભગવદ્ભક્તજન પરમતૃપ્ત બને એવા નિર્મળ આશયથી પ્રગટ થનાર પ્રસ્તુત પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર શ્રુતપ્રેમી શ્રાવકોને ધન્યવાદ.

વિજ્ઞ વાચકવર્ગ પ્રસ્તુત પુસ્તકગત શબ્દનૌકાના સહારે સંવેદનસાગરના તળિયે રહેલ દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ રત્નત્રય મેળવી આધ્યાત્મિક સમૃદ્ધિ પામે એ જ મંગલકામના

✍ મુનિ યશોવિજય

અનુક્રમણિકા

વિગત	પાના નં.

આમંત્રણપત્રિકા વાંચી ને ?

ઓ પરમકૃપાળુ !

મારી નિર્મળ ભક્તિ, નિઃસ્વાર્થ સંવેદના,
નિર્દંભ પ્રાર્થના એ જ
તને મોકલેલી આમંત્રણ પત્રિકા છે.
તેને તું વાંચે કે ન વાંચે,
પ્રેમથી સાંભળે કે ન સાંભળે,
દિલથી સ્વીકારે કે ન સ્વીકારે...
એ બધું તારે જોવાનું છે.
એ અધિકાર તારો જ છે.
પણ પધારવાની જવાબદારી તો કેવલ તારી છે.

મારું કામ તો ભક્તિની-સંવેદનાની
આમંત્રણપત્રિકા મોકલવાથી શરૂ થાય છે.
અને ત્યાં જ પૂરું થાય છે.
તને બોલાવવા હું બીજું કરી પણ શું શકું ?
સાધનાની સિંહગર્જના કરીને
તને બોલાવવાનું મારું ગજું નહિ.
ભીષ્મ પ્રતિજ્ઞા કરીને ભગીરથ પુરુષાર્થ
કરવાની પણ તાકાત નથી.
ઉગ્ર તપશ્ચર્યામાં કે એકાગ્રચિત્તે
જાપમાં ઝૂકાવવાની પણ તૈયારી નથી.
વ્યાપક જ્ઞાન કે ઊંડા ધ્યાનમાં
ડૂબવાની પણ શક્તિ નથી.
મોટા ત્યાગ કે ઊંચા વૈરાગ્ય દ્વારા
તારો સાદ કરવામાં ય હું સમર્થ નથી.

બિનશરતી સેવા દ્વારા તારો પોકાર કરવામાં પામર છું.
ચિરંજીવી વિનયથી તારી પાવન પધરામણી
કરાવવામાં હું પાંગળો છું.
ઝળહળતા સદ્‌ગુણોથી તને વિનવવામાં ય વામણો છું.

મારી પાસે તો છે ભક્તિભીનું હૃદય, તને બોલાવવા માટે.
મારી પાસે છે ભાવભર્યું દિલ, તને પોકારવા માટે.
મારી પાસે છે સંવેદનસભર અંતર,
તને આમંત્રણ આપવા માટે.
મારી પાસે છે ભાવનાથી ભરચક,
સદ્‌ભાવનાથી સુવાસિત, પ્રાર્થનાથી પૂર્ણ,
વિયોગવ્યથાથી છલકાતો મારો આત્મા,
તને આગ્રહભરેલ નિમંત્રણ આપવા માટે.

મને લાગે છે કે તને અહીં પધારવાની
વિનંતિ કરવા આટલું પૂરતું છે.
છતાં ય હજુ પણ આવવું કે ન આવવું -
એ તારા ઉપર અવલંબે છે.
તારે આવવું હોય તો આવ.
ન આવવું હોય તો તું જાણે.
હું તો તને રોજેરોજ
ભક્તિભીની પત્રિકા
સંવેદનના કંકુ-છાંટણા
પૂરતા કરીને મોકલે જ
રાખીશ.

ઓ કરુણાસાગર !

વધુ કાકલૂદી કરાવતો નહિ હોં.

નકશા વિનાની પદયાત્રા

ઓ જગદીશ !

તને મેળવવા-મળવા કોઈ અજાણ્યા માર્ગે ચાલે રાખું છું.
કોઈ વટેમાર્ગુનો સાથ-સથવારો નથી મળતો,
છતાં ચાલે રાખું છું.
રસ્તામાં અંધારુ ઘણું છે, કાંટા-કાંકરા પાર વિનાના છે,
ખાડા ટેકરા પણ ચિક્કાર છે, છતાંય ચાલે જ રાખું છું.
નદી, ઝરણાં પણ મળે છે, છતાં અવિરતપણે ચાલું છું;
કારણ કે મારા પગમાં બળ તો તારુ જ છે.

તારા પંથે અસહાય-એકાકી નીકળી પડ્યો છું,
આપણો ભેટો ક્યાંક ને ક્યારેક તો થશે જ.
શ્રદ્ધા - ધીરજ અને ખંત અખૂટ છે.
નકશા વિના તારા માર્ગે ચાલું છું, દોડું છું.
બધું જ છોડીને તારા પાવન પંથે નીકળ્યો છું.
પણ મારો રસ્તો ભૂલું તો જ મને તારો રસ્તો મળી શકે.
મારા રસ્તાના વિસ્મરણનું અને તારા માર્ગના
સતત સ્મરણનું મને શાશ્વત વરદાન દેજે.

ભીતરમાં તને મળવાની તાલાવેલી છે,
તને કાંઈક કહેવાની અદમ્ય ઝંખના છે.
તને ભેટવાની અંતરમાં ઉત્કટ મહેચ્છા છે.
તારી સાથે વાત કરવાની તીવ્ર તમન્ના છે.
તને દિલ દઈને જોવાની જાગૃત અભિલાષા છે.
ધરાઈ-ધરાઈને તને પ્રેમ કરવાની ઉત્કટ અભીપ્સા છે.

હા, પણ પ્રભુ !
તારા દિવ્ય પંથે ચાલતાં
અહંકારનો કાંટો વાગે તો તું શલ્યોદ્ધાર કરજે.
ક્રોધનો તડકો લાગે તો તું મને શીતળતા દેજે.
ઉદ્વેગના કાંકરા અસહ્ય થાય ત્યારે
તું પગના તળિયા મજબૂત કરજે.
અજ્ઞાનના અંધારામાં અટવાઈ જાઉં ત્યારે
તું જ્ઞાનસૂર્ય થઈને પ્રકાશ પાથરજે.
ઈર્ષ્યાના ખાડા-ટેકરા થકવી નાંખે ત્યારે તું પ્રેમશક્તિ દેજે.
નિંદાની નદી કે વાસનાના કાદવમાં ન ડૂબું તે જોજે.
પાપનો ભારબોજ વધારી ન દઉં તે યાદ કરાવજે.
એકલો કંટાળી જાઉં તો વાત કરજે.
પડી જાઉં તો હાથ ઝાલજે.
આટલું કરજે તું મારા ખાતર.
પછી હું તને મેળવીને જ
રહીશ.

અતૂટ વિશ્વાસ છે મને તારામાં
કે તું મને જરૂર મળશે ને મળશે.
મને તારા ઉપર સૌથી વધુ ભરોસો છે.
એના આધારે તો હું જગતને છોડીને,
બધા સંબંધોને તોડીને એકાકી નીકળ્યો છું.
તારા ખાતર તમામ ઈચ્છાઓની કુરબાની,
મોંઘી મહત્ત્વાકાંક્ષાનું બલિદાન આપેલ છે.
પછી પણ તું ન મળે તે તો કઈ રીતે ચાલે ?

તું જિદ્દી છે

હે અંતર્યામી !

તારી કેટલી રાહ જોઉં ?
ઘણી વાટ જોઈ છતાં ન આવ્યો !
પ્રતીક્ષા કરીને થાક્યો, તું ન જ આવ્યો.
વિનવણીઓ કરવા છતાં ય તું આવતો નથી.
આવતો તો નથી, આવવાનો અણસાર પણ દેતો નથી.
તું આટલો જીદ્દી હશે તેની મને ખબર નહિ.
તું આટલી હદ સુધી કઠોર હશે તેનો મને ખ્યાલ નહિ.
પ્રતીક્ષાની પરીક્ષા આટલી આકરી હશે
તેની મને જાણકારી નહતી.
તારી યાદમાં હું ઓગળી રહ્યો છું.
વિયોગની વ્યથામાં પીગળી રહ્યો છું.
આંસુની આગમાં ભસ્મીભૂત થઈ રહ્યો છું.
પ્રાર્થનાની પાવક જ્વાળામાં હું દાઝી રહ્યો છું.
ભાવનાની ભઠ્ઠીમાં ભડથું થઈ રહ્યો છું.
સંવેદનાની સગડીમાં સેકાઉં છું પાપડવત્.
ભક્તિની ભાંગ પીને બેભાન-બેધ્યાન થયો છું.
મિનિટે મિનિટે મુંઝાઉં છું, મુરજાઉં છું.
આંખે અંધાપો - અંધારા આવે છે.

હે રહસ્યમૂર્ત્તિ !

શું હજુ નહિ પધારો ?
પ્રેમની આટલી પરીક્ષા ?
આવી અનહદ પ્રતીક્ષા !

આટલી હદે જુલમ !
અને તે પણ નાના બાળ ઉપર !
હદ થઈ. પ્રભુ !
હવે તો હદ થઈ.

કોઈ પણ સંબંધમાં આટલી હદે જુલમ ન જ ચાલે.
આટલો અત્યાચાર - અન્યાય કોઈ પણ યુગમાં નહિ હોય.
હું તને ભક્તિમાં વેચાઈ ગયો છું એનો આ પ્રતિભાવ !
એ પણ તારા તરફથી ?

મારી ભલમનસાઈનો તું આવો ગેરલાભ ઉઠાવીશ
એનો તો સ્વપ્ને ય ખ્યાલ નહોતો મને.
બાકી તને પ્રેમ કરતાં વિચાર કરત.
પણ, હવે તો તારા પ્રેમમાં ઘણો આગળ વધી ચૂક્યો છું.
ત્યાંથી પાછું ફરવું હવે શક્ય નથી.
તેં સંમોહન એવું કર્યું છે કે
તારું વિસ્મરણ હવે તદ્દન અશક્ય છે.

ઓ કામણગારા !

કાં
તારું કામણ પાછું ખેંચી લે
કાં
પછી તારો સાક્ષાત્કાર કરાવી
મને તારા પ્રેમની પ્રતીતિ કરાવી
તારામાં સમાવી લે.

સમય થઈ ગયો છે

ઓ જગન્નાથ !

તને આપવા માટે મારી પાસે
ભાવભરી ભક્તિ સિવાય કશું નથી.
થોડા ઘણાં તારા વિયોગની વ્યથાના ઉષ્માભર્યા આંસુ છે.
તારી પાવન પધરામણી માટે શ્રદ્ધાના લીલા તોરણ છે.
પ્રેમના રંગની રંગબેરંગી રંગોળી રચાવેલ છે.
સદ્‌ભાવનાના સોનેરી શણગાર સજાવેલ છે.
પ્રીતિના મઘમઘતા ફૂલ પણ છે.
સુવાસિત સંસ્કારના ઝળહળતા દીવડા પેટાવેલ છે.
ઈચ્છાશૂન્ય મનમયૂર કેકારવ કરી તને પોકાર કરે છે.
સતત તારી સાથે વાત કરવા તત્પર મારી જીભ
તારી રાહ જુએ છે.
તને જોવા કાકડોળે મારી આંખ,
તને સાંભળવા મારા બન્ને કાન તલસે છે.
તારી સેવા કરવા મારા હાથ, તારી પાસે આવવા
મારા બન્ને પગ અત્યન્ત આતુર છે.
કેટલાય સમયથી ચાલે છે સતત તારી રટના,
કેવળ તારું નામ, તારો જ જાપ.
હૃદય શાંત -પ્રશાન્ત છે, પણ સુસ્ત નથી.
મનમાં નિર્દોષ મસ્તી છે પણ મદ-માન-માયા નથી.
મરણની ક્ષણે પણ તારા જ સ્મરણની કેવળ ઝંખના છે.
તર્કના તડકા અને શ્રદ્ધાની ચાંદનીનું અદ્વૈત રચેલ છે.
'અહં'નો નહિ પણ ભક્ત તરીકેની ખુમારીનો ઘંટનાદ કરું છું.

સદા સર્મપણભાવની તારી આરતી ઉતારી રહેલ છું.
પ્રાર્થનાની ચામર તને વીંઝવા માટે સજ્જ કરેલ છે.
સંવેદનનો પંખો જોઈએ તો તે પણ તૈયાર જ છે.
એકાંતની ગાદી અને મૌનનો તકિયો પણ હાજર છે.
આપની સેવામાં હું પણ ઉપસ્થિત છું.

હે ભગવંત !

મને લાગે છે કે
હવે તમારા આવવાનો
સમય થઈ ગયો છે.
આગ્રહપૂર્વક
લાંબુ-લચક
આમંત્રણ આપીને
બારણા બંધ
કરી દે
એવો હું
નથી
હોં !
અનાદિની અવળી ચાલના લીધે
તેવું કરું તો પણ,
મારા આતમદ્વારની
ચાવી તો
તારી પાસે
જ છે
ને ?

આ તે કેવો નાતો ?

હે જગદાધાર !

હું એકલો હોઉં છું ત્યારે તારી સાથે વાત કરું છું.
ટોળામાં હોઉં છું ત્યારે તને ટાળવાથી હું પોતે કંટાળું છું.
ભક્તોના ટોળામાં પણ હું સભાન રહું - એવું વરદાન દે.
મારી ફરજ પ્રત્યે હું સભાન રહું - એવી સાવધાની દે.
જાત પ્રત્યે જાગૃત રહું - એવા તું આશિષ વરસાવ.

ઓ દયાનિધિ !

તારી સાથે વાતચીતની મજા એ છે કે
તું નથી અને છતાં છે.
નહિતર હું વાત કોની સાથે કરું ?
તું જ જો ગેરહાજર હો તો
હૃદયની સંવેદના કોની આગળ ઠાલવું ?
દિલની ભક્તિના સૂર કોને સંભળાવું ?
સમર્પણનો સ્વસ્તિક કોની આગળ કાઢું ?
માટે હું તને હાજર જ સમજું છું.

પણ ઓ કૃપાસિન્ધુ !

તારી સાથેની વાતમાં એક મોટી તકલીફ છે.
તું મૂંગો રહે છે ને હું કર્યા કરું છું વાતો.
આ તે આપણો કેવો છે નાતો ?
સતત તારા હું ગીતો ગાતો.
તો ય હું તને ન સંભળાતો !
આ નાતો નથી સમજાતો
તું તો સદા રહે છે દૂર જાતો.

છતાં તને પોકારવામાં મને કંટાળો નથી થાતો.
પણ હવે દિવ્ય અમૃત કેમ નથી મને પાતો ?
જો છે આપણો જૂનો નાતો.
થાય છે આ તો કેવળ વાતો ને વાતો.
શું હું તારામાં નથી સમાતો ?
હું કેમ તને નથી સમજાતો ?
વિયોગ વ્યથામાં મેં કેટલી કાઢી છે રાતોની રાતો ?
તું શા માટે રહે છે મારાથી કતરાતો ?
દુઃખ-દર્દની પણ ખાધી છે મેં લાતો.
છતાં તે ન નભાવ્યો આપણો નાતો.
આ કેવો જનમ-જનમનો છે નાતો !
છતાંય તું નથી જરાય શરમાતો.
રહે છે સદા મારાથી લપાતો-છૂપાતો.
તું મને નથી ઓળખાતો.
તેથી હું સદા રહું કરમાતો.
છતાં નથી તારા પ્રત્યે કતરાતો.
કારણ આપણો છે અનાદિનો નાતો.
તું જ્યારે મારાથી દૂર થાતો,
ત્યારે હું ઘણો મુંઝાતો.
તું મને નથી દેખાતો.
તું મને નથી સંભળાતો.
છતાં કરું છું હું વાતો.
મારા નાથ !
જરા સંભાળી લો ને આ નાતો !

ઝોલા ખાઉં છું

ઓ કૃપાઅવતાર !

ક્યારેક મને થાય છે કે
મારા આંસુ રણમાં તો
વરસતા નથી ને ?
અરણ્યરુદન થતું નથી ને ?
રાખમાં ઘી ઢોળવાની જેમ
તારી પાછળ સારેલા આંસુ
નિષ્ફળ તો નહિ જ જાય નેં ?

આંસુ સીંચીને મોટું કરવા છતાં, કોઈને શીતળ છાયા પણ
ન આપે એવા તાડના ઝાડ જેવો તો તું નથી ને ?
એવો પણ ક્યારેક વિચાર આવે છે.
તારી પાછળ પાડેલા આંસુનું
મોટું સરોવર થઈ જાય.
મારા આંસુ અમથાં - અમથાં
વેડફાતા તો નથી ને ?
શ્રદ્ધા અને અશ્રદ્ધા વચ્ચે હું ઝોલા ખાઉં છું.
હું કેટલો બધો પામર બન્યો છું ?
પરમ બનીને હાથ તો ઝાલ.
નાની અમથી વિનંતિ.
શું નહિ સ્વીકારે ?
હજુ નહીં આવે ?
તો તને કોણ બોલાવે ?
રોજ તને કોણ મનાવે-પટાવે ?

આ રીતે કોણ તને રોજ-રોજ છકાવે ?
પણ બીજું છે કોણ, જે મારી ઝોળીને છલકાવે ?
નાથ ! આટલો બધો શા માટે મને તું તપાવે-થકાવે ?
તું આવે યા ન આવે - પણ આ રીતે મને
કેમ બહેકાવે - લટકાવે ?

શરણાગતવત્સલ !

કદાચ મારી ભૂલ લાગતી હોય તો
મને માફ કરી દે.
હું મેલો દેખાતો હોઉં, તારી નજરે,
તો મને સાફ કરી દે.
મારી નજર નબળી લાગે તને, તો
કરુણામૃતથી તેને આંજી દે.
કટાઈ ગયેલ વાસણ જેવો તને લાગું તો
પ્રેમરસથી મને માંજી દે.
તને ગમે તે તું કર.
તને તમામ છૂટ છે.
પરંતુ તારે અહીં આવવું તો પડશે જ.
મારી પાસે ક્યારે, ક્યાંથી, કેવી રીતે આવવું ?
એના ઉપર મારી કોઈ જોહુકમી નથી.
એ બધું તારા ઉપર છોડું છું.
પણ આવવું તો પડશે જ.

ઓ જગદીશ !

જરા વહેલા આવજો હોં !
તમારી રાહ જોઈ મારા આંખ-કાન-હાથ-પગ થાકી ગયેલ છે.

મહેલ ગમશે કે કુટિર ?

ઓ કૃપાસિન્ધુ !

મારી ભીતર વહેતી ભક્તિનદીના કિનારે
તારા પાવન પદાર્પણ માટે
રાજમહેલ અને એની બાજુમાં
નાનકડી ઝૂંપડી બાંધેલ છે.
સાધનાનો રાજમહેલ છે અને સંવેદનાની ઝૂંપડી છે.
તને રાજમહેલ પસંદ હોય તો તું ત્યાં પધાર.
ઝૂંપડી ગમે તો ઝૂંપડીમાં આવ.
સાધનામહેલમાં ઝરુખે-ઝરુખે ઝળહળતી જ્ઞાનરોશની છે.
સંવેદનકુટિરમાં ઝાંખો-ઝીણો ટમટમતો
સદ્ભાવનાનો દીવડો છે.
સાધનામહેલમાં તપના મોટા ઝરુખા છે.
સંવેદનકુટિરમાં ત્યાગની નાનકડી બારી છે.
સાધનામહેલમાં ધ્યાનના ગાલિચા બિછાવેલ છે.
સંવેદનકુટિરમાં તો વૈરાગ્યની રંગોળી રચેલ છે.
સાધનામહેલમાં પ્રતિજ્ઞાઓના પડદા ટાંગેલ છે.
સંવેદનકુટિરમાં ભાવનાની મીઠી હવા ઝોલા ખાય છે.
સાધનામહેલના પ્રવેશદ્વારે પ્રબળ પુરુષાર્થના
પગથિયા સજેલા છે.
સંવેદનકુટિરમાં પ્રીતિનું પાવન પ્રવેશદ્વાર સદા ખુલ્લું છે.
સાધનામહેલની નીચે સંકલ્પનો-પ્રણિધાનનો પાયો ખોદેલ છે.
સંવેદનકુટિર તો શ્રદ્ધાની નક્કર ભૂમિ ઉપર ઉભેલી છે.
સાધનામહેલમાં વિધિ-નિયમના વિશાળ ઓરડાઓ છે.
સંવેદનકુટિરમાં તો પ્રાર્થનાની દીવાલ જ સર્વસ્વ છે.

મારા માલિક !

મારી સમજણ મુજબ મેં
મહેલ અને ઝૂંપડી બનાવેલ છે.
આપને જ્યાં આવવું હોય ત્યાં આવો, પધારો.
પરંતુ આવવાનું છે, એ વાત તો નક્કી જ છે.

પધારવા માટે સમર્પણભાવની આમંત્રણપત્રિકા
મેં શરણાગતિના સરનામે મોકલી છે.
તને મળેલ તો છે ને ?
તેં વાંચી કે નહિ ? એની મને ખબર નથી.
પરંતુ તું આવશે જ - એવો મને
તારા ઉપર દૃઢ વિશ્વાસ છે.
આ વિશ્વાસના આધારે જ જીવી રહ્યો છું.
આ વિશ્વાસના લીધે જ પત્રિકા તને લખી રહ્યો છું.
તને આમંત્રણપત્રિકા રોજ મોકલવી એ જ મારો ધરમ.
એમાં મને નથી આવતી કોઈ લાજ કે શરમ.
તારી ભક્તિમાં બન્યો છું હું તો બેશરમ.
દુનિયા ભલે મને સમજે મોટો ચક્રમ.
એ છે દુનિયાનો જ મોટો ભરમ.
હું ભલે થાઉં ગરમ કે નરમ; જેવા મારા કરમ.
તું તો છે સદા ચરમ અને પરમ.
કોણ સમજશે આનો મરમ ?

યાત્રાધામ કે યાતનાધામ !

ઓ રાજરાજેશ્વર !

"તારો મૈત્રીમહેલ કરુણાનદીના કાંઠે છે."
એવા સમાચાર મને ક્યાંકથી હમણાં જ મળ્યા.
દાનના દાદર અને દયાના દરવાજાનો સંદેશ પણ મળેલ છે.
ઉદારતાના પગથિયાથી મઢેલ દાનનો દાદર ચઢી
દયાના દરવાજે હું ક્યારનો સ્મૃતિના ટકોરા માર્યા કરું છું.
છતાં ય તું કોમળતાના કમાડ ખોલતો નથી.
તારી દરબારીઓ સાથેની ગોષ્ઠીના સંવેદનસૂર મને
બહાર સંભળાય છે.
પણ મારા સ્મૃતિના ટકોરા તારા કાને
અથડાતા નથી લાગતા.
બાકી તો તું દરવાજો ખોલ્યા વિના ન રહે,
કેમ કે તું કરુણાસિંધુ છે ને ?
પ્રભુ ! અત્યાર સુધી ઘણી ધીરજ-શાંતિ રાખી.
પણ એનીય સીમા તો હોય ને !
ધીરજના ફળ ભલે મીઠા હોય પણ
ધીરજ તો હવે સ્વયં કડવી લાગે છે.
તારી યાત્રાનું ધામ પણ હવે તો
નર્યું યાતનાધામ જ જણાય છે -
અનુભવાય છે, તારા વિયોગમાં.

ઓ વિશ્વવત્સલ !

ભલે તું બંધ દરવાજો ન ખોલે.
તારા મહેલના દ્વારને ખોલવાની મારી ભાવનામાં તાકાત છે.

તારા દરવાજે મેં જ લગાવેલ સ્વાર્થનું તાળું
સમર્પણભાવની ચાવીથી ખોલીશ.
મારી ભક્તિ જોઈને ખરેખર તું દ્રવી જશે.
મારી પ્રાર્થના સાંભળીને તું મને ભેટી જ પડશે.
મારી વિયોગવ્યથાને જોઈને સાચ્ચે તું ચીસ પાડી ઉઠશે.
મારી સળગતી સંવેદનાનો સ્પર્શ કરી તું સળગી જશે.
મારા ગરમ આંસુઓનો ધોધ ખરેખર તને દઝાડી દેશે.
ઘરબાર છોડી તારા દરબારમાં આવવાની મારી
તીવ્ર તમન્ના જોઈ તને આશ્ચર્ય થશે.
મેં પહેરેલ તારી પ્રતીક્ષાનો બરછટ પહેરવેશ જોઈ
તને વિસ્મય થશે.
પછી જરૂર તમે મને તમારા દરબારમાં છેક
અંદર લઈ જશો, પડખે બેસાડશો.
શરણાગતિ અને સમર્પણ શબ્દનો અર્થ
મને મળ્યા પછી જ તને સમજાશે -
એની મને ખાતરી છે.

પ્રભુ !
મહેલમાંથી પલાયન ના થાવ.
એક વાર પ્રેમથી
દર્શન તો આપો.
હતાશા હડસેલી આશા આપો.
સંતાપને સળગાવીને સાતા તો આપો.
પાપને પલાયન કરીને પાવનતા તો આપો.
કોલસા જેવી કાળાશ હટાવીને કમળની ઉજ્જવળતા આપો.
મસોતા જેવી મલિનતા દૂર કરી માખણ જેવી મુલાયમતા તો આપો

બગલા જેવી બૂરી બદમાશી મારામાંથી કાઢી
તમારી બાદશાહતના દર્શન તો કરાવો.
ક્યારનું ય તને આટલું કહેવા છતાં તું સાંભળતો કેમ નથી ?
કહી કહીને થાકવા છતાં હોંકારો પણ કેમ દેતો નથી ?
આ તારી સોહામણી કહેવાતી સળગતી સતામણી
કે બિહામણી લાગતી રિબામણી ?
કાંઈ ખબર પડતી નથી.
તું સમજાતો નથી.
કોણ જાણે
કેવો
છે
તું ?

હે રહસ્યમય !
તું હોંકારો દઈશ તો હું મારા દુઃખ-દર્દને દૂર
કરવાની વાત તને નથી કરવાનો.
દુઃખદર્દને સમતાથી, પ્રસન્નતાથી હું સહી
શકું તેની જ નમ્ર વિનંતી મારે તને કરવી છે.
બહારના જગતના લાભની માંગણી કરી
તને દુઃખી નથી કરવો.
અંદરના જગતના લાભની પ્રાર્થના કરી
તને મારે ખુશ કરવો છે.
તું ભલે જવાબ ન આપે, પણ વિનંતી સાંભળી લે.
'શરીરમાં દુઃખ ભલે આવે, પરંતુ મનમાં દર્દ ન આવે.'
'દેહમાં વેદના ભલે ઉભરાય, હૃદયમાં વ્યથા ન થાય'
આટલી વિનંતી સાંભળજે ને યોગ્ય લાગે તો સ્વીકારજે.

દરિશન દો ને દયાળ !

હે મનોવાંછિતપૂરણ !

તને ઘણો યાદ કર્યો.

તારી ઘણી વાર પૂજા કરી.

તારી આરાધના અનેક વાર કરી.

તારી ઉપાસનામાં કચાશ નથી રાખી.

તારી આજ્ઞા પણ ઉલ્લાસથી પાળી છે.

તારી ભક્તિમાં આંસુઓ ઘણા વહાવેલ છે.

તારી પ્રાર્થના દીર્ઘ કાળ સુધી એકાગ્રતાથી કરી.

તારી આરતી ઉતારી, ચામર વીંઝી, ધૂપ-દીપ પણ કર્યા.

તારી સ્તુતિ સ્તવન ગાતાં ગાતાં મારું ગળું દુઃખી ગયું.

તારી વંદના કરતાં માથું પણ થાકી ગયું છે, શ્રમિત થયું છે.

તારી કેશરથી પૂજા કરી કરીને મારી આંગળી
પણ, જો ને લાલચોળ થઈ ગઈ છે.

તારી નૃત્યપૂજા કરીને મારા પગ
થાકીને લોથપોથ થઈ ગયેલા છે.

તારી વાજિંત્રપૂજામાં વ્યગ્ર મારા હાથ અને આંગળી
બન્ને હવે થાકેલા છે.

ઊંચી ડોકે અને તરસી આંખે તારી રાહ જોઈને
હવે હું પણ ખરેખર થાક્યો છું.

છતાં તું નથી આવતો કે નથી આવવાનો
અણસાર પણ આપતો.

અત્યાર સુધી મેં કરેલ પૂજા-વંદના-પ્રાર્થના શું બોગસ હતી ?

જો એવું તને લાગતું હોય તો તે બધું છોડી દઉં.

અથવા તને બોલાવવાનો ઉપાય શું છે ?

તે મને બતાવ તો તેને હું અપનાવું.
પણ, આવું તો ક્યાં સુધી ચાલશે ?
રિસામણા, મનામણાની હદ હોય ને !
આટલી જીદ શા માટે ?
એક વાર તો જવાબ દો.
પ્લીઝ !

ઓ લાડલા !
દુઃખને ખલાસ કરવાની કે
દુઃખ લાવનાર કર્મને ખતમ કરવાની
મારે કોઈ પણ માંગણી કે મહેચ્છા નથી.
મારે તો તને પૂછવું છે કે
દુઃખ આવે ભલે પણ દુઃખ લાગે છે કેમ ?
પ્રતિકૂળતા દુઃખ રૂપે લાગે તેવી
મારી બુદ્ધિને તું ખતમ કરજે.
દુઃખ લાવે તેવી દુર્બુદ્ધિ પણ ખલાસ કરજે.
નવા દુઃખનું રીઝર્વેશન કરાવનાર બુદ્ધિને દૂર
કરવાની તને વિનંતી કરું છું તેનું કારણ દુઃખનો ડર નથી.
પણ દુઃખનું એડવાન્સ બુકિંગ કરનાર
દુર્બુદ્ધિ મને તારાથી દૂર લઈ જાય છે.
માટે તેને હટાવવાની વિનવણી કરું છું.
તારાથી દૂર રહેવાપણું મને લેશ પણ મંજૂર નથી.
'દુઃખનું વજન ઘણું છે' એવી ફરીયાદ કે
'દુઃખનો બોજો ઘટાડો' એવી માગણી નથી કરવી.
'દુઃખનો ભાર ભલે હળવો ન થાય પણ મારી પીઠ
તું મજબૂત કરજે, એવી પ્રાર્થના તને કરવી છે.
હવે તો હોંકારો દઈશ ને ?

અને પ્રભુ બોલ્યા

પરમાત્મા :→ વત્સ !

તેં મને યાદ કર્યો, મારી પુષ્કળ પૂજા-પ્રાર્થના-ભક્તિ કરી.
એ બધી વાત સાચી.
પણ આ બધાના મૂળમાં કેન્દ્રસ્થાને હું નહોતો,
બીજું બધું હતું.

હું યાદ કરવા જેવો હતો, માટે તેં મને યાદ નથી કર્યો.
પરંતુ
તને દુ:ખનો ત્રાસ હતો, હું દુ:ખનાશક હતો.
તેથી મને યાદ કર્યો.

હું પૂજવા જેવો હતો. તેથી તેં મારી પૂજા નથી કરી.
પણ
સંપત્તિ તને પૂજવા જેવી લાગી હતી. હું સંપત્તિદાયક હતો.
તેથી મને તેં પૂજ્યો.

હું ઉપાસના કરવા જેવો લાગવાથી
તેં મારી ઉપાસના નથી કરી.
સુખની ઉપાસના તને પ્રિય હતી. હું સુખપૂરક હતો.
તેથી મારી ઉપાસના કરી.

હું આરાધવા જેવો લાગવાથી મારી આરાધના નથી કરી.
સગવડ આરાધવા જેવી તને લાગી.
હું સગવડદાયી હતો. તેથી મારી આરાધના કરી.

હું પ્રાર્થવા જેવો હોવાથી તેં મારી પ્રાર્થના નથી કરી.
પણ

આરોગ્યપ્રેમી એવા તેં, હું આરોગ્યદાયક હોવાથી,
મારી પ્રાર્થના કરી.
હું ભક્તિ કરવા જેવો લાગવાથી તેં મારી ભક્તિ નથી કરી.
પરંતુ
તું બાહ્ય શક્તિનો ભક્ત હતો. હું સર્વ શક્તિનો સર્જક હતો.
માટે તેં મારી ભક્તિ કરી.
હું વંદના કરવા જેવો લાગવાથી તેં મને વંદના નથી કરી.
સૌંદર્ય વાંદવા જેવું તને લાગ્યું. હું સૌંદર્યસમ્રાટ હતો.
તેથી મને વંદના કરી.
મારી સ્તુતિ કરવા જેવી લાગવાથી
તું મારી સ્તુતિ ગાતો નહોતો.
યશ-કીર્તિ તને સ્તુતિ કરવા જેવી લાગી.
હું યશસર્જક હતો. આથી તેં મારી સ્તુતિ ગાઈ.

ધૂપ-દીપ ધરવા જેવી અને ચામર વીંઝવા જેવી
તારે મન તો સત્તા હતી.
હું સત્તાદાયક હોવાથી
તે ધૂપ-દીપ કરી મને ચામર વીંઝી.

તારે મન તો આરતી ઉતારવા જેવો અનુકૂળ પરિવાર હતો.
હું પરિવારને અનુકૂળ બનાવનાર હોવાથી
તેં મારી આરતી ઉતારી.

તારે મન ચાહવા જેવી પત્ની જ હતી.
હું પ્રેમાળ પત્નીને આપનાર લાગવાથી
તું મારો ચાહક બન્યો.
રોગ, ઘડપણ, અપમાન, દરિદ્રતા
વગેરેના ત્રાસના લીધે મારી પાસે તું રડ્યો.

પણ દોષ અને દુર્ગુણના ત્રાસના લીધે
મારી પાસે એકેય આંસુ ન પાડ્યું.
અનુકૂળ આજ્ઞા પાળી,
પ્રતિકૂળ આજ્ઞા ફગાવી.

મારી ભક્તિ, પ્રાર્થના, સંવેદનાના
કેન્દ્રસ્થાનમાં તેં ગોઠવેલ હતા
સુખ, સત્તા, સંપત્તિ, સૌંદર્ય, સગવડ.
કંચન, કામિની, કાયા, કીર્તિ, કુટુંબ.
પૈસા, પરિવાર, પત્ની, પુત્ર, પદ-પ્રતિષ્ઠા.
દુઃખમુક્તિ, દર્દમુક્તિ, દારિદ્રચમુક્તિ.
માન, મોભો, મહત્ત્વાકાંક્ષા, મહેફિલ.
ધમધમતો ઘમંડ, ધીખતો ધંધો ને ધન.
હું જીવનમાં ગોઠવવો જરૂરી લાગ્યો ત્યારે પણ
મને તો છેક પરિઘિના સ્થાને ગોઠવ્યો.
તેથી મારી સ્મૃતિ, ભક્તિ, આરતિ, શરણાગતિથી
અબજો વર્ષ સુધી તને
સુખ મળ્યું, દુઃખ ટળ્યું.
સગવડ મળી, અગવડ ટળી
અનુકૂળતા મળી, પ્રતિકૂળતા ટળી.
પણ હું ન મળ્યો.
કારણ કે હકીકતમાં તારે મને મેળવવો નહોતો.

સુખ, સગવડ, સંપત્તિ માટે પણ તું બીજા સંસારી દેવ-દેવી
પાસે જવાના બદલે મારી પાસે જ આવ્યો.
આ પણ તારી પ્રગતિનું પ્રાથમિક સોપાન જ છે.
કેન્દ્રસ્થાને માત્ર હું, પરિઘિના સ્થાને સુખપ્રાપ્તિ, દુઃખમુક્તિ.

આ છે
આધ્યાત્મિક પ્રગતિનું દ્વિતીય સોપાન = મધ્યમ ભૂમિકા.
કેન્દ્રસ્થાને કેવળ હું,
પરિધિના સ્થાને પણ મારા સિવાય કોઈ નહિ.
આ છે
આધ્યાત્મિક પ્રગતિનું તૃતીય સોપાન = ઉત્કૃષ્ટ ભૂમિકા.

જઘન્ય કક્ષાથી આગળ વધી,
મધ્યમ તબક્કાને ઓળંગી,
ઉત્કૃષ્ટ અવસ્થાને આંબવાનું લક્ષ રાખી
મારી ભક્તિ, પૂજા કર તો અવશ્ય તું મને મળીશ, મેળવીશ.
અંતે તું મારામાં ભળીશ, ઠરીશ. ઓગળીશ.
હું અને તું એકસ્વરૂપ
બનશું.
પછી
તારો-મારો વિયોગ
કદિ નહિ થાય.
પણ પ્રગતિના તૃતીય સોપાનને આંબવાની
તારી તૈયારી ને હિમ્મત છે ને ?

દુ:ખમાં ભક્તિનો શણગાર !

હે આત્મીય !

તારી વાત સાંભળી હું હચમચી ગયો છું.
તારી શરણગતિના મૂળમાં ય પ્રેમ તરીકે તને નહિ
પણ સુખ-સગવડને ગોઠવીને
મેં તારી અવહિલના કરી હોય એવું મને લાગે છે.
અનાજના બદલે ઘાસને વળગવાની ભૂલ કરી.
તું બોલ્યો ત્યારે સત્ય હકીકતનું ભાન થયું.
દુ:ખ જ્યારે તીવ્ર ત્યારે તારી શરણાગતિ તીવ્ર.
દુ:ખની જ્યારે ખોટ ત્યારે તારી ભક્તિમાં ઓટ.
સુખની રેલમછેલ ત્યારે તને દૂરથી જ સલામ.
વેદના ને વ્યથાની વણઝાર,
ત્યારે સજાવું ભક્તિના શણગાર.
વિપત્તિના વાદળમાં ઘેરાઉં ત્યારે જ
ભક્તિનો વરસાદ વરસાવું.
બાકી તરસે મરું.

કેવી છે મારી આ નબળી કડી !
મારી આ નાલાયકી, બેવફાઈ, નફ્ફટાઈને
પ્રભુ ! તું માફ કર..
પણ મારા પ્રભુ !
એક પ્રશ્ન કરું ?
શું મેં ક્યારેય તારી આજ્ઞા પાળી જ નથી ?
સદ્‌ગુરુને ક્યારેય શું પકડ્યા જ નથી ?
સાધર્મિકોનો સત્સંગ શું મેં કદિ કર્યો નથી ?
સાધનામાં સહાયક મને શું મળેલ નથી ?

એકાગ્રતાપૂર્વક આરાધના શું મેં નથી કરી ?
સાધનાની સાધનસામગ્રી સંપૂર્ણતયા
શું મને મળેલ નહતી ?
નિયમિત કાળે શું મેં ઉપાસના નથી કરી ?
શું શાસ્ત્રઅભ્યાસમાં મેં કોઈ કચાશ રાખી છે ?
સાધનાની સારી ગુણવત્તાવાળી સામગ્રી
શું મને નથી મળેલી ?
શું આરાધના-સાધના ઓછી કરી છે ?
સેવા કરવામાં શું હું ઉણો ઉતર્યો ?
પાપના પ્રાયશ્ચિત્ત કરવાના શું હું ભૂલી ગયો હતો ?
તપ કરવામાં શું હું ક્યારેય
ભૂતકાળમાં આગળ નથી વધ્યો ?
તો પછી મારો મોક્ષ હજુ કેમ ન થયો ?
મારા પ્રશ્નોના જવાબ દો. પ્રભુ !



સાધના કરી પણ...

પરમાત્મા :→ વત્સ !

તેં મારી આજ્ઞા ઘણી વાર પાળી. પણ
અહોભાવ ઉપર લક્ષ્ય ન રાખ્યું.
સાધના પણ થોડી-ઘણી કરી. પરંતુ
ભાવના ઉપર ઝોક ન આપ્યો.
સદ્‌ગુરુને પકડ્યા ખરા. છતાં
સમર્પણ ભાવમાં કડાકો બોલાવ્યો.
આરાધનાના ક્ષેત્ર સારાં પસંદ કર્યાં,
ઝળહળતી શ્રદ્ધા પ્રત્યે બેદરકાર બન્યો.
ઉપાસનાના કાળની ચોકસાઈ રાખી,
સદ્‌ભાવની ચીવટ જરાય ન રાખી.
સાધર્મિકોની વચ્ચે ઘણો સમય રહ્યો,
તેમના પ્રત્યે આદરભાવ ન સાચવ્યો.
સાધનામાં સહાયકો પુષ્કળ મળ્યા;
છતાં તેમની કદર ન કરી.
શાસ્ત્રો તો ઘણા વાંચ્યા. પરંતુ
દેદીપ્યમાન વૈરાગ્ય તેં ન કેળવ્યો.
બાહ્ય શક્તિ ઉપર ભાર આપ્યો, વિવેકદૃષ્ટિ ચૂકી ગયો.
સારી સાધન-સામગ્રી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.
તેના સદુપયોગની કાળજી ન કરી શક્યો.
સાધના કરી-કરાવી. પણ નિઃસ્વાર્થભાવે નિરભિમાનતાથી
તેની અનુમોદના ન કરી.
પ્રેરણાથી શરૂ કરેલ ધર્મને પ્રેમમાં, સ્ફુરણામાં,
વ્યસનમાં રૂપાંતરિત ન કર્યો.

આરાધનાની સંખ્યાબળ ઉપર નજર દોડાવી.

આરાધનાની શુદ્ધિ-લક્ષ્યશુદ્ધિ-આત્મશુદ્ધિને

કેન્દ્રમાં ન રાખી.

એકાગ્રતાપૂર્વક આરાધના કરવામાં સફળ રહ્યો.

પરંતુ અહોભાવ-બહુમાનભાવપૂર્વક

આરાધના કરવાનું ભૂલી ગયો.

અવસરે ઉપકારીઓની, મહાપુરુષાની સેવા કરી.

પણ તેના દ્વારા નમ્રતા કેળવવાના બદલે ઘમંડ પોષ્યું.

ઘણીવાર પાપના પ્રાયશ્ચિત્તો પણ તેં કર્યા.

પરંતુ પાપનો પક્ષપાત ન છોડ્યો.

સાપમાં મોતના દર્શન કર્યા પણ

પાપમાં મોતદર્શન નજ કર્યા.

ઉગ્ર તપ પણ ક્યારેક કર્યો. પરંતુ

આહારસંજ્ઞા - દેહાધ્યાસનો ત્યાગ ન કર્યો.

ઘણી આરાધના કરી પણ

આરાધક ભાવ ન કેળવ્યો.

ક્યારેક વિરાધના છોડવી પડી તો છોડી.

પણ વિરાધક ભાવ ન છોડ્યો.

કયારેક લક્ષપૂર્વક સાધના શરૂ કરી, દીક્ષા પણ લીધી.

પરંતુ પાછળથી લક્ષ્ય બદલાઈ ગયું.

આ રીતે આગળ

આવતાં આવતાં

ઘણો પાછળ

પડી

ગયો !

તું એવો ગમી જા કે જગત ન ગમે

ઓ હૃદયશિરતાજ !

સાધનને વળગી સાધ્યની ઉપેક્ષા અને
તેની આડઅસરોને જાણી-પીછાણી.
મારી આ અવળચંડાઈને તું માફ કર.
કરીશ ને ?
તો એક વાત તને મારે કરવી છે.
સાંભળ.

તું મને ગમે છે તો ખરો, પરંતુ સાથે દુનિયા પણ ગમે છે.
હવે તું એવો ગમી જા કે દુનિંયા ના ગમે કદિ ય મને.
તારું રૂપ એવું હૃદયમાં વસી જાય કે
વિજાતીયના રૂપને જોવામાં કંટાળો આવે.
તારા ગુણ એવા રુચિ જાય કે
બીજાના દોષ જોવાની વૃત્તિ કાયમ મરી પરવારે.
તારી સાધના એવી દિલમાં ઠસી જાય કે
મારા જીવનમાંથી વિરાધના સ્મશાન ભેગી થાય.
તારો આરાધકભાવ એવો ગમો કે મારો અનાદિનો
વિરાધકભાવ હવે સ્વયં દેશનિકાલ સ્વીકારે.
તારા તપમાં એવો આનંદ આવે કે પારણામાં કંટાળો આવે.
તારો પ્રમોદભાવ એવો ગમો કે
મારો નિંદાનો બજાર હડતાલ ઉપર ઉતરે.
તારો મૈત્રીભાવ એવો જચી જાવ કે
ધિક્કાર-તિરસ્કારભાવ કદિ જન્મે નહિ.
તારી કરુણા એવી પસંદ પડો કે
કઠોરતા ક્યારેય મને સ્પર્શી ન શકે.

તારી શુચિતામાં એવો મસ્ત બનું કે
વાસનાના કાદવમાં પગ લગાવવાનું મન ન થાય.
તારો ત્યાગ એવો ગમો કે
ભોગસુખમાં મને ત્રાસનો અનુભવ થાય.
તારો વૈરાગ્ય-વીતરાગતા એવી ગમો કે
રાગમાં મન ક્યારેય ઠરે જ નહિ.
તારો પ્રકાશક માર્ગ એવો ફાવી જાય કે
સંસારની અંધારી ગંદી ગલીમાં ભટકવાનું મન ન થાય.
તારી પરાર્થપરાયણતા એવી આત્મસાત્ થાય કે
સ્વાર્થની દુર્ગંધ જરાય ન ગમે.
તારી અંતર્મુખતા-મોક્ષસન્મુખતા એવી ગમો કે
બહિર્મુખતા - સંસારરસિકતા મને અડકી ન શકે.
તારી ક્ષમા-નમ્રતા-સરળતા-નિસ્પૃહતા એવી ગમો કે
ક્રોધ-માન-માયા-લોભમાં મન કદિ અટવાય નહિ.
તારી સમતા મને એવી ગમાડી દે કે
મમતામાં થાકનો અનુભવ થાય.
તારી નિર્વિકલ્પ અવસ્થા એવી ગમાડી દે કે
સંકલ્પ-વિકલ્પનો વાવંટોળ મને ફગાવી ન દે.
તારી મુક્તિ એવી મને જચાવી દે કે
સંસાર કે સંસારી કોઈ ન જચે મને.
તારી ભક્તિ એવી મને ગમાડી દે કે
સંસારમાં કોઈની ખુશામત મને ન ગમે.
તારી ઉપાસના એવી દિલમાં ઠસાવી દે કે
સગવડને સમર્પિત થવામાં કંટાળો આવે.
તારો અપ્રમત્તભાવ એવો મારામાં વસાવી દે કે
પ્રમાદને વશ હું કદિ ન બનું.

તારું શાસન એવું ગમો કે મોહનું શાસન જરાય ન ગમે.
તારું મંદિર એવું ગમો કે કોઈનું ઘર-બંગલો કે દશ્ય ન રુચે.
તારું તારકતત્ત્વ એવું હૃદયમાં વસો કે મારકતત્ત્વ ન જચે.

જો આવું થાય તો ખરા અર્થમાં
તારી કરુણા મને મળી-ફળી એમ ગણીશ.
બાકી તું ગમે અને જગત ગમે.
તારું રૂપ ગમે અને વિજાતીયનું રૂપ પણ ગમે.
તપ ગમે અને ખાવાનું પણ ગમે.
ત્યાગ ગમે અને ભોગસુખ પણ ગમે.
આવી ત્રિશંકુ જેવી હાલતમાં તો
મારો ક્યારેય
મોક્ષ
નહિ થાય.

હે પરમદયાળુ !
મને એક વાત સમજાતી નથી કે
તું ગમે પછી મને જગત કેમ ગમી શકે ?
તારું રૂપ ગમે પછી વિજાતીયનું રૂપ
કેવી રીતે ગમી શકે ?
બગીચો ગમે પછી ગટર
કેવી રીતે પસંદ પડે ?
પ્લીઝ !
મારી આ સમસ્યાનું
સમાધાન
આપ.

બુધ્ધિ હારે, શ્રધ્ધા જીતે

પરમાત્મા :⟶ વત્સ !

તારી રુચિ મારા પ્રત્યે થઈ એનું કારણ
તારી મારા પ્રત્યેની શ્રદ્ધા.
તારી રુચિ જગત પ્રત્યે થાય છે એનું કારણ છે
તારી ચંચળ અશ્રદ્ધાળુ બુદ્ધિ.
તું શ્રદ્ધા અને બુદ્ધિની વચ્ચે ઝુલી રહેલ છે.
તેથી દુનિયા અને મારા પ્રત્યેના
આકર્ષણની દ્વિધામાં અટવાયો છે.
જ્યારે બુદ્ધિના સીમાડા પૂરા થશે ત્યારે જ
પાવન શ્રદ્ધાની મુખ્ય હદમાં તારો પ્રવેશ થશે.
પછી રહેશે માત્ર મારું, મારા માર્ગ પ્રત્યેનું,
મારા ગુણમય સ્વરૂપનું જ અદમ્ય આકર્ષણ
મરી પડશે દુન્યવી આકર્ષણ. પણ
બુદ્ધિની નાગચૂડમાંથી છૂટવા
તેના બિહામણા અંતરંગ સ્વરૂપને ઓળખ.
શ્રદ્ધામાં પ્રવેશવા તેના કલ્યાણકારી
સોહામણા સ્વરૂપને પીછાણ.
બુદ્ધિ અને શ્રદ્ધાની ભેદરેખા
તને સમજાવું છું. સાંભળ.

(૧) બુદ્ધિ બીજાને પ્રભાવિત કરે છે.
શ્રદ્ધા પોતાને ભાવિત કરે છે, તૃપ્ત કરે છે.

(૨) બુદ્ધિ બહારનું પરિવર્તન કરવાને ઈચ્છે છે.
શ્રદ્ધા અંદરનું પરિવર્તન કરવા ઝંખે છે.

(૩) બુદ્ધિને જગતસુધારણામાં જ રસ છે.
શ્રદ્ધાને જાતસુધારણામાં સરસ રસ છે.

(૪) બુદ્ધિ જીવોને તોડવાનું કામ કરી મારી પ્રાપ્તિમાં અંતરાય કરે છે.
શ્રદ્ધા જીવોને જોડી મારા સુધી પહોંચવામાં સહાય કરે છે.

(૫) બુદ્ધિની પેદાશ મગજમાંથી થાય છે.
શ્રદ્ધાની નિપજ હૃદયમાંથી થાય છે.

(૬) બુદ્ધિનું ઉત્પાદન ક્રૂરતા, કઠોરતા, કર્કશતા છે.
શ્રદ્ધાનું સર્જન છે કોમળતા, મુલાયમતા, મૃદુતા.

(૭) બુદ્ધિ એક સુધરેલી (!) વિકૃતિ છે.
શ્રદ્ધા આત્માની સંસ્કૃતિ છે, પ્રકૃતિ છે.

(૮) બુદ્ધિ એ ડામરની સડક છે.
તેમાં વેરેલ ઉપદેશરૂપી બીજ ઊગે નહિ.
શ્રદ્ધા ફળદ્રુપ કાળી માટીનું ખેતર છે.
તેમાં વાવેલ ઉપદેશ-બીજ ઉગ્યા વિના રહે નહિ.

(૯) બુદ્ધિને જીવો ઉપર આક્રમણ કરવાની કાતિલ રુચિ છે.
શ્રદ્ધાને દોષનું પ્રતિક્રમણ કરવામાં નિર્મલ રુચિ છે.

(૧૦) બુદ્ધિ જીવોની હાય લે છે.
શ્રદ્ધા જીવોને 'હાશ' દે છે.

(૧૧) બુદ્ધિને ડોક્ટરની દવામાં વિશ્વાસ છે.
શ્રદ્ધાને જીવોની દુઆમાં વિશ્વાસ છે.

(૧૨) બુદ્ધિના શરણે જનાર બીજાનો પાપમિત્ર બને છે.
શ્રદ્ધાના શરણે જનાર બીજાનો કલ્યાણમિત્ર બને છે.

(૧૩) બુદ્ધિ બાહ્ય પરિસ્થિતિને અનુકૂળ બનાવવા ઝંખે છે.
શ્રદ્ધા પોતાની મનઃસ્થિતિને સુધારવા કટિબદ્ધ છે.

(૧૪) બુદ્ધિ સરળ કાર્યને પકડે છે, અઘરાને છોડે છે.
શ્રદ્ધા સારા કાર્યને પકડે છે, ખરાબને છોડે છે.

(૧૫) બુદ્ધિ બાહ્ય લાભને જુએ છે.
શ્રદ્ધા આંતરિક સ્થાયી લાભોને જુએ છે.

(૧૬) બુદ્ધિ પોતાનું દુઃખ પ્રગટ કરે છે,
કારણ તેને બીજાની સહાનુભૂતિ લેવી ગમે છે.
શ્રદ્ધા બીજાના દુઃખને પ્રગટ કરે છે,
કારણ તેને સહાનુભૂતિ દેવી ગમે છે.

(૧૭) બુદ્ધિ બીજાનું દુઃખ દબાવે છે, છૂપાવે છે,
કારણ તેને સહાનુભૂતિ દેવી ગમતી નથી.
શ્રદ્ધા પોતાનું દુઃખ છૂપાવે છે,
કારણ તેને સહાનુભૂતિ લેવી ગમતી નથી.

(૧૮) બુદ્ધિ પોતાનું સુખ છૂપાવે છે,
કારણ બુદ્ધિ સદા અતૃપ્ત છે.
શ્રદ્ધા પોતાનું સુખ પ્રગટ કરે છે,
કારણ શ્રદ્ધા સદા પરમતૃપ્ત છે.

(૧૯) બુદ્ધિ બીજાના સુખને જોઈને સળગે છે.
શ્રદ્ધા બીજાના સુખને જોઈને રાજી થાય છે.

(૨૦) બુદ્ધિ પોતાની લીટી મોટી કરવાનો નહિ પણ
બીજાની લીટી નાની કરવાનો જ પુરુષાર્થ કરે છે.
શ્રદ્ધા બીજાની લીટી નાની કરવાનો નહિ પણ
પોતાની લીટી મોટી કરવાનો પુરુષાર્થ કરે છે.

(૨૧) બુદ્ધિ પોતાના દોષને છૂપાવી
પોતાના ગુણને પ્રગટ કરે છે.
કારણ કે બુદ્ધિ અહંકારગ્રસ્ત છે.
શ્રદ્ધા બીજાના દોષને છૂપાવી
પોતાના દોષને પ્રગટ કરે છે.
કારણ કે શ્રદ્ધા નમ્રતા-સરળતાની બહેનપણી છે.

(૨૨) બુદ્ધિ બીજાના ગુણને છૂપાવી
બીજાના દોષને જાહેર કરે છે.
કારણ કે બુદ્ધિ દોષનો ઉકરડો ચૂંથવામાં
ભૂંડણની પ્રતિસ્પર્ધી છે.
શ્રદ્ધા પોતાના ગુણને છૂપાવી
બીજાના ગુણને પ્રગટ કરે છે.
કારણ કે ગુણાનુરાગ-ગુણાનુવાદનું શ્રદ્ધાને વ્યસન છે.

(૨૩) બુદ્ધિ બીજાને ઘસવામાં રાજી છે,
ઘસાવામાં છે નારાજ.
શ્રદ્ધાને જાતે ઘસાવાનું પસંદ છે,
બીજાને ઘસવાનું છે નાપસંદ.

(૨૪) બુદ્ધિને બીજાના આંસુ પડાવવામાં રસ છે.
શ્રદ્ધાને બીજાના આંસુ લૂંછવામાં ઉત્સાહ છે.

(૨૫) બુદ્ધિ હમસફર બનવામાં ઉમંગ રાખે છે,
કારણ તેને બીજાના સુખમાં ભાગ પડાવવો ગમે છે.
શ્રદ્ધા હમદર્દી બતાવવા ઉલ્લસિત રહે છે.
કારણ તેને બીજાના દુઃખમાં ભાગ પડાવવો રુચે છે.

(૨૬) બુદ્ધિને લેવામાં રસ છે.
શ્રદ્ધાને આપવામાં રુચિ છે.

(૨૭) સત્ય પોતાના પક્ષે હોય તો બુદ્ધિને ન્યાયમાં રસ છે. કારણ બુદ્ધિને બીજાનો દીવડો ઓલવી પોતાનો દીવડો સળગતો રાખવો છે.
શ્રદ્ધાને સમાધાનમાં રસ છે. બન્ને ઘરમાં દીવડા પેટેલા રહે તેવી શ્રદ્ધાની અભિરુચિ છે.

(૨૮) બુદ્ધિ વક્રતાની બહેનપણી છે.
શ્રદ્ધાની સખી સરળતા છે.

(૨૯) બુદ્ધિ અતૃપ્ત તૃષ્ણાના શરણે જાય છે.
શ્રદ્ધા પરમ તૃપ્તિની શરણાગતિ સ્વીકારે છે.

(૩૦) બુદ્ધિ દુઃખનો સામનો કરવા સજ્જ છે.
શ્રદ્ધા દુઃખને સહર્ષ સ્વીકારવા તૈયાર છે.

(૩૧) બુદ્ધિ ખોટાને છોડી સત્યને પકડવાનો દાવો રાખે છે.
અહિતકારી છોડી શ્રદ્ધા સ્વ-પરને કલ્યાણકારી તત્ત્વને હૃદયથી સ્વીકારે છે.

(૩૨) બુદ્ધિ સમડી જેવી છે.
ઊંચે ઊડવા છતાં નીચે નજર નાંખે છે
શ્રદ્ધા બુલબુલ જેવી છે, ચાતક જેવી છે.
નીચે બેસવા છતાં ઊંચે નજર રાખે છે.

(૩૩) બુદ્ધિ સ્વાર્થકેન્દ્રિત વિકૃત વિચારધારાને વળગે છે.
શ્રદ્ધા પરાર્થકેન્દ્રિત વિમલ વિચારધારાને અપનાવે છે.

(૩૪) બુદ્ધિ હરામનું, અણહકકનું, પારકું, ઉછીનું, ઉધારનું, મફતનું લેવામાં-આંચકવામાં રસ રાખે છે.
શ્રદ્ધા હકકનું પણ છોડવા તત્પર છે.

(૩૫) બુદ્ધિને સંકુચિતતાનું આકર્ષણ છે.
શ્રદ્ધાને ઉદારતાનું આકર્ષણ છે.

(૩૬) બુદ્ધિનું માંગણી તરફ મોઢું છે.
શ્રદ્ધાનું મોઢું લાગણી તરફ છે.

(૩૭) બુદ્ધિ તૂટવા તૈયાર છે, ઝુકવા નહિ,
અતૂટ શ્રદ્ધા ઝૂકવા રાજી છે.

(૩૮) બુદ્ધિ હક્ક ભોગવવાનું વલણ ધરાવે છે.
શ્રદ્ધા ફરજ બજાવવા બદ્ધકક્ષ છે.

(૩૯) બુદ્ધિ જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી મળે છે.
શ્રદ્ધા મોહનીય કર્મના હ્રાસથી મળે છે.

(૪૦) બુદ્ધિ પ્રદર્શનની ચીજ બની શકે છે.
શ્રદ્ધા માત્ર અનુભવગમ્ય છે.

(૪૧) બુદ્ધિ પરમેનન્ટ સુખને ઝંખવા છતાં
ટેમ્પરરી જ મેળવે છે.
ટેમ્પરરી ચીજથી ચલાવવાની વૃત્તિ હોવા છતાં
શ્રદ્ધા પરમેન્ટ સુખ મેળવે જ છે.

(૪૨) બુદ્ધિ માઈલસ્ટોનને મંઝીલ માની અટકે છે.
શ્રદ્ધા માઈલસ્ટોન ઓળંગી મોક્ષની મંઝીલ મેળવે છે.

(૪૩) બુદ્ધિના નકશા ઉપર ચાલનાર
મને કોઈ મેળવી શકતું નથી.
શ્રદ્ધાની કેડીએ ચાલનાર
મને મેળવ્યા વિના રહેતો નથી.

(૪૪) બુદ્ધિ શંકાશીલ છે.
શ્રદ્ધા આત્મવિશ્વાસનો બુલંદ રણકાર પ્રગટાવે છે.

(૪૫) બુદ્ધિ પ્રયોગશાળા રચે છે;
કારણ તેને અખતરા ને ખતરા સાથે રમવું છે.
શ્રદ્ધા મંદિરનું નિર્માણ કરે છે,
કારણ તેને મારી સાથે રમવું છે.

(૪૬) બુદ્ધિના શરણે જનાર કદાચ
વૈજ્ઞાનિક બની શકે, ધર્મી નહિ,
શ્રદ્ધાને શરણે જનાર તો સ્વયં પરમાત્મા બને છે.

(૪૭) બુદ્ધિ મંદિરમાં મારી પ્રતિમાના દર્શન કરે છે.
શ્રદ્ધા મંદિરમાં સાક્ષાત્ મારા જ દર્શન કરે છે.

(૪૮) બુદ્ધિ રૂપાળી વેશ્યા જેવી છે, સત્તા, સંપત્તિ,
સૌંદર્ય, સુખ, સગવડ... બધાને પકડે છે.
શ્રદ્ધા રાજરાજેશ્વરની અખંડ સૌભાગ્યવતી
સુશીલ મહારાણી છે.
મારા સિવાય કોઈના ચરણે - શરણે જવાનું
શ્રદ્ધાને નાપસંદ છે.

(૪૯) બુદ્ધિ સ્વતંત્ર મિજાજની સ્વચ્છંદી છે, આપખુદી છે.
શ્રદ્ધા તો કહ્યાગરી છે.

(૫૦) બુદ્ધિના પ્રયત્ન કર્મને સુધારવાના છે.
શ્રદ્ધાનો પ્રયાસ કષાયને સુધારવાનો છે.

(૫૧) દેખતી આંખે બુદ્ધિ બેભાન છે, અંધ છે.
અંધ લાગવા છતાં શ્રદ્ધા સભાન છે.

(૫૨) અહં, અધીરાશ, આવેશ, આવેગ
બુદ્ધિને પરણેલા છે.
સમજણભરેલ ઠરેલ ડહાપણને શ્રદ્ધા વરેલ છે.

(૫૩) બુદ્ધિ સુધરેલ લાગવા છતાં ગાંડી છે.
શ્રદ્ધા ગાંડી લાગવા છતાં ડાહી છે, સમજુ છે.

(૫૪) બુદ્ધિ પોતાની ભૂલમાં ય બીજાને જવાબદાર ગણાવે છે.
શ્રદ્ધા બીજાની ભૂલમાં ય પોતાને જવાબદાર ઠરાવે છે.

(૫૫) બુદ્ધિ પરોપકારમાં પણ સ્વાર્થ શોધે છે.
શ્રદ્ધા સ્વાર્થમાં ય પરોપકાર સાધવાનું વલણ દાખવે છે.

(૫૬) બુદ્ધિ કદાચ વધે છે. છતાં વિકાસ પામતી નથી;
વિનાશમાર્ગે દોડે છે.
શ્રદ્ધા બહારથી ન વધવા છતાં
અવશ્ય વિરાટ વિકાસ સાધે છે.

(૫૭) બુદ્ધિ અણુ તોડી ઉર્જા પેદા કરી શકે છે.
શ્રદ્ધા નિગોદના જીવને નિર્વાણ સુધી જોડવાની
ચેતનવંતી ઉષ્મા નિર્માણ કરે છે.

(૫૮) બુદ્ધિની આધારશીલા પરિવર્તનશીલતા છે.
શ્રદ્ધાનો નક્કર પાયો સ્થિરતા-ધીરતા છે.

(૫૯) શ્રદ્ધાહીન બુદ્ધિ દેખતી હોવા છતાં ઉન્માર્ગગામી છે.
બુદ્ધિહીન લાગતી શ્રદ્ધા અંધ હોય તો પણ માર્ગગામી છે

(૬૦) ઘણી ગતિ કરવા છતાં બુદ્ધિ પ્રગતિશૂન્ય છે,
ભમરડાની જેમ.
શ્રદ્ધા ઊર્ધ્વગામી પ્રગતિશીલ ગતિને
આત્મસાત્ કરે છે.

(૬૧) બુદ્ધિ એક જાતનો માનસિક ભાર-બોજ છે.
શ્રદ્ધા ભારવિહીન હળવાશ છે.

(૬૨) બુદ્ધિ ગંધાતા ખાબોચીયા જેવી ગંદી છે.
શ્રદ્ધા વહેતી ગંગા નદી જેવી પાવન છે.

(૬૩) બુદ્ધિ કૃતઘ્નતાની બહેન છે.
શ્રદ્ધા કૃતજ્ઞતાની બેન છે

(૬૪) બુદ્ધિ કઠોર ને નઠોર છે.
શ્રદ્ધા સંવેદનશીલ હોવાથી કોમળ છે.

(૬૫) મારી વાતમાં બુદ્ધિ How & Why કરે છે.
શ્રદ્ધા કહે છે O.K. All Right. Don't Worry. Thanks.

(૬૬) બુદ્ધિ બીજાને ભૂલની સજા કરી
પોતાની જાતને મલિન કરે છે.
શ્રદ્ધા બીજાની ભૂલ માફ કરી
પોતાની જાતને સાફ કરે છે.

(૬૭) બુદ્ધિ વિરાટ છતાં વામણી - બિહામણી છે.
શ્રદ્ધા નાની હોવા છતાં નમણી - સોહામણી છે,
અમૂલ્ય છે.

(૬૮) બુદ્ધિ પાસે સ્થૂલ શક્તિ છે.
શ્રદ્ધા પાસે સૂક્ષ્મ શક્તિ છે.

(૬૯) બુદ્ધિને સીમિત હદ છે.
શ્રદ્ધા અસીમ છે, બેહદ છે.

(૭૦) બુદ્ધિ એ બંધન તરફની દોટ છે.
શ્રદ્ધા એ મુક્તિ તરફનું વિરાટ ઉડ્ડયન છે.

(૭૧) શંકા અને સક્રિયતાની બે વિશાળ પાંખ હોવા છતાં
બુદ્ધિ શાહમૃગની જેમ અદ્દશ્ય જગતમાં બહુ ઉડવા

માટે અસમર્થ છે.
જ્ઞાન અને ચારિત્રની બે પાંખ દ્વારા શ્રદ્ધા હંસની જેમ અદૃશ્ય જગતમાં સરળતાથી ઉડે છે.

(૭૨) બુદ્ધિ વિનાશી છે.
અખંડ શ્રદ્ધા અવિનાશી રહેવાને સર્જાયેલ છે.

(૭૩) બુદ્ધિનું આપઘાતી વલણ છે.
શ્રદ્ધા અમરજીવનની સન્મુખ વલણ ધરાવે છે.

(૭૪) બુદ્ધિ તો કર્મની જેલમાં બંદી છે.
શ્રદ્ધા મુક્તિ-મહેલની યાત્રા કરનાર મહાયાત્રી છે.

(૭૫) બુદ્ધિ ઉકરડાની ઈયળ તુલ્ય છે.
શ્રદ્ધા તો સદ્ગુણથી મહેંકતા ઉપવનનું મનોહર ગુલાબ છે.

(૭૬) બુદ્ધિ બાહ્ય પદાર્થથી પોતાની જાતને પૂર્ણ માને છે.
શ્રદ્ધા આંતરિક નિર્મલ પરિણતિ દ્વારા પોતાને પરિપૂર્ણ બનાવે છે.

(૭૭) બુદ્ધિ પદાર્થને સાચવવાની મહેનત કરે છે.
શ્રદ્ધા પાવન પરિણતિની માવજત કરે છે.

(૭૮) બુદ્ધિ પોતાના સુખને કેન્દ્રસ્થાને ગોઠવે છે.
શ્રદ્ધા બીજાનાં સુખને કેન્દ્રસ્થાને રાખે છે.

(૭૯) બુદ્ધિ જખમ પેદા કરી મીઠું ભભરાવે છે.
શ્રદ્ધા મલમ લગાડ્યા વિના રહેતી નથી.

(૮૦) બુદ્ધિને Knowledge અને Information માં રસ છે.
શ્રદ્ધાને Understanding અને Wisdom માં રુચિ છે.

(૮૧) બુદ્ધિ પેટવિદ્યા અને પૈસાવિદ્યાથી ખુશ થાય છે.
શ્રદ્ધા પરલોકવિદ્યા અને પરમાત્મવિદ્યાથી તૃપ્ત થાય છે.

(૮૨) બુદ્ધિને શોધમાં મમત્વ છે.
શ્રદ્ધાને બોધમાં રુચિ છે.

(૮૩) બુદ્ધિ આડંબરને આવકારે છે.
શ્રદ્ધાને સાદાઈનું આગવું સૌંદર્ય ગમે છે.

(૮૪) બુદ્ધિ દુઃખને છોડી સુખને પકડે છે.
શ્રદ્ધા પાપને છોડી પુણ્યને પકડે છે.
એથી આગળ વધી.
દોષને છોડી સદ્ગુણને શોધે છે.

(૮૫) ધર્મ કરવો પડે તો પણ બુદ્ધિ સગવડને શોધે છે.
શ્રદ્ધા કોઈ પણ ક્ષેત્રે અગવડ વેઠીને પણ
ધર્મપરિણતિ ટકાવે છે.

(૮૬) બુદ્ધિ કરવા પડતા ધર્મને આચરણના સ્તરે કરે છે,
પાપને અંતકરણના સ્તરે કરે છે.
શ્રદ્ધા કરવા પડતા પાપને માત્ર
આચરણના સ્તરે જ ગોઠવે છે.
ધર્મને અંતઃકરણના સ્તરે સદા પ્રતિષ્ઠિત કરે છે.

(૮૭) બુદ્ધિ દુઃખની સામે ઝઘડો કરે છે.
શ્રદ્ધા દોષની સામે ઝઘડો કરે છે.

(૮૮) બુદ્ધિ પૈસા માંગે છે.
શ્રદ્ધાને પૈસા વગરના જીવનમાં રસ છે.

(૮૯) આંખનો અંધાપો બુદ્ધિને ખૂંચે છે.
આંખનો વિકાર શ્રદ્ધાને ડંખે છે.

(૯૦) તાવની ગરમી હટાવવા બુદ્ધિ પ્રયત્નશીલ છે.
મગજની ગરમી દૂર કરવા શ્રદ્ધા સક્રિય છે.

(૯૧) બુદ્ધિ મોટા નિમિત્તથી પણ માંડ માંડ ચેતે.
શ્રદ્ધા નાનકડા નિમિત્તથી પણ ચેત્યા વિના ન રહે.

(૯૨) બુદ્ધિ હોળીને દીવાળી માને છે.
શ્રદ્ધા હોળીનું દીવાળીમાં રૂપાંતરણ કરે છે.

(૯૩) બુદ્ધિ બહારથી પોતાને સાફ કરવામાં રાજી છે.
શ્રદ્ધા અંતઃકરણથી બીજાને માફ કરવામાં ખુંશી છે.

(૯૪) બુદ્ધિ કહે છે 'આવતી કાલે સુખ મળશે.'
પ્રતિકૂળ સ્થિતિમાં પણ શ્રદ્ધા કહે છે
'અત્યારે જ સુખ વિદ્યમાન છે.'

(૯૫) બુદ્ધિ બહુ બહુ તો વાણી, વર્તનને
સુધારીને સંતુષ્ટ થાય છે.
શ્રદ્ધા પોતાની જાતને સુધાર્યા વિના સંતુષ્ટ થતી નથી.

(૯૬) બુદ્ધિ બાહ્ય આરાધનાથી તૃપ્ત થાય છે.
શ્રદ્ધા આંતરિક આરાધકભાવને પ્રગટાવે છે.

(૯૭) બુદ્ધિ સાપમાં મોતદર્શન કરે છે.
શ્રદ્ધા પાપમાં મોતદર્શન કરે છે.

(૯૮) બુદ્ધિનું ચાલકબળ બાહ્ય લાભ છે.
શ્રદ્ધાનું ચાલકબળ આંતર ગુણલાભ છે.

(૯૯) બુદ્ધિ સુખની અલ્પતાથી વ્યથિત થાય છે.
શ્રદ્ધા સદ્‌ગુણની અલ્પતાથી બેચેન બને છે.

(૧૦૦) 'મારું તે સારું' આ સમીકરણ બુદ્ધિનું છે.
'સારું તે મારું' આ સમીકરણ ઠરેલ શ્રદ્ધાને વરેલ છે.

(૧૦૧) બુદ્ધિને સંસાર સુધારવામાં રસ છે.
શ્રદ્ધાને સંસાર છોડવામાં રસ છે.

(૧૦૨) બુદ્ધિ સદા પુણ્યના ઉદયને ઈચ્છે છે.
પ્રારંભમાં શ્રદ્ધા પુણ્યના બંધને ઈચ્છે છે.
આગળ વધી કેવળ કર્મનિર્જરાને ઈચ્છે છે.

(૧૦૩) ધર્મપ્રવૃત્તિ કરતી વખતે પણ બુદ્ધિનો પ્રયત્ન હલકા નિંમિત્ત ને શોધવાનો છે.
પાપ કરતી વખતે પણ શ્રદ્ધા
સારા નિમિત્તને શોધે છે.

(૧૦૪) પ્રતિકૂળ સંયોગમાં પણ સંસારને છોડવા
બુદ્ધિ તૈયાર નથી
અનુકૂળ સંયોગમાં પણ શ્રદ્ધા સંસાર છોડવા રાજી છે.

(૧૦૫) બુદ્ધિને બહુ બહુ તો પ્રભુની પ્રતિમા-આંગી ગમે છે.
શ્રદ્ધાને પ્રભુની આજ્ઞા પણ ગમે છે.

(૧૦૬) બુદ્ધિ પાપના સ્પીડ બ્રેકરને તોડે છે.
શ્રદ્ધા ધર્મના સ્પીડ બ્રેકરને તોડે છે.

(૧૦૭) કટુ અનુભવની લાત ખાધા પછી પણ
બુદ્ધિ સુધરતી નથી.
અનુભવજ્ઞાનીના સૂચન માત્રથી
શ્રદ્ધા સુધરવા તૈયાર છે.

(૧૦૮) બુદ્ધિને પોતાના અંતરાય ટાળવામાં રસ છે.
શ્રદ્ધાને બીજાના અંતરાય ટાળવામાં રસ છે.

(૧૦૯) બુદ્ધિ પરદોષદર્શન કરીને
બીજા પ્રત્યે દુર્ભાવ પેદા કરે છે.
શ્રદ્ધા પરગુણદર્શન કરીને
બીજા પ્રત્યે પ્રમોદભાવ પ્રગટાવે છે.

(૧૧૦) બુદ્ધિ સ્વગુણદર્શન કરીને અહંકાર પેદા કરે છે.
શ્રદ્ધા સ્વદોષદર્શન કરીને નમ્રતા આત્મસાત્ કરે છે.

(૧૧૧) ધર્મક્ષેત્રે બુદ્ધિ પ્રવૃત્તિને જુએ છે.
ધર્મક્ષેત્રે શ્રદ્ધા પરિણામલક્ષી છે.

(૧૧૨) બુદ્ધિને પારણામાં રુચિ છે.
શ્રદ્ધાને તપ-સાધનામાં રુચિ છે.

(૧૧૩) બુદ્ધિ મારી કરુણાને સુખ-દુઃખના આધારે માપે છે.
શ્રદ્ધા મારી કરુણાને ગુણ-દોષના આધારે માપે છે.

(૧૧૪) બુદ્ધિને 'અહં' નો પ્રેમ છે.
શ્રદ્ધાને 'અર્હં' નો પ્રેમ છે.

(૧૧૫) અપવાદને સાંભળતાં બુદ્ધિને ગલગલીયાં થાય છે.
સામાન્યતઃ શ્રદ્ધાને ઉત્સર્ગના આચરણમાં
વિશેષ રુચિ છે.

(૧૧૬) બુદ્ધિ કેવળ સાધ્યની વાત કરીને
સાધનામાં આળસુ બને છે.
શ્રદ્ધા સાધ્યનું લક્ષ કેળવી
સાધનામાં વિશેષ ઉલ્લાસ કેળવે છે.

(૧૧૭) વાણી અને વિચારમાં બુદ્ધિ ઘણો ભેદ ધરાવે છે.
શ્રદ્ધા તો વાણી-વિચારના ભેદને નામશેષ કરે છે.

(૧૧૮) બુદ્ધિ ધર્મને આવતીકાલ ઉપર રાખી
આજે મજેથી પાપ કરે છે.
શ્રદ્ધા કરવા પડતા પાપને પણ આવતી કાલ ઉપર
ઠેલી આજે મસ્તીથી ધર્મ કરે છે.

(૧૧૯) અધમ બુદ્ધિ સાથે ચિક્કાર પુણ્ય હોય તેવું બને.
પણ સદ્‌ગુણ ન હોય.
ઉત્તમ શ્રદ્ધા સાથે પુણ્ય ન હોય તેવું બને.
પણ સદ્‌ગુણ પુષ્કળ હોય.

(૧૨૦) બુદ્ધિ સાધના સમયે સમર્પણમાં ધબડકો બોલાવે છે.
તનતોડ સાધના ને મનમોડ સમર્પણ ભાવમાં
શ્રદ્ધા કચાસ નથી રાખતી.

(૧૨૧) બુદ્ધિને પાપ પ્રવૃત્તિમાં સંતોષ ન હોય,
ધર્મપ્રવૃત્તિમાં સંતોષ હોય.
શ્રદ્ધાને ધર્મપ્રવૃત્તિમાં સંતોષ ન હોય,
પાપપ્રવૃત્તિમાં સંતોષ હોય.

(૧૨૨) બુદ્ધિ મારામાં પણ દોષ શોધે છે.
શ્રદ્ધા દુષ્ટ વ્યક્તિમાં પણ ગુણ શોધે છે.

(૧૨૩) બુદ્ધિ પુણ્યહીન પ્રત્યે ધિક્કાર રાખે છે.
શ્રદ્ધા ગુણહીન પ્રત્યે પણ કરુણા દાખવે છે.

(૧૨૪) સાધના કર્યા વિના બુદ્ધિ સાધ્યને માંગે છે.
તનતોડ સાધના કરીને શ્રદ્ધા
સાધ્યપ્રાપ્તિની પ્રાર્થના કરે છે.

(૧૨૫) બુદ્ધિ પાપનો ઉદય ન થાય તેની સાવધાની રાખે છે.
શ્રદ્ધા પાપનો બંધ ન થાય તેની તકેદારી રાખે છે.

(૧૨૬) બહુ બહુ તો બુદ્ધિ સ્થૂલ ધર્મપ્રવૃત્તિમાં જ કેવલ
રુચિ રાખે છે.
શ્રદ્ધા સૂક્ષ્મ-શુદ્ધ ધર્મપરિણતિને આત્મસાત્ કર્યા
વિના અટકતી નથી.

(૧૨૭) બુદ્ધિ પોતાના પરિણામ બગાડીને પણ પ્રવૃત્તિની
સફળતાને ઈચ્છે છે.
શ્રદ્ધા કોઈ પણ સંયોગમાં પોતાના પરિણામને
બગડવા દેતી નથી.

(૧૨૮) બુદ્ધિને શરીરના નિરીક્ષણમાં અભિલાષા છે.
શ્રદ્ધાને આત્માના સંશોધનની ઝંખના છે.

(૧૨૯) ધર્મક્ષેત્રે બુદ્ધિ કેવળ પુરુષાર્થ કરાવે છે.
પુરુષાર્થની સફળતા, સર્વાંગ સુંદરતા
શ્રદ્ધાને આભારી છે.

(૧૩૦) બુદ્ધિ કર્મસત્તાની આજ્ઞા માને છે.
શ્રદ્ધા ધર્મ મહાસત્તાની આજ્ઞાને શિરોમાન્ય કરે છે.

(૧૩૧) બુદ્ધિ ઉપકરણને અધિકરણ બનાવે છે.
શ્રદ્ધા અધિકરણને પણ ઉપકરણમાં ફેરવવા
પ્રયત્નશીલ છે.

(૧૩૨) બુદ્ધિને બહુ બહુ તો ઉપકરણની સજાવટમાં રસ છે.
શ્રદ્ધા અંતઃકરણની નિર્મલતામાં અભીપ્સા ધરાવે છે.

(૧૩૩) કાયાથી પાપની પ્રવૃત્તિ, વાણીથી પાપપ્રશંસા,
મનથી પાપપક્ષપાત બુદ્ધિને વળગેલ છે.
કાયાથી ધર્મપ્રવૃત્તિ, વાણીથી ધર્મપ્રશંસા,
મનથી ધર્મપક્ષપાત શ્રદ્ધાને વરેલ છે.

(૧૩૪) પદાર્થોને સાચવવા બુદ્ધિ ઉજાગરા કરે છે.
પરિણામને સાચવવા શ્રદ્ધા આત્મજાગરણ કરે છે.

(૧૩૫) બુદ્ધિની દોડધામથી પાપની આબાદી અને
પુણ્યની બરબાદી થાય છે.
શ્રદ્ધાના પ્રયત્નથી પુણ્યની આબાદી અને
પાપની બરબાદી થાય છે.

(૧૩૬) શક્તિનું અતિક્રમણ કરીને પણ
બુદ્ધિ પાપમાર્ગે દોડે છે.
શક્તિનું અતિક્રમણ કરીને પણ
શ્રદ્ધા ધર્મમાર્ગે આગળ વધવા ઉત્સાહી છે.

(૧૩૭) બુદ્ધિ યથાશક્તિ નહિ પણ યથારુચિ ધર્મ કરે છે.
શ્રદ્ધા યથારુચિ નહિ પણ અરુચિથી કરવા પડતાં
પાપ કરે છે.

(૧૩૮) બુદ્ધિ કહે છે 'શક્તિમાં સમ્રાટ થવાનું બીજ છે.'
શ્રદ્ધા કહે છે 'ભક્તિમાં ભગવાન થવાનું બીજ છે.'

(૧૩૯) દોષિત વ્યક્તિનો તિરસ્કાર કરી
બુદ્ધિ દોષને સ્વજીવનમાં મજેથી આવકારે છે.
દોષિત પ્રત્યે કરુણા રાખી
શ્રદ્ધા દોષને લાલ નજરે જુએ છે.

(૧૪૦) બુદ્ધિ પાપને બાંધવામાં બહાદૂર છે.
પણ પાપફળ ભોગવવામાં કાયર છે.
શ્રદ્ધા પાપને બાંધવામાં કાયર છે.
પણ પાપના ફળને ભોગવવામાં બહાદૂર છે.

(૧૪૧) પ્રતિકૂળ સંયોગમાં બુદ્ધિ પ્રાયઃ તૂટી પડે છે.
પ્રતિકૂળ સંયોગમાં શ્રદ્ધા વધુ ઝળહળે છે.

(૧૪૨) બીજાને ઉપદેશ દેવામાં બુદ્ધિને રસ છે.
સંતનો ઉપદેશ આચરવામાં શ્રદ્ધાને રસ છે.

(૧૪૩) બુદ્ધિ મારામાં પણ દોષના દર્શન કરે છે.
શ્રદ્ધા છદ્મસ્થ ગુરુમાં પણ મારા દર્શન કરે છે.

(૧૪૪) બુદ્ધિને 'શું બોલે છે ?' તેમાં રસ છે.
શ્રદ્ધાને 'કોણ બોલે છે ?' તેની સાથે નિસ્બત છે.

(૧૪૫) બુદ્ધિ બીજાના સારા સમાચારમાં શંકા કરે છે;
નબળી વાત સહર્ષ સ્વીકારે છે.
શ્રદ્ધાને બીજાની નબળી વાતમાં શંકા પડે છે;
સારી વાત તે સહર્ષ સ્વીકારે છે.

(૧૪૬) બુદ્ધિ બીજાના દોષની ગટરના ઢાંકણ ખોલે છે.
શ્રદ્ધા બીજાના દોષની ગટરના ઢાંકણ બંધ કરે છે.

(૧૪૭) બુદ્ધિ બીજાની સારી વાતની રજુઆત નબળી કરે છે.
શ્રદ્ધા બીજાની સારી વાતની રજુઆત જોરદાર કરે છે.

(૧૪૮) બુદ્ધિ બીજાની નબળી વાતની રજુઆત જોરદાર કરે છે.
શ્રદ્ધાને બીજાની નબળી વાતની રજુઆતમાં કોઈ જ
રસ નથી.

(૧૪૯) તીક્ષ્ણ બુદ્ધિ સોનાના વરખ લગાડેલ કોલસા જેવી છે,
પરિચય થાય કે અંદરની કાળાશ
પ્રગટ થયા વિના ન રહે.
ઝળહળતી શ્રદ્ધા એ તેજસ્વી સોનાની લગડી જેવી
તેજસ્વી, નક્કર અને ગુણિયલ છે.

(૧૫૦) બુદ્ધિને સામગ્રીના સંગ્રહલક્ષી જીવનમાં રસ છે.
શ્રદ્ધાને સામગ્રીના સદુપયોગમય જીવનયાત્રામાં અભિરુચિ છે.

(૧૫૧) બુદ્ધિ શરીરની ફરિયાદ કરે છે.
શ્રદ્ધા આત્માની ફરિયાદ કરે છે.

(૧૫૨) બુદ્ધિ પદાર્થને સાચવવાની મથામણમાં જીવને આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં તાણી જાય છે.
શ્રદ્ધા પરિણતિને સાચવી ધર્મધ્યાનમય બનાવી શુક્લધ્યાન તરફ જીવને આગળ વધારે છે.

(૧૫૩) બુદ્ધિ દુઃખભીતિથી ધર્મને કરે છે.
શ્રદ્ધા પ્રભુપ્રીતિથી ધર્મને માણે છે.

(૧૫૪) બુદ્ધિ અંદરનું ગુમાવી બહારનું મેળવે છે.
શ્રદ્ધા બહારનું છોડી અંદરનું અઢળક મેળવે છે.

(૧૫૫) બુદ્ધિને બહિર્યાત્રાનો પરિચય છે.
શ્રદ્ધાને અન્તર્યાત્રાની અભિરુચિ છે.

(૧૫૬) બુદ્ધિ બાહ્ય આચારને તપાસે છે.
શ્રદ્ધા અંતઃકરણનું સંશોધન કરે છે.

(૧૫૭) બુદ્ધિ ગુણને પરાયા માની દોષને વહાલ કરે છે.
શ્રદ્ધા દોષને પરાયા માની ગુણને વહાલ કરે છે.

બુદ્ધિ અને શ્રદ્ધાની વચ્ચે રહેલું આ આકાશ-પાતાળનું
અંતર સમજી, શ્રદ્ધાને સ્વીકારી, બુદ્ધિને ફગાવી જે મને
મળવા-મેળવવા પ્રયત્ન કરે છે
તેને જગત ક્યારેય ખેંચી શકતું નથી.
તે મારો મટીને જગતનો ક્યારેય બની શકતો નથી.

મારા ગુણાત્મક સ્વરૂપને ઝંખતો
તે દુનિયાને સ્વપ્નમાં પણ ઝંખતો નથી.
મને છોડીને કોઈના રૂપનો તે ચાહક બની શકતો નથી.
જગતના બહુરૂપી લલચામણા સ્વરૂપમાં અટવાયા
વિના તે મારા એકરૂપમાં - અભિન્ન સ્વરૂપમાં જ
અંતે શાશ્વત વિશ્રાન્તિ - તૃપ્તિ પામે છે,
મુક્તિ મેળવે છે.

પરંતુ વત્સ !
તને બુદ્ધિની સંપૂર્ણ બાદબાકી,
તર્કનું નામશેષકરણ,
દલીલની કાયમી વિદાય,
શંકાની સ્મશાનયાત્રા
પસંદ પડશે ને ?

તો જ ખરા અર્થમાં
નીત નવી ભક્તિની મહેફિલને તું માણી શકીશ.
હાર્દિક ભક્તિને અનુભવવામાં
બુદ્ધિ એ મોટો અંતરાય છે,
પોલાદી દીવાલ છે.

પસ્તાવા પછીનો પ્રશ્ન

હે સર્વવેદી !

તારી વાત સાંભળીને આભો બની ગયો છું.
કેવળ શ્રદ્ધાગમ્ય તારા સાક્ષાત્કારને બુદ્ધિગમ્ય
માનવાની મારી પોકળ દલીલ
બદલ મને પારાવાર પસ્તાવો થાય છે.
શ્રદ્ધાના પ્રકાશને બુઝાવી શંકાની અંધારી ગલીમાં
હું ઘણું ભટક્યો.
સમર્પણ ભાવના શિખરને છોડી
દલીલની ખાઈમાં હું જાતે જ પટકાયો.
શરણાગતિના સુગંધી ઉપવનના બદલે
તકલાદી તર્કના ગંદા ઉકરડામાં જ આથડ્યો.
ભક્તિના ભગવા ભેખને ભેટ્યા પછી પણ
આત્મવિલોપન કરી ન શક્યો.
પ્રાર્થનાનો પાવન પાવક પ્રગટાવ્યા પછી ય
ઈચ્છા-બલિદાનમાં કાચો પડ્યો.
સંવેદનસાગરમાં ડૂબકી માર્યા પછી પણ
મોંઘી મહત્ત્વાકાંક્ષાની કુરબાની દઈ ન શક્યો.
શરીરને તારી સેવામાં લગાવ્યા પછી પણ
મલિન મનને ન્યોચ્છાવર કરી ન શક્યો.
જીભને તારી સ્તુતિમાં જોડ્યા પછી પણ
જીવનમાં તારી સ્તુતિને વણી નહિ.
બુદ્ધિના કેફમાં અને તર્કના નશામાં મુસ્તાક
બનીને ઘણું બધું હું
ગુમાવી બેઠો.

ખરેખર,
મારી ભૂલ છે જ.
હું કબુલ કરું છું.
પણ મારા નાથ !
તને એક પ્રશ્ન કરું ?
મારા જીભમાં વળગેલી તારા નામની લગની,
મારી આંખમાં વસતી તારી પ્રેમાળ આકૃતિ,
મારા હાથને ગમતી તારી રૂડી રૂપાળી કાયા,
મારા હૃદયને વહાલું લાગતું તારું ગુણાત્મક સ્વરૂપ,
મને પસંદ પડતો તારો ભવ્યાતિભવ્ય દરબાર.
આ બધું તો પોકળ નથી ને ?
તારા નામ, આકાર
વગેરેની રુચિ
નકલી તો
નથી ને ?
તારા પ્રત્યેની મારી રૂચિ મને તો અસલ જ લાગે છે.
મારી આ માન્યતા બોગસ તો નથી ને ?
હે સર્વવેત્તા !
મારા આ પ્રશ્નનો જવાબ આપવાની
કૃપા કરો.

....તો નામસ્મરણ સાચું.

પરમાત્મા :⟶ વત્સ !

તારો પ્રશ્ન જાણ્યો.
જવાબ અતિસરળ છે.
ઉકરડો ગમે ત્યાં સુધી બગીચાની ચાહના સાચી ન કહેવાય.
અંધકાર રુચે ત્યાં સુધી પ્રકાશનો પ્રેમ પોકળ જ ગણાય.
ગટર આનંદદાયક લાગે ત્યાં સુધી ગંગાયાત્રા નકલી મનાય.
વિષ્ટા આરોગવામાં મસ્તી આવે તો
મીઠાઈ ખાવાની મજા બોગસ જ હોય.
ભૂંડની દોસ્તી જેને જામે તેની
હંસ સાથેની મૈત્રી અસલી ન બને.
બરાબર ને ?
હવે તો સમજી ગયો ને ?
તને જ્યાં સુધી તારુ નામ ગમે,
કોઈના મોઢે તારુ નામ સાંભળતા કાન ઊંચા થાય,
જ્યાં ને ત્યાં તારા નામને લખવાનો - છાપવાનો
ઈરાદો રાખે,
પત્રિકા, છાપા, શીલાલેખ, પુસ્તક, પંચાંગ,
ચોપનિયામાં લખાયેલ તારું નામ તને ગમે,
બીજા બધા નામની વચ્ચે છૂપાયેલ તારા નામને
શોધવાનો પ્રયત્ન રુચે,
પ્રશસ્તિઓમાં, નારાઓમાં તારા નામને ગોઠવવાની
તું મથામણ કરે,
બેનરોમાં, પોસ્ટરોમાં તારા નામને વાંચતા ગલગલીયાં થાય,
તારા નામની આગળ લગાડાતા વિશેષણથી મન ઠરે,

કોઈની ટપાલમાંય તારા નામને તું શોધે,
નોટબુક - લેટરપેડ વગેરેમાં ય તારા નામની સજાવટ !
સ્ટીકરોમાં પણ કેવળ તારા નામની જમાવટ !
બધે તારા નામની જ બનાવટ !
ખરેખર, જો આવું જ હોય તો તું જ કહે.
તને મારું નામ ગમે છે કે તારું ?
શાસન મારું ને નામ લગાડે બધે તું તારું !
સોગંદ લેવા પૂરતું ક્યાંક ઝીણા અક્ષરે
લખે નામ તું મારું.
ને તારું નામ ભપકાદાર મોટા અક્ષરે !

પછી મારું નામસ્મરણ, મારા નામની લગની, જાપ,
મારા નામનો પોકાર, મારા નામનું લખાણ....
વગેરે વાસ્તવિક કેવી રીતે ગણી શકાય ?
તું સારી રીતે આ વાત સમજી શકે તમે છે.
એ જ રીતે મારી આકૃતિના પ્રેમમાં પણ સમજી લે.
અરિસામાં તને તારું મોઢું જોવું ગમે,
આલ્બમ, પત્રિકા, પોસ્ટર, બુકલેટમાં
તારો ફોટો જોઈ તું રાજી થાય,
અનેક ફોટા વચ્ચે છૂપાયેલ તારો ફોટો શોધવા
તારી આંખ ભૂખી હોય.
ઠેકઠેકાણે તારા ફોટાની જમાવટ.
અણગારને પણ ફોટાના શણગાર ! ?
ફોટામાં પણ હાસ્ય ને અભિનયના નખરાં.
ચશ્માની ફ્રેમની પણ રોચક રોનક !
દાંતની પણ ઉજ્જ્વળ ચમક.
હેરસ્ટાઈલની હારમાળા.....

આ રીતે તારી તસ્વીરના તરંગોની ચંચળ
ચહલપહલ તને ગમે,
વિજાતીયના રંગબેરંગી રૂપોની રોનક તને રુચિકર
લાગે ત્યાં સુધી
મારા રૂપનો, મારી આકૃતિનો-પ્રકૃતિનો પ્રેમ
તાત્ત્વિક કેવી રીતે માની શકાય ?
તારા શરીરની સજાવટ ગમે
તને દેહની સુખશીલતા રુચે,
કાયાની આળપંપાળમાં જ મન લાગે,
શરીરના શણગાર અને વિભૂષાની લગની લાગે,
દેહાધ્યાસ પ્યારો લાગે
ત્યાં સુધી મારા શરીરનો પણ પ્રેમ પોકળ જ જાણવો.
વાસનાવિકૃત, અહંકારગ્રસ્ત, માયામય મલિન
બનેલા તારા સ્વરૂપનો લગાવ ન છૂટે
ત્યાં સુધી મારા પાવન, નિર્મળ, મૃદુ, પ્રાંજલ
સ્વરૂપની ચાહના, ઉપાસના પારમાર્થિક બની ન શકે.
માનવભવની પણ મમતા નહિ છોડે ત્યાં સુધી
વાસ્તવિક રીતે ભવાતીત - ચતુર્ગતિમુક્ત અવસ્થાની
અનુભૂતિ શક્ય નથી જ.

ટુંકમાં નિષ્કર્ષ એટલો છે કે તારા નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ-ભવનો રાગ નહિ છૂટે ત્યાં સુધી મારા નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ-ભવાતીત સ્વરૂપનો પ્રેમ આધ્યાત્મિક સ્તરે નહિ પહોંચી શકે. અને ત્યાં સુધી મારી ઉપલબ્ધિ પણ તત્ત્વતઃ દૂર જ રહેશે.

વત્સ !

એક વાર હિમ્મત કરી,

શ્રદ્ધાને જ્વલંત કરી,

સત્ત્વને મજબૂત કરી

તારા નામ-આકૃતિ વગેરેની આસક્તિની

જંજીર તોડી નાખ ઝડપથી.

પછી કોઈક દિવ્ય અનુભૂતિ તને થશે.

કેવલ અનુભૂતિગમ્ય આનંદ તો અનુભૂતિથી જ સમજાશે.

આપઘાતમાં નહિ, જીવનમાં રસ છે

ઓ પરમાત્મા !

તારી વાત સાંભળીને થાય છે કે
હું કેવો પામર અને તું કેવો પરમ ?
છતાં તારી સાથે મેં સંબંધ બાંધ્યો.
આ શાશ્વત સંબંધના નાતે કહું છું કે
મારુ અજ્ઞાન તું લઈ લે. તારું દિવ્ય જ્ઞાન મને આપ.
મારો વિષાદ તું લઈ લે. તારો પૂર્ણ આનંદ મને આપ.
મારી અસ્વસ્થતા તું લઈ લે.
તારી સનાતન સ્વસ્થતા મને આપ.
મારી વિકૃતિ તું લઈ લે.
તારી પાવન પ્રકૃતિ-સંસ્કૃતિ મને આપ.
મારો વિકરાળ વૈશ્વાનર લઈ લે.
તારી ઉત્કૃષ્ટ ક્ષમા મને તું આપ.
મારી મલિન મમતા તું લઈ લે.
તારી સોનેરી સમતા મને તું આપ.
મારી તોછડી તુચ્છતા તું લઈ લે.
તારી વિરાટ વિશાળતા મને તું આપ.
મારી ધિક્કારવૃત્તિ તું લઈ લે.
સર્વત્ર સમવૃત્તિ મને તું આપ.
મારી આક્રમક વૃત્તિ તું લઈ લે.
સમાધિમય સહિષ્ણુતા મને તું આપ.
મારી લાલસા-વાસના તું લઈ લે.
પરમતૃપ્ત આત્મદશા મને તું આપ.
મારી બહિર્મુખતા તું લઈ લે.

અનન્ત અન્તર્મુખતા મને તું આપ.
મારો અહંકાર તું લઈ લે. નિર્મળ નમ્રતા મને તું આપ.
મારી સંજ્ઞા તું લઈ લે. પવિત્ર પ્રજ્ઞા મને તું આપ.
મારી કાતિલ ક્રૂરતા તું લઈ લે.
સહજ સૌમ્યતા મને તું આપ.
મારી દુષ્ટ દુર્જનતા તું લઈ લે.
સુંદર સજ્જનતા-મહાનતા મને તું આપ.
મારી ઈર્ષ્યા-અદેખાઈ તું લઈ લે.
પરમ પ્રમોદભાવના મને તું આપ.
મારી સ્વાર્થવૃત્તિ તું લઈ લે.
પરિપૂર્ણ પરાર્થવૃત્તિ મને તું આપ.
મારી લાચારી તું લઈ લે.
ખમીરવાળી ખુમારી મને તું આપ.

ઓ ઉદારદિલ !

તારી સામે બે વિકલ્પ છે.
કાં મારા તમામ દોષને લઈ/હટાવી તારા તમામ સદ્ગુણ મને આપ.
કાં તો દોષોનું ઉન્મૂલન કરવાની મને અનન્ત શક્તિ આપ.
તને જે વિકલ્પ મંજૂર હોય તે પસંદ કરી લે.
પરંતુ એક વિકલ્પ તો સ્વીકારવો જ પડશે.
કેમ કે તારા આ સેવકને તાજગીભર્યા
જીવનમાં જ કેવળ રસ છે,
મરણના સોગિયા સૂતકમાં કે
આપઘાતમાં કદાપિ નહિ ને નહિ જ.
તારા સેવકની અંતરતમ અભિલાષા તો આવી જ હોય ને ?
પરંતુ એને પરિપૂર્ણ કરવાની અંગત જવાબદારી એકમાત્ર
તારી છે. આ વાત ભૂલતો નહિ હો !

સમન્વય સાધી આપ

ઓ વિશ્વહિતૈષી !

તારી સાથે એકલો એકલો હું વાતે વળગું છું.
શબ્દો અને મૌન લઈને તારી જ સામે હું સળગું છું.
તર્ક અને શ્રદ્ધાના અદ્વૈતમાં હું ક્યારનો લટકું છું
શંકા અને વિશ્વાસની અધવચ્ચે સદા હું ઝૂલું છું.
ઉતાવળ અને ધીરજની મધ્યમાં કચુંબર બનું છું.
પ્રતીક્ષા અને પરીક્ષાની વચ્ચે હું કચડાઈ જાઉં છું.
ધરમ અને ભરમની ભૂલામણીમાં ભરમાઉં છું.
અંધકાર અને પ્રકાશની સંતાકુકડીમાં અટવાઉં છું.
સાધના અને સંવેદનાની હરિફાઈમાં હું મૂંઝાઉં છું.
તપ અને ત્યાગની હરણફાળ દોડમાં થાકું છું.
જ્ઞાન અને ધ્યાનની છલાંગમાં ક્લાન્ત થાઉં છું.
જપ અને ભક્તિની સ્પર્ધામાં હું અકળાઉં છું.
પ્રેમ અને પ્રતીતિ વચ્ચેની ખીણમાં હું ખૂંચું છું.
વિયોગ અને મિલનની કલ્પનાભૂમિમાં ભટકું છું.
શાંતિ અને વિષાદના અંતરને ઓળખવામાં થાપ ખાઉં છું.
વેદના અને સંવેદનાના મલ્લયુદ્ધમાં માયકાંગલો થાઉં છું.
લાંઘણ અને સમજણના દ્વન્દ્વયુદ્ધમાં બાવરો બનું છું.
સમાજ અને એકાંતની ઠોકરે અથડાઉં છું.
સ્વાર્થ અને પરાર્થના વિકલ્પમાં ફસાઉં છું.
'देहदुःखं महाफलं' અને 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' ના
સમીકરણમાં હું ગોથાં ખાઉં છું.

હે સર્વજ્ઞ !

આ બધા વિરોધાભાસનો-દ્વન્દ્વોનો સમન્વય કરી
સુસંવાદિતાની સૌંદર્યસભર સુવાસનું
તું એવું સર્જન કર કે હું ક્યાંય અટવાયા વિના,
એકાંતવાદના કુંડાળામાં ફસાયા વગર,
વિસંવાદના વમળમાં ખૂંપ્યા વગર જ,
સડસડાટ સીધે સીધો તારા
શાશ્વત શાંતિધામમાં
હું આવી પહોંચું,
તારી સેવા
કરવા
માટે.

પણ,
ત્યાં સુધી
સમજણનો ટમટમતો
દીવો સળગતો રાખજો હોં, પ્રભુ !

આંસુ એ જ સર્વસ્વ

હે પરમકૃપાળુ !

તારી સંવેદનસભર ભક્તિથી તને શું થાય છે ? તે તું જાણે.
પરંતુ મને તો તેનાથી બળ મળે છે, હુંફ મળે છે.
તારી ભકિતથી મળે છે મને અખૂટ હિમ્મત
તેથી મને સમજાય છે તેની કિંમત.
બાકી શું છે મારે ને તારે નિસ્બત.
કેમ કે તું તો છે સર્વશક્તિમાન રાજરાજેશ્વર.
હું તો છું ઈચ્છાની ગલીઓમાં ભટકનાર ભીખારી.
મારુ ભિક્ષાપાત્ર ખાલી રહેવાને જ સર્જાયેલ છે.
તમારા સુવર્ણરથમાં બેસાડો તો પણ
ભિક્ષાપાત્ર ન છોડું.
મારી આવી હલકટ જાત - હલકી જાત.
છતાં તારી ભક્તિથી કાંઈક પરિવર્તન થયું છે.
અનાદિની અવળી વૃત્તિનું ઊર્ધ્વીકરણ થયું છે.
પારસમણિના સ્પર્શથી લોખંડમાં થાય
તેવું કંઈક પરિવર્તન થાય છે.
મારા જેવા અપૂર્ણને તું અપનાવે છે
એ જ તારી પૂર્ણતાની નિશાની છે.
તારી ગરવી ગરીમા અને પાવન પરમતા
અનુભવાઈ રહેલ છે મને.
તારા સાન્નિધ્યમાં અભૂતપૂર્વ શાંતિ, અદ્ભુત સમતા,
અપૂર્વ આનંદ મળે છે.
તારુ સામીપ્ય ગતિશૂન્ય પ્રગતિને સાધી આપે છે.
તારા પ્રભાવને વર્ણવવા શબ્દો અસમર્થ-લકવાગ્રસ્ત બને છે.

તારામાં હું સતત ઓગળી રહ્યો છું, પીગળી રહ્યો છું.
આ તો અરસ-પરસની ખુશીનો-પ્રેમનો સોદો છે.
તેમાં કોઈ લેવા-દેવાના ત્રાજવાનું માપદંડ ન હોય.
તારામાં મારુ અસ્તિત્વ હું વિલીન કરું છું.
એ જ મારી તારા પ્રત્યેની ભક્તિ અને પ્રાર્થના છે.
તારી યાદમાં ખોવાઈ જાઉં છું.
એ જ તારી ઉપાસના છે.
તારા વિયોગના હું આંસુ પાડું છું.
એ જ તારો અભિષેક છે.
મારા આંસુ એ જ મારું
સર્વસ્વ સ્વદ્રવ્ય.

હે દીનદયાળ !

આપણો સંબંધ અતૂટ રહેવાને જ સર્જાયેલ છે,
કારણ કે બધી જ અપેક્ષાઓને ભસ્મીભૂત કરી નાંખેલી છે.
તારી આંસુ ઝરતી ભક્તિની પાવકજ્વાળાઓમાં
આંસુ દ્વારા દિલને દર્પણ જેવું નિર્મલ બનાવેલ છે.
તેમાં તારું સ્પષ્ટ રીતે પ્રતિબિંબ પડે છે.
એ જ તારું સનાતન પાવન પદાર્પણ.
તમે પાસે છો. પછી મારે દુનિયા વિસાતમાં નથી.
પણ પ્રભુ !
ગુપચૂપ પાછલા બારણેથી ચાલ્યા જતા નહીં હોં.
નહિતર કેવળ મારું અસ્તિત્વ ભક્ત તરીકે નહિ ભૂંસાય.
ભગવાન તરીકે તમારું અસ્તિત્વ પણ જોખમાશે.
ભક્તને છોડીને ભાગે તે ભગવાન શેનો ?

તારી ઉદારતાના લીધે જ નભ્યું છે

ઓ વિશ્વનાયક !

વારંવાર તારી પાસે ફરિયાદ કરવાથી કશું વળતું નથી.
હું જાણું છું કે એમ ને એમ તારી પાસેથી કશું મળતું નથી.
નિષ્ક્રિયતા રાખનારને ક્યાંય કશું ય કદિ ય ફળતું નથી.
પણ શું કરું ? તારા વિના મન બીજે ક્યાંય ભળતું નથી.
તને ફરિયાદ કર્યા વગર મને જરાય ચેન પડતું નથી.
ઈચ્છાની ગલીમાં ઘૂમી તારો રાજમાર્ગ ગુમાવી
મન માનતું નથી.
તેં દીધેલ સુખની સોયમાં
દુઃખના દોરા પરોવવાના લીધે કશુ ગમતું નથી.
ઉપહારરૂપે મળેલ જીવનને
અપરાધરૂપે જીવીને ક્શું જામતું નથી.
સ્તુતિ લખવા મળેલ કોરા જીવન-કાગળને
ફાડીને ચિત્ત કશે ચોંટતું નથી.
અખંડિત જીવનને શંકાના ટાંકણાથી
ખંડિત કરવાથી દિલ ઠરતું નથી.
હકારાત્મક હૃદયને નકારાત્મક બુદ્ધિને સોંપવાના લીધે
અંતર આનંદમાં નથી.
તારાથી વિખૂટા પડી ટોળામાં અટવાઈ જવાથી
આત્મા સ્વસ્થ નથી.
પળેપળે પામર પુરવાર થવાથી મારું મન મજામાં નથી.
છતાં તારી સાથે સંબંધ બાંધેલ છે.
પામર અને પરમનો સંબંધ જોડાઈ શકે
એ જ વિસ્મય લાગે છે.

ઓ ઉદારચરિત !.

તારી આટલી ઉદારતાના કારણે જ આપણું આટલું નભે છે.
હું પ્રતિપળ ભૂલો કરે રાખું ને તું તેને માફ કરે છે.
તું કરુણાની જાજમ પાથરે છે ને હું તેને વિંખેરી નાંખું છું.
વાત વાતમાં હું અશ્રદ્ધાળુ અને શંકાશીલ બનું છું,
છતાં તું મને સ્વીકારે છે. એ તારી પરમતા છે.
ક્ષણે ક્ષણે હુ ઘમંડના શિખરે ચઢીને પડું.
છતાં તું મારી પાટાપિંડી કરે. એ જ તારી મહાનતા.
વાદળની જેમ મારો મિજાજ પલટાય.
છતાં તું મને સંભાળે, આ જ તારી પ્રભુતા.
રાતે સૂઈને સવારે ઉઠું ત્યારે
બધું વેરવિખેર થવાની શક્યતા છતાં
તું મારો ખ્યાલ રાખે છે.
આ જ તારી વિશુદ્ધ કરુણા.

ઓ અચિંત્યચિંતામણિ !

મારે હવે તારી પાસે નથી કરવી કોઈ માગણી.
ધરવી છે તારા ચરણમાં કેવળ લાગણી.
તારો આભાર હું કેટલો અને કેવી રીતે માનું ?
તેં જે આપ્યું છે એ માત્ર પૂરતું જ નહિ,
મારી પાત્રતા અને લાયકાત કરતાં વધુ લાગે છે.
તારી વધુ પડતી ઉદારતાના લીધે કદાચ હું
છકીને છાકટો થઈ ન જાઉ તેનો
તું કાયમ ખ્યાલ રાખજે, હોં.
પણ મારો આ ઝીણો, તીણો સાદ
તને પહોંચશે તો ખરો ને ?

હારમાં ય મારી જીત છે

ઓ સર્વશક્તિમાન !

અનાદિકાળથી તારી સામે જીદે ચઢ્યો છું.
તેં આપેલ તમામ પવિત્ર ચીજને અભડાવાની મારી જીદ.
આંખ, કાન, હાથ, પગ, હૃદય બધું જ તેં મને સંસ્કૃત આપ્યું.
પણ આડા-અવળા કુંડાળે પગ મૂકી મેં બધું જ વિકૃત કર્યું.
તને હરાવવા મેં આ જીદ ક્યારેય ક્યાંય પણ ન જ છોડી.
તારી નિતાંત કરુણાવૃષ્ટિને પણ મેં સદાય તરછોડી.

પણ હવે આ અનાદિની અવળી ચાલને બદલવી છે.
જકકી જીદને કાયમ અલવિદા આપવી છે.
હવે તો તારે જીતવાનું ને મારે હારવાનું.
ખરા અર્થમાં હું ક્યારનોય હારી ચૂકેલ છું.
પરંતુ હવે જરા જુદી જ રીતે મારે હારવું છે.
હવે મને સમજાયું છે કે સાચી મજા હારવામાં છે.

મારે જીતવું છે પણ તારી પાસે હારીને.
તારી સાથે જીતવાના નશામાં મારે ડૂબવું નથી.
તારી સાથે હારીને ય મારે તો તરી જવું છે.
તારી સાથેની મારી હાર એ જ મારી મુક્તિ.
તારી સામે મારી જીત એ જ મારી નરક.
તારી સાથે હારું તો જ મારો ખારો ભવસાગર
બને મીઠો-મધુરો ભાવસાગર.
પછી મળે સદા તારો સાથ-સથવારો.
પણ આ વાત કોણ સમજશે ?

ઓ અતિશયનિધિ !

તારા સાન્નિધ્યમાં તો તમામ શબ્દોના
અર્થ પણ બદલાઈ જાય છે.
આ વાત તો વિરલા જ જાણે.
જે જાણે તે જ તેને માણે.
મારે મન આટલું ઘણું છે કે
તું તો સદા મને પીછાણે.
પછી કોઈ મને ન કદિ તાણે,
જાણે - અજાણે,
ટાણે - કટાણે.
તારી સાથેની મારી હારમાં
તું ય રાજી, હું ય રાજી.
બન્ને ઘરમાં તેજસ્વી દીવડા પ્રગટશે.
એક ઘરમાં દીવડો અને
બીજે ઘોર અંધારું-
આ મને પસંદ નથી.

ખરું કહું તો
તારે ત્યાં પ્રગટેલા તેજસ્વી દીવડાનું જ
મારે ત્યાં આવે છે ઉજ્જવળ અજવાળું.
મારે ત્યાં તો કોઈ દીવડો છે જ ક્યાં ?
તારી સામે હારવાથી તારે ત્યાં પ્રગટેલ દીવડાની
બરાબર સામે હું તો ધરી દઉં છું નિર્મલ મનદર્પણ.
તેનાથી ઝળહળી ઉઠે છે મારું આત્મઆંગણ.
પણ મારા મનદર્પણની નિર્મલતા પણ તારી સામેની
મારી હારથી જ મને પ્રાપ્ત થયેલ છે. હવે
તારી સામે જીતીને મનદર્પણને મલિન નથી કરવું.

અલ્પવિરામમાં નહિ, પૂર્ણવિરામમાં રસ છે

ઓ પરમદયાળુ !

મારી ભક્તિ એ તારી પાસે પહોંચવાની નાનકડી કેડી છે.
મોટી સાત્ત્વિક સાધનાના નેશનલ હાઈવે ઉપર
ચાલવામાં મને પ્રબળ રસ પ્રગટતો નથી.
સંવેદનસભર ભક્તિની નાનકડી કેડી મારા માટે પૂરતી છે.
મને થાય છે કે રોજ તારી પાસે પહોંચવાની કેડી બનાવું.
મારી પાસે ધબકતું હૃદય અને સ્ફુર્તિલું મગજ છે.
એ મોટી વાત છે.
લાગણીથી ધબકતા હૃદયનું મૌન અને મગજમાંથી
નીકળતા શબ્દ એ જ અલૌકિક ભક્તિકેડી રચશે.
પછી હું તને મળીશ - મેળવીશ-ભેટી પડીશ.
ત્યાર બાદ તારી અને મારી ઈચ્છા
અલગ - અલગ નહિ હોય.
પણ તારી કેડી ઉપર મારા પગ જ્યાં અટકી પડે
ત્યાં તું કેડી બની જજે.
કારણ કે પારકી શાબ્દિક કાખઘોડી લઈને
કે પરાયા માર્ગ ઉપર ચાલીને મારે તને નથી મેળવવો.
મારી સનાતન યાત્રાને અલ્પવિરામ કે અર્ધવિરામ
પાસે પૂર્ણ નહિ કરતો.
તારી શાશ્વત પ્રાપ્તિ એ જ મારી યાત્રાનું પૂર્ણવિરામ છે.
સુખના અલ્પવિરામ કે સ્વર્ગના અર્ધવિરામમાં
મને બહુ રસ નથી.
તું જ મારું કાયમી આકર્ષણધામ છે - યાત્રાધામ છે.

મને તો સર્વત્ર તું અને તારો અર્થ જ સંભળાય છે.
હું તારામય બની ગયો છું, તારો બની ગયો છું.
વિના મતલબે તારી યાદમાં વણાઈ ગયો છું

તારકશિરોમણિ !

હવે તારી કૂણી લાગણીનો સાક્ષાત્કાર કરાવ.
મધુર વાત્સલ્યનો અનુભવ કરાવ.
પાવન પ્રેમનો પરિચય કરાવ.

તેં સોંપેલ સુખના સાગરને
દુઃખનો દરિયો બનાવવાની મારી કુચેષ્ટાને
ઉદારદિલે તું માફ કરજે, પ્રભુ !
ફરીથી આવી ભૂલ હું નહિ કરું હોં.

ઓ યોગીશ્વર !

મારી પાસે જે કાંઈ ઉત્તમ છે તે તારું છે.
અને જે કાંઈ અધમ છે તે મારું જ છે.
ઉત્તમ માટે અભિમાન છે પણ અધમ માટે શરમ નથી.
તારી યોગમાયા એવી ફેલાવ કે અધમ માટે મને લાજ આવે.
નિર્લજ્જ, નફ્ફટ અને બેશરમ થઈને હવે નથી ભટકવું.
આ જ મારી તને હાર્દિક વિનંતિ છે, પ્રાર્થના છે.
સુખમાં હું તને ભૂલ્યો અને
દુઃખમાં સૌપ્રથમ અરજી તારા દરબારમાં.
મારી આ અવળ-ચંડાઈને પ્રભુ ! તમે ભૂલી જ જજો.
કારણ અમે જેવા હોઈએ તેવા. અંતે તો અમે તારા છીએ.

આ ભૂલતો નહિ. હું પશુ નથી છતાં પાશવી વૃત્તિ પેદા કરી
જન્મથી માનવ છતાં માનવતાની માવજત ન કરી.

મારી આ નબળી કડીને કાઢી પરમદેવત્વ મારામાં એવું
પ્રગટાવ કે ફરી એક પણ દોષ મને સ્પર્શી ન શકે,
એક પણ ગુણ સ્પર્શ્યા વિના રહી ન શકે.
નિષ્ક્રિય બની હું પ્રતીક્ષા કરું છું,
તારી કરુણાસભર સક્રિયતાની.

હે કૃપાળુશિરોમણિ !

'તારી કૃપા-સક્રિયતા મારા ઉપર કામ કરી રહેલ છે.'
એવું હું તો જ સ્વીકારું જો આત્મવિકાસના
ક્રમસર પાંચ પગથિયા હું ચઢી શકું.
સૌ પ્રથમ હિંસા, જૂઠ, ચોરી વગેરે
બાહ્ય પાપમાં અરુચિ પ્રગટે.
બીજા તબક્કે કામ, ક્રોધ, ઘમંડ, ઈર્ષ્યા વગેરે
આંતરિક દોષોમાં અરુચિ પ્રગટે.
કેવળ કાયાના સ્તરના પાપ કરતાં આત્માના સ્તરે
વળગેલા દોષો વધુ ભયંકર લાગે તેવી કરુણા કરજે.
તો જ ત્રીજા તબક્કે દાન, દયા, પરોપકાર વગેરે
બાહ્ય ધર્મની રુચિ પ્રગટશે.
પછી જ ચોથા તબક્કામાં નિસ્પૃહતા, ક્ષમા, નમ્રતા,
સરળતા, પવિત્રતા વગેરે ગુણોની અદમ્ય રુચિ ઉદ્‌ભવશે.
પછી પાંચમા તબક્કે તે ગુણોની પ્રાપ્તિ.

આ પાંચ ઊંચા પગથિયા હું ચઢું તો જ
તારા દરબારમાં મારો પ્રવેશ શક્ય બનશે.
કરુણા-કૃપા કરી તારી એવી સક્રિયતા અજમાવ કે
પાંચેય પગથિયા સડસડાટ ચઢી
તારી સેવામાં કાયમ ઉપસ્થિત રહું.

સંવેદનનું સરોવર સાગર બને

હે મહાશય !

ક્યાં લગી આમને આમ રિબાવ્યા કરશે ?
ક્યાં સુધી વાટ જોયે રાખવાની મારે ?
હવે તો આંખ ને પગ પણ થાકી ગયા છે.
માત્ર શરીર નહિ, મન પણ શ્રમિત થયું છે.
હવે ઝાઝું તું તલસાવ નહિ, તરસાવ નહિ. દયાનિધિ !
વિરહના વિષમ વિષાદમાંથી મને મુક્ત કર.

ઓ વાત્સલ્યવારિધિ !

માત્ર તારું સાન્નિધ્ય ઝંખુ છું.
તારી હાજરીમાં અમાસની અંધારી રાત ભલે હોય.
તો ય ચાલશે. કારણ કે તું પ્રકાશપુંજ છે.
તારી ગેરહાજરીમાં તો ભરબપોરે પણ
કાળી રાતનો અનુભવ થાય છે.
કારણ કે તું તો મારો સૂરજ છે,
સુખ ભલે ને ભરબપોર બનવા તૈયાર હોય.
નથી મને દુઃખની રાતનો ત્રાસ
કે નથી સુખના દહાડામાં હાશ.
મને તો છે કેવળ તને મેળવવાની
અતૃપ્ત પ્યાસ અને અમર આશ.
આંસુને પણ એમ ને એમ વહેવા દઉં છું.
મૂંઝવણ કે મથામણ વિના સંવેદનમાં તણાઉં છું.
ઈરાદાપૂર્વક શબ્દોની ગોઠવણ વિના થતી
પ્રાર્થનાના પુરમાં અવશપણે ખેંચાઉં છું.

ગરમ આંસુથી ઉભરાતું સંવેદનનું સરોવર
સાગરસમ બની રહ્યું છે.

દયાસિંધુ !

શું હું સંવેદનબિંદુમાંથી સંવેદનસિંધુ બનું પછી જ મળવું છે ?
બિંદુ-સિંધુના બદલે સિંધુ-સિંધુનું મિલન તને ગમે છે ?
તો ય મને ફાવશે - ચાલશે, કેમ કે
વિકાસયાત્રા બહુ ઝડપી છે.
સૌ પ્રથમ કાલ્પનિક ઝાકળબિંદુ.
પછી ઉષ્માપૂર્ણ અશ્રુબિંદુ.
પશ્ચાત્ સમર્પણસભર સંવેદનસરોવર.
અચાનક જ સંવેદન-મહાસાગર.
હવે એ 'અચાનક' ની ચાનક લાગી છે.
કારણ કે એ સોનેરી સમયે - રૂપેરી ક્ષણે -
પાવન પળે થશે તારો સંપૂર્ણ સાક્ષાત્કાર.
ભ્રામિક ગતિમાંથી મુક્ત થઈ સ્થાયી સ્થિતિમાં
સ્થાપિત થવાની પાવન પરિસ્થિતિ ત્યારે પ્રગટશે.
બહારથી પૂર્ણ થવાના પ્રયાસ કરીને અંદરથી
ખાલીખમ થવાની જુની-પુરાણી દેવાળીયા વૃત્તિ વિરમશે.
બહારથી ખાલી થઈને અંદરથી પરિપૂર્ણ બનવાનું
પરમ સૌભાગ્ય સહજતાથી સાંપડશે.
માતાની કુક્ષિમાંથી જન્મ ધારણ કર્યા બાદ
સદેહે આવો પુનર્જન્મ મેળવવાનો
રૂડો મજાનો અવસર જલ્દી મોકલજે હોં.

તારો ફોટો જોઈએ છે

હે જાદુગર !

ભલે ને તું ગમે તેટલો અદશ્ય રહે.
એક વાર તો તારે દર્શન આપવા જ પડશે.
નક્કી કર્યું છે કે તારો સાક્ષાત્કાર કરવો.
તું દોડી ભાગીને કેટલી નાશ-ભાગ કરશે.
મેં તો તારો હરણવેગે-પવનવેગે પીછો પકડ્યો છે.
એક વાર તો તને હું પકડીશ, પકડીશ ને પકડીશ જ.
પછી તું છૂટી ન શકે એવો મારા દિલમાં તને જકડીશ.
તને પકડ્યા પછી જકડ્યા પછી તું કહેશે તે હું કરીશ.
તારું કીધેલું બધું માનવાની-કરવાની મારી તત્પરતા છે.
તારું જ મને અદમ્ય અનંત આકર્ષણ છે.
માટે જ તારો સાક્ષાત્કાર કરવાનો સંકલ્પ કર્યો છે.
ગ્રંથ-પંથની કદાગ્રહગ્રસ્ત કંઠી બાંધીને કુંઠિત નથી થવું
ગ્રન્થના શુષ્ક જ્ઞાન કે પંથની જક્કી પ્રવૃત્તિ દ્વારા
તું મને કદિય ન મળ્યો.
કોઈ કુંડલીના આડા અવળા કુંડાળામાં અટવાવું નથી.
કોઈકના અનુભવના ઓશીકે મારું માથું પણ નથી જ મૂકવું.
બીજાની ઉછીની યોગસાધનાના માર્ગે મારે મારો
પગ પણ નથી માંડવો.
બહારથી ઉધરાવેલી-સંગ્રહેલી સ્તુતિના
માધ્યમને પણ નથી વળગવું.
અવેજીમાં મળેલ લબ્ધિ-શક્તિનો સહારો
પણ નથી ઈચ્છતો કદાપિ.
પરોપકારથી મળેલ પ્રસિદ્ધિ દ્વારા પણ તારી દુનિયામાં મારે

નથી પંકાવું.
ભક્તોના - ખુશામતીયાઓના ટોળા લઈને
તારી પાસે નથી આવવું.
ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના આડંબર સજીને
મારે તને નથી મળવું.
બાહ્ય ફટાટોપથી ધમધમતો રહી
તને હું મળવા નથી માંગતો.
ઈચ્છાઓનો કીડો બની હું હરગીજ
તને ભેટવા નથી ઈચ્છતો.
તર્કના ચિપિયાથી કે બુદ્ધિની સાણસીથી
તને મારે નથી પકડવો.
દલીલના ગડગડાટ કે ઘમંડના ધમધમાટથી
તારી સાથે મારે વાત નથી કરવી.
ક્લેશના કકળાટ અને ઉદ્વેગના ઉકળાટ મૂકીને
તને આંબવો છે.
તીખો તમતમાટ સ્વભાવ છોડી સડસડાટ
તને પામવો છે.
ભક્તિથી ભરેલ ચરણથી દોડીને તાત્કાલિક
તને મારે પકડવો છે.
અરે, ભૂલ્યો. ભક્તિભરેલ ભક્તની ભાવભરી ભક્તિ એ
તો ભગવાનને ભેટવાનું વશીકરણ છે,
મંત્ર-તંત્ર-યંત્ર વિનાનું.
ભાવનામય હાથથી બાથ ભીડી ભેટવો છે તને.
પ્રાર્થનાની જીભથી દિલ ભરીને તારી જોડે વાત કરવી છે.
વિયોગાતુર ઉપવાસી આંખને તારા દર્શનનું
પારણું કરાવવું છે.

સંવેદનસભર કર્ણ દ્વારા તને મારે સાંભળવો છે.
મારા રોમેરોમનું પોસ્ટમાર્ટમ કરીને તું જો તો ખરો.
તારા નામની ચાલતી નિરંતર રટના સિવાય
કશુંય નહિં મળે.
મારા હાર્ટનું પોસ્ટમાર્ટમ કરીશ તો તને
હૃદયભૂમિના શિલાલેખમાં કેવળ
તારું નામ કોતરેલું દેખાશે.
દિલની દીવાલ ઉપર તારી છબી લટકાવવી છે.
તારી તસ્વીર એ જ મારી તકદીર.
પણ તું અમૂર્ત્ત છે. તારો ફોટો કેવી રીતે
પાડવો? એની મીઠી મૂંઝવણમાં છું.
હું ચિત્રકાર નથી કે તારો ફોટો દોરી શકું.

ઓ સર્વસ્વદાતા !

તારો એકાદ
નાનકડો સ્મિત
રેલાવતો ફોટો
તો મને
આપીશ
ને ?

મારી આ માગણી તારી ઉદારતાની કસોટી કરશે હોં.
પરંતુ તું તો કસોટીમાંથી પાસ થઈને 'સર્વસ્વદાતા',
'મનોવાંછિતદાયક', 'કામિતપૂરણસુરતરુ' આવા તારા
બિરૂદને જાળવીશ જ એવો બને દૃઢ વિશ્વાસ છે.
કેમ કે તું સર્વશક્તિમાન છે.
ને સાથે કરુણાસાગર પણ છે ને !

પીધેલી ભ્રમણાની ભાંગે, ભવભ્રમણ ભાંગે

હે દિવ્ય પિતામહ !

સંવેદનની શ્રદ્ધાંજલિનું રોજ તમને અર્પણ કરુ છું.
અંતરમાં નિરંતર તર્પણ ધરું છું.
આવડે તેવું ક્યારનો બોલું છું.
સમજાય તેટલું લખું છું.

એક શબ્દ પછી બીજો શબ્દ ક્યો આવશે ?
તેનો નથી કોઈ ખ્યાલ કે કોઈ પૂર્વધારણા-વિચારણા.
અંતર્યામીની સાથેની વાતચીતમાં શાબ્દિક ગોઠવણની
સમજણ શેની ?
બસ, સતત રહું છું લખતો - વલખતો - વિલખતો.
ઝરણાની જેમ સતત વહ્યા રાખવાનું ને
આગળ ધપે રાખવાનું. એ જ મારુ કામ.
શબ્દની તાકાત ખૂટે ત્યારે મૌનની ગુફામાં ભરાઈ જવાનું.
સ્ફૂર્તિ આવે એટલે શબ્દની પાલખીમાં બેસીને
સંવેદનની યાત્રાએ નીકળવાનું.
શબ્દવશ ગહન મૌન અને મૌનવશ અઢળક મબલખ શબ્દો.
કાગળ પરના મારા લખલખને ભલેને લોકો ભ્રમણા કહે.
પણ આવી ભ્રમણાની ભાંગ જ ભવભ્રમણ ભાંગે -
આની ભ્રાન્ત લોકોને ક્યાં ભાન છે ?
આવી ભ્રમણા ભણેલાને તો વધુ દુર્લભ હોય છે !
દુર્લભ અમૃતનો પરમ તૃપ્ત આસ્વાદ
આવી ભ્રમણામાં જ સુલભ બને.
આ અભ્રાન્ત ભ્રમણામાંથી મારે બહાર નથી આવવું.
આ ભાગ્યવંતી ભ્રમણામાં જ મારે કપૂરની જેમ સળગી જવું છે.

કાગળ પરની આ લખલખની યાત્રા મને તો
પરમ આનંદદાયક-આહ્‌લાદક લાગે છે.
તારા સાન્નિધ્યનો અનુભવ કરાવનાર આ કલમ
અને કાગળ પણ મને તો દેવતાઈ લાગે છે.
મને જેમ સ્ફુર્યા કરે તેમ વણથંભ્યો હું લખ્યે જ જાઉં છું.
લખાણમાં છે માત્ર નરી નીતરતી હાર્દિક લાગણી.
આંસુથી બનેલ કાગળ ઉપર લાગણીની શાહીથી લખું છું.
જોડણીકોશનું કે શબ્દકોશનું મને કોઈ નથી બંધન.
કોઈ પણ કોશનું ગજું જ ક્યાં છે મારા ભાવને જણાવવામાં ?
મારી સંવેદનાનો સીધો સંબંધ છે હૃદય સાથે,
હૃદયની નિર્મળ ભાવના - સ્પન્દન-ઉર્મિઓ સાથે.
સંવેદનામાં જગતથી વિખૂટો પડી, હોઉં છું હું તારી નિકટ.
તેથી તો પછી મને નથી જણાતું કશું યે વિકટ.
મારી સંવેદના એ તારી સાથેનું મનગમતું બંધન છે.
અને આ જ છે મારી જગતથી કાયમી મુક્તિ.
હું દુનિયામાં છું છતાં દુનિયામાં નથી.
કારણ દુનિયાદારીમાં મને કોઈ રસ-કસ નથી.
તારી જોડે વાત કરું છું ત્યારે દુનિયા આખીને ભૂલી જાઉં છું.

ઓ જગતપતિ !

તને ગુમાવી જગતને મળવું નથી. મેળવવું નથી.
તને મળું છું ત્યારે મારી જાતને મળતો હોઉં એવું લાગે છે.
કારણ અંતે તો હું અને એક જ છીએ ને !
જગતની દીવાલ હટાવી, હે જગતપતિ !
તારા દર્પણમાં જાતના દર્શન કરવા-આનાથી ચઢિયાતું
કોઈ કર્તવ્ય મને લાગતું નથી. આ જ છે મારી સાધના
અને સંવેદના, કૃતકૃત્યતા, ધન્યતા અને પાવનતા.

આંસુમાં ય સુવાસ !

ઓ હૃદયશણગાર !

તું કોઈ મંદિર-મસ્જિદ-મઠ કે મહેલમાં નથી રહેતો.
આ વાતની મને જાણ થઈ.
મંદિર વગેરેમાં તું રહે છે - એમ માનીને
ઘણી વાર હું ત્યાં ગયો. પણ
હું પહોંચું તે પહેલાં તું તારી કોઈક
નિશાની મૂકી નીકળી ગયો.
દશે દિશામાં આથડવા છતાં તું ન જ મળ્યો.
થાકીને લોથ-પોથ થઈ ગયો.
અંતે દિલમાં ડોકિયું કર્યું
તો મહા આશ્ચર્ય !
તું ત્યાં દેખાયો.
પણ મૂંગો.

તું છે પણ બોલતો નથી.
જાણે બોલવું એ તારા સ્વભાવમાં નથી.
હું હાજર છું - એમ કહેવું ય તને તો ગમતું નથી.
અને તને બોલાવ્યા વિના મને જરાય ચેન પડતું નથી.
તારું સાન્નિધ્ય અનુભવું છું છતાં
મળ્યા ન મળ્યા જેવું જ થયું ને !
કેમ કે ઢંઢોળવા છતાં, પોકારવા છતાં
પ્રતિસાદ તારી પાસેથી મળતો નથી.
તારી સાથેનો પ્રેમ આવો તદ્દન
એકપક્ષીય જ હોય -

એવું સ્વીકારવું ઘણું આકરું છે.
અત્યાર સુધી તૈયાર કરેલ
વાતચીતનો-પ્રશ્નોનો પ્લાન
સાવ નિષ્ફળ ગયો.
સતત વહેતી નામસ્મરણની નદીના
કિનારે હું ઊભો છું.
બેસી ગયો છું હવે મનોહર માળા ગૂંથવા માટે.
માળા પુષ્પની છે કે આંસુની ? એ તું નકકી કરજે.
આંસુને પણ મૌલિક સુવાસ હોય છે હોં.
એની જાણ તને હશે ખરી ?
એ તો તારો નિર્ણય
જાણ્યા પછી જ
હું નકકી
કરીશ.

વારંવાર તારી પાસે આવું છું. તેનાથી કંટાળતો નહિ.
હું શું કરુ ? તારી પડખે બેસું છું
તો જ મારી સંવેદના
સ્ફુરાયમાન થાય છે.
બીજાના પડખાં ઘસવાથી
તો વળગે છે નરી વેદના.
હું તારા પડખાં સેવું એ જ છે
મારી ચાહના અને ખેવના.
હવે સહન નથી થતી બહિર્ભાવની
બિહામણી
યાતના.

મને બદલી નાંખ

હે પ્રિયતમ !

હમણાં આપણો વાત-ચીતનો વહેવાર વિખરાઈ ગયો છે.
જાણે તાજો તહેવાર જ ઉજવવાનો વિસરાઈ ગયો.
તારાથી દૂર સુદૂર જાણે તણાઈ ગયો.
વાતચીતનું સાતત્ય ઘટે પછી તારી સાથે
વાતચીતનો તાલ-લય મેળવતાં વાર લાગે છે.
મારી ભક્તિ પણ સાચી નહિ, કાચી.
મારી સગવડ પ્રમાણે તને યાદ કરુ છું.
ક્યારેક સવારે તો ક્યારેક છેક રાતે.
તો ક્યારેક દિવસો સુધી હડતાલ.
ગરબડ તારા પક્ષે નથી.
બધી ખામી મારી જ છે.
જાણું છતાં લાચારી.
ખતમ થઈ ખુમારી.
આમ કેમ ચાલશે ?
મારી આળસ તું ખંખેર.
મારી રેઢીયાળવૃત્તિ દૂર કર.
મારી અનિયમિતતાને તું હટાવ.
તારી સનાતન સુસંવાદિતા આપ.
તું સાચા અર્થમાં કરુણાસાગર છે.
તારી અપાર કરુણાના લીધે જ
આપણું નભે છે.
'કરુણાસાગર' નામ સાંભળતાં તરસ
અને તૃપ્તિનો અનુભવ થાય છે.

તરસ અને તૃપ્તિ; મૌન અને વાતચીત-
આ દ્વન્દ્વનો અદ્વૈત મધુરો લાગે છે.
હવે તો 'અહમ્' નહિ પણ 'અર્હમ્'
શબ્દનો સાદ નહિ, હૃદયનો નાદ.
ડરનો વિષય સાપ નહિ પણ પાપ.
વિષયની લીલા નહિ પણ તારા નામની લાલી.
અનાદિનું પુનરાવર્તન નહિ પણ પાવન પરિવર્તન.
દોષનું સર્જન નહિ પણ ઝડપી વિસર્જન.
વૃત્તિનું અધોગમન નહિ પણ ઊર્ધ્વીકરણ.
શબ્દનું પણ ઉત્પાદન નહિ; સાત્ત્વિક સર્જન.
સંસારની જેલ નહિ પણ મુક્તિનો મહેલ.

હે દિવ્યપુરુષ !

મારુ કહેવાતું બધું જ તારા સાન્નિધ્યમાં બદલાઈ ગયું છે.
હવે તું મને પણ બદલી નાંખ.
પામરમાંથી પરમ બનાવ.
વામનમાંથી વિરાટ બનાવ.
ક્ષુદ્રમાંથી મહાન બનાવ.
રાગીમાંથી વીતરાગી બનાવ.
નહિતર મારુ બધુંય જુનું-પુરાણું
વળગણ પાછું
મને વળગશે.

નામસ્મરણ વિના મરણ

ઓ ભદ્રંકર !

તારામાં છે ઘણું ભોળપણ.
મારામાં ય હજુ બચપણ.
અને સાથે થોડું ગાંડપણ.
તેથી તારી સાથે કરી છેતરામણ.
છતાં તારુ-મારુ જૂનું પુરાણું સગપણ.
તેમાં તેં નાંખ્યુ છે ઘણું બધું ગળપણ.
છતાં હું તનેં કરું ઘણી ઘણી મથામણ.
નથી મારામાં કોઈ પરિપક્વ સમજણ.
છતાં પ્રેમથી બધુ કરુ છું, તને અર્પણ.
અર્પણ કરેલ ચીજ છે મારા અંતરનું દર્પણ.
આ જ આપણું સદાનું અતૃપ્ત તર્પણ !
સાથે થોડી છે મનમાં મૂંઝવણ ને ગૂંચવણ.
આ જ તો છે મારુ વિકૃત વામણું વલણ.
છતા તારુ નામ એ જ મારું તો ચલણ.
તેથી તો કરુ છું, સદા તારુ નામસ્મરણ.
કારણ કે તેના વિના છે મારુ મરણ.
આટલી જ છે મને થોડી સમજણ.
માટે કરુ છું તારા નામનું રટણ.
તેનાથી ટળશે મારુ રમણ - ભમણ.
સૂતી વખતે ય રાખું છું તારું શરણ.
ઉંઘમાં મારા માથા નીચે હોય છે તારા ચરણ.
પછી નથી હોતી કશી અકળામણ કે ગૂંગળામણ.
નથી રહેતી કોઈ મથામણ કે સતામણ.

મારી સંવેદના એ જ મારું આંગણ.
એમાં થાય જો તારા પાવન પદાર્પણ,
તો થાય મારી વિકૃત વાસનાનું અપહરણ.
ભલે ને એ માટે તું બની જા કદાચ રાવણ.
તું તો ક્યારનો ઓળંગી ગયેલ છે રેખા,
જેને દોરનાર છે લક્ષ્મણ.
આ વાત તો એ જ સમજશે,
જેની બુદ્ધિમાં હશે થોડું લવણ.
બાકી બીજા તો કરશે કેવળ ચર્ચાનું ચર્વણ.
તું જલ્દી દેજે તેઓને દિવ્ય ડહાપણ.
મને તો તેં આપેલ છે જ્ઞાનનું તેજકિરણ.
તેથી થોડી પડે છે મને આની સમજણ.
માટે રહે છે મને સદૈવ તારું આકર્ષણ.
ભલે ન દેખાતું હોય એનું કોઈ કારણ.
વહે સદા આંખમાં તારો શ્રાવણ.
અંતે તો તું જ છે તરણ-તારણ.
છેલ્લી વિનંતિ ધ્યાનમાં લેજે -
રહે અંતરમાં સદા તારા પ્રત્યે મહા જાગરણ.

તારા દરબારની રોચક રોનક

હે જ્યોતિર્મય !

અંધકારના વટેમાર્ગુ થઈ હવે મારે ભટકવું નથી. તેથી
તને મારા અજ્ઞાનમય અંધકારની ફરિયાદ કરવી છે.
પણ તારી પાસે હું આવું છું ને અંધારું ભાગી જાય છે.
તારાથી વિખુટો પડું છું ને તે મને ચોંટી પડે છે.
અંધકારની વળગણમાંથી છૂટવાનો હવે
કાયમી ઈલાજ તો એક જ છે.
તારા સોનેરી સાન્નિધ્યમાં સદાય રહેવું-આળોટવું.
તારી આસપાસ છે કશાય આઘાત-પ્રત્યાઘાત
વિનાની સૃષ્ટિ.
'મારા-તારા' ના ભેદભાવ વગરની
કેવળ નિર્મળ દૃષ્ટિ.
સહજતા-સ્વસ્થતા-તટસ્થતાનું અદ્વૈત ત્યાં ઝળકે છે.
નીરવ શાંતિ અને નિર્દોષ આનંદ ચોતરફ રેલાય છે.
પાવન પ્રકાશ સર્વત્ર અમર્યાદ ફેલાય છે.
તારા દરબારમાં સદ્ગુણોની સુવાસ મહેંકે છે.
તારા દરબારની ઉપર છવાયેલ છે
મુક્તિનું અનંત આકાશ.
તારા દરબારની બહાર નીચે છે
ખારો ખળભળતો સંસાર સાગર.
હું તારી કને આવવા ક્યારનો નીકળ્યો છું.
પાસે છે નાની અમથી સંવેદનમય ભક્તિની નાવ.
મારી નાવ તરતી જાય છે, સરતી જાય છે.
નજરે કિનારો ભાળતો નથી છતાં નાવ હંકારે જાઉં છું.

કરુણાસિંધુ !
ઘણો મોડો મોડો નીકળેલ છું. પણ
ધૈર્યશીલ ગતિએ પુરુષાર્થ ચાલુ રાખું છું.
કરુણા વરસાવજે, સમયસર તારી પાસે પહોંચું.

હે જ્ઞાનદાતા !
'અધીરો બની નાવમાંથી અધવચ્ચે કૂદી ન પડું'
એવી ડહાપણભરેલ ઠરેલ સમજણ સમયસર આપજે.
કેમ કે હું અજ્ઞાની છું. તું મહાજ્ઞાની છે.
મારા હિત-અહિતની મને બહુ સમજણ નથી.

હે ઉદારચરિત !
છેલ્લે એક મારી વિનંતિ સાંભળજે - સ્વીકારજે.
આજ લગી તદ્દન અજાણ્યા રહેલ તારા દૂરના
દરબારની યાત્રાએ નીકળેલ એવા મને,
તને જરૂર લાગે ત્યારે હુંફ અને આશ્વાસન
આપવાનું તું ભૂલતો નહિ.
કારણ હું તારો સૌથી નાનો શિશુ છું;
માંદો છું ને સાથે થોડો ગાંડો પણ.
તારી લાગણી-વાત્સલ્ય-પ્રોત્સાહનની
મારે ઘણી આવશ્યકતા છે.
બીજું તો વધુ તને શું કહું ?

બુદ્ધિની રોશની નહિ, શ્રદ્ધા દીપક

હે પરમશ્રદ્ધેય !

બુદ્ધિની રોશની એટલી બધી ચારે બાજુ ફેલાયેલ છે કે
અશ્રદ્ધાનું અંધારું છે છતાંય જરાય તે દેખાતું નથી.
મારા શબ્દની આસપાસ પણ તે રોશની રેલાયેલ છે.
મને લાગે છે કે એટલે જ તું છે પણ દેખાતો નથી.
હવે ઝળહળતી રેશમી રોશનીમાં મને રસ નથી.
મારે પ્રગટાવવો છે શ્રદ્ધાનો નાનકડો પણ અખંડ દીવો.
રોજ તેમાં ભક્તિનું ઘી પૂરતા રહેવું છે.
તારા જ પ્રકાશને મારા શ્રદ્ધા દીપકમાં પ્રગટાવવો છે.
એ દિવ્ય પ્રકાશમાં મારે તને ભાળવો છે.
બીજા કોઈ પ્રકાશમાં તારા દર્શન શક્ય નથી.
તારા દિવ્ય પ્રકાશ અને પાવન આનંદથી
કશું પણ મને ચઢિયાતું લાગતું નથી.
તારી ભક્તિ કરતાં કોઈ ચઢિયાતી શક્તિ નથી.
તારાથી ચઢિયાતી કોઈ વિભૂતિ નથી.
તારા તરફની ગતિ કરતાં
કોઈ ચઢિયાતી સદ્‌ગતિ નથી.
તારી ઉપલબ્ધિ કરતાં ચઢિયાતી કોઈ સંપત્તિ નથી.
તારી સંવેદનાથી ભરેલ હૃદય કરતાં
કોઈ ચઢિયાતી પ્રગતિ નથી.
ભક્તિમાં ઝરમરતાં આંસુ કરતાં ચઢિયાતો
તારો કોઈ અભિષેક જણાતો નથી.
ભાવનાની ભૂમિ કરતાં ચઢિયાતું કોઈ પાવન તીર્થ નથી.
તારી પ્રાર્થના કરતાં કોઈ ચઢિયાતું મુલાયમ મંદિર નથી.

ધૈર્યશીલ પ્રતીક્ષાથી ચઢિયાતી તારી કોઈ પ્રતિમા નથી.
તારા અસ્તિત્વની પ્રતીતિના રણકાર જેવો કોઈ ઘંટનાદ નથી.
તારી ભાવવિભોર સ્તુતિ જેવો કોઈ શંખનાદ નથી.
નિર્મલ અંતરના સમર્પણથી ચઢિયાતું કોઈ દર્પણ નથી.
સંવેદનની સુવાસથી મહેંકતી મતિ જેવી કોઈ ધૂપસળી નથી.
સુગંધી સદ્ભાવના જેવી કોઈ પુષ્પમાળા નથી.
તને બિરાજમાન કરવા ભાવસભર સ્મૃતિ જેવું
કોઈ સિંહાસન નથી.

હે પરમપૂજ્ય !

તારી પૂજાની સામગ્રી ભેગી કરી છે,
મારી સમજ મુજબ.
તું સ્વીકારજે
પૂજા.

હે પૂજ્યશિરોમણિ !

તું પૂજાને સ્વીકારે યા નહિ –
એનો પણ કોઈ આગ્રહ હું નથી જ રાખતો.
કારણ કે માલિકીની મહોર મારી આપણા
સદીપુરાણા સંબંધને ઘરાશયી નથી કરવો.
આપણા સંબંધમાં પણ તને મુક્તિનો અલૌકિક
અનુભવ કરાવી પુણ્ય સંચિત કરવાની
તક મારે હવે ગુમાવવી નથી.

હે વાતચીતનું વરદાન

હે પરમ સખા !

લેવું તારું નિર્મલ નામ એ જ મારું મંગલ કામ.
સંવેદનના શબ્દોની હું કોઈ પ્રતીક્ષા કરતો નથી.
તારા સાન્નિધ્યમાં વાત આપમેળે ખુલતી આવે છે.
મનમાં જે આવે તે તને ખુલ્લે ખુલ્લું કહી નાંખું છું.
શબ્દને આરોહ-અવરોહ કે ઢાંચો આપવાનો
કોઈ સજાગ પ્રયત્ન હું નથી કરતો.
કશું ગોઠવ્યા વિના જ હું સંવેદન કરે રાખું છું.
તારી સાથેની વાતચીતને હું સદા મમળાવ્યા કરું છું.
દિલની વાતને લય, તાલ, શબ્દ બધું સામેથી મળે છે.
છતાં એના તરફ નથી કશું લક્ષ કે નથી એનો મને પક્ષ.
મારે તો તારી સાથે વાતોએ વળગવામાં બનવું છે દક્ષ.
આ વાતચીતનું વિમલ વરદાન મને તું બક્ષ.
પછી તો કદિય ના બનું હું તારાથી વિલક્ષ.
પરંતુ આમાં પણ મારું તને કોઈ દબાણ નથી. કેમ કે
આપણા સંબંધમાં માલિકીની છાપ મારીને
તારા જેવા પરમ મિત્રને ગુમાવવો મને પાલવે તેમ નથી.

ઓ હૃદયના તાજ !

તું તો મારા શ્વાસમાં વણાઈ ગયો છે.
પ્રત્યેક રક્તબિંદુમાં છવાઈ ગયો છે.
રોમેરોમમાં તું જ રેલાઈ ગયો છે.
દિલમાંય તું છલકાઈ રહ્યો છે.
મનમાં પણ તું જ ઉભરાઈ રહ્યો છે.

હૃદયમાં તું ફેલાઈ ગયો છે.
અંતરમાં તું જકડાઈ ગયો છે.
મારા આત્મામાં તું જડાઈ ગયો છે.

હે પરમેશ્વર !

હવે તો તું જ મારો પ્રાણ અને ત્રાણ.
તું જ મારી મતિ અને પ્રગતિપૂર્ણ ગતિ.
તું જ મારું શરણ અને સ્મરણ.
તું જ મારો પ્રેમ અને પ્રકાશ
તું જ મારો ગરવો ગ્રંથ અને પંથ.
તું જ મારો સંત અને અરિહંત.
તું જ મારો સનાતન સાથ અને સથવારો.
તું જ મારો મૂલ્યવાન મિત્ર અને માલિક.
તું જ મારી ભક્તિ અને મુક્તિ.
તું જ મારી આરતી અને મંગલ દીવો.
તું જ મારું મંગલ અને કલ્યાણ.
તું જ મારું ઉદ્યાન અને ઉપવન.

હે કુશળનાવિક !

હવે તને સોંપી છે મારી જીવન નૌકા.
જલ્દી હલેસા મારી સામે પાર પહોંચાડ.
ભવસાગર કેવળ ભુજાબળથી તરવાની
મારી તો કોઈ તાકાત નથી.
હૈયામાં એવી હામ નથી.

તારો પ્રભાવ બતાવ

હે પરમેશ્વર !

દૂર દૂરથી તું આવવાની વાત કરે છે.
મને ક્યારનો કેવળ લલચાવ્યા કરે છે.
ભગવાન જેવો ભગવાન થઈ માણસની જેમ વર્તે છે !
હું આવું ને તું ભાગી જાય. આ સંતાકુકડી ક્યાં સુધી ?
આ દોડધામ્ ને નાશભાગના તાપ્‌ને શમાવવા તો આવ.
મારી મનોવ્યથાને તું નહીં હટાવે તો બીજું કોણ હટાવશે ?
મારી વાસનાને તું શાંત નહિ કરે તો
બીજું કોણ શાંત કરશે ?
ક્રોધના જ્વાળામુખીને તું ઠારશે નહિ તો
એ કામ કોણ કરશે ?
હું ક્રોધમાં સળગું, વાસનામાં ખૂચું.
છતાંય તું માત્ર જોયા જ કરે !
આટલી હદે તું નિષ્ક્રિય કેમ બન્યો છે ?
ખરો છે તું પણ.
તારી નિષ્ક્રિયતાને ખંખેરીને દૂર કર.
સક્રિય બની તું જલ્દી અહીં આવ.
જોતો ખરો મારા હૃદયનો ભાવ.
કેટલો છે તારા પ્રત્યે સદ્‌ભાવ !
હવે બતાવ તારો પ્રગટ પ્રભાવ.
મને ઓળખાવ તારો સોનેરી સ્વભાવ.
જેવો છું તેવા મને હવે તું નિભાવ.
નથી જોઈતો મારે કશોય વિભાવ.
તારી કરુણાનો સાગર છલકાવ.

પછી જોજે મારો દિવ્ય દેખાવ.
પ્લીઝ !
હવે મને બહુ નહિ રડાવ.
જલ્દી તારી પાસે બોલાવ.
તું મને વધુ નહિ અકળાવ.
મારી ઝોળીને ઝટ તું છલકાવ.
હું તો તારામાં થયો છું ગરકાવ.

હે પરમકૃપાળુ !
આટલું તો કમ સે કમ કર.
જે લખું છું તેને જીવનમાં જીવંત કરવાની,
પ્રતિબિંબિત કરવાની,
ફલિત કરવાની
મને શક્તિ આપ.
પછી મારું સમગ્ર જીવન બની જશે તારી પૂજા,
તારી સેવા, તારી ભક્તિ.
બસ એ જ મારી મુક્તિ.
હાથીના દાંત ચાવવાના અને બતાવવાના જુદા,
તેમ મારું લખાણ અલગ અને જીવન અલગ-
આવો વિસંવાદ, આડંબર સજીને
મારે તારા ઘોર અપરાધી નથી થવું.
આ જ મારી ચાહના ને ખેવના છે.

ભગવાન કરતાં ભક્ત વધુ ભાગ્યવાન

હે સર્વસમૃદ્ધિમાન !

મારી સંવેદનામાં લખેલા-બોલેલા શબ્દ,
અવિરત ઉભરાતા વિશદ વિચારો,
ઘણીવાર વહી જતા ઉના આંસુઓ,
આ બધા ઉપરની માલિકી તારી બની જાય છે.
તારી વધતી સમૃદ્ધિમાં મારો ભોગ છે, ભાગ છે.
પણ તને ક્યાં ખબર છે કે
લખ્યા વિનાના, બોલ્યા વિનાના શબ્દો
મારી પાસે અઢળક છે.
હૃદયમાં નહિ ઉમટેલા વિચારો પાર વિનાના છે.
નહિ વહાવેલા આંસુઓનો અકબંધ મહાસાગર છે.
તારી પાસે તારું પોતાનું આસું તો એકેય નથી.
જે છે એ પણ તને મારી ભેટ-સોગાદ જ છે.
'ભગવાન કરતાં ભક્ત વધુ સમૃદ્ધ હોય છે.'
આવું ક્યાંક સાંભળેલ તેનું હાર્દ કદાચ
આ તો નહિ હોય ને !

તું મારા હૃદયમાં કેન્દ્રસ્થાને હોય છે ત્યારે હું બનું છું સમ્રાટ.
પણ તું બહાર નીકળી જાય છે અને હું થાઉ છું ભીખારી.
તારી પાસે બનું છું સાવ ખાલીખમ છતાંય આશ્ચર્ય એ છે
કે તારા સાન્નિધ્યમાં જ પરિપૂર્ણતાનો અનુભવ થાય છે.

તારી પાસે દુનિયાના ગણિત બદલાઈ જાય છે.
બહારના બધા સમીકરણ પણ ઉલટાઈ જાય છે.
તારા સાન્નિધ્યમાં મૌનમાંથી પણ શક્તિ ઉભરાય છે.

તારી ઉપસ્થિતિમાં શબ્દો વામણા અને કુંઠિત બને છે.
વૈશાખી ઉનાળો પણ શીતલ વિમલ વસંત બને છે.
અહંકારનો આકરો તાપ-સંતાપ પણ શાંત-પ્રશાંત થાય છે.
લાલસાની ખીણ પણ તૃપ્તિનું પાવન શિખર બને છે.
વાસના ય ઉપાસનામાં રૂપાંતરિત થાય છે.
તારી ઉપસ્થિતિની આ કમાલ છે.
તારી ઉપસ્થિતિ એટલે તારી સ્મૃતિ.
માટે તારા સાન્નિધ્ય સિવાય બીજું કશું ઝંખતો નથી.

ભલે ને આવે મરણ, છૂટે ન તારું નામસ્મરણ.
પછી અટકશે મારું ભવભ્રમણ.
આ જ મારી તને અંતિમ વિનંતિ છે.
વિનંતિ તું સ્વીકારશે એવો વિશ્વાસ રાખું ને !
મારા સ્વામી !
કોઈને ક્યારેય એવું ન થવું જોઈએ કે
તારામાં મૂકેલો વિશ્વાસ ઠગારો નીકળ્યો.
તારી આબરૂનો આ પ્રશ્ન છે.
હું ભલે બેઈજ્જત બનું, તું તો નહિ જ બનતો.
તારા યશ - પ્રતિષ્ઠાને ધક્કો ન લાગે તે જોજે.
તેનું તું જતન-સંવર્ધન કરજે.
આમાં જરાય ઉપેક્ષા ના જ કરતો હોં !

આંખ અને આંસુના પડદાને ચીરી નાંખ

હે પુરુષોત્તમ !

તારા દરબારમાં તારી પાસે આવવું છે,
છતાંય આવી નથી શકતો.
તારી ભક્તિમાં મુક્ત મને રડવાનું મન થાય છે,
છતાં રડી નથી શકતો.
રડમશ છતાં કોરીધાકોર આંખને સંભાળી પણ નથી શકતો.
નહિ વરસેલા ભીતરના આંસુનો ભારેખમ ભાર સહી નથી શકતો.
કંઠના ડૂમાને, અંતરની અકળામણને છોડી નથી શકતો.
આંખ અને આંસુની વચ્ચેના પડદાને ચિરી નથી શકતો.
આ પડદાને હટાવવાની જે જોઈએ તે લેજે કિંમત.
પણ આ અકળ પડદાને હટાવવા અજમાવ તારી હિમ્મત.
જોજે, કેટલો વરસે છે આંસુનો ધોધ.
પછી તને થશે મારી વેદનાનો બોધ.
બંધ કરીશ પછી હું તારી શાશ્વત શોધ.
કારણ, પછી તું સામે ચાલીને મારી સાથે રહેશે.
શરૂ થશે અંતરની અલપ-ઝલપ.
જોવા જેવી હશે તેની ચીલઝડપ.

હે વાત્સલ્યમહોદધિ !

તું એકાંતમાં મારી પાસે આવશે તો જ તને આ બધું સમજાશે.
માટે તો મારી ભીતરમાં એકાંતનું
જતન-પોષણ-સંવર્ધન કરું છું.
મારા એકાંતની લક્ષ્મણરેખા ઓળંગવાની
તારા સિવાય કોઈમાં તાકાત નથી.

કારણ કે બીજાની સાથે મારો સંબંધ છે છતાંય કાચો.
માત્ર તારી સાથેનો જ સંબંધ બનાવ્યો છે મેં પાકો.
હવે તું કરી દે એને ખરેખર સાચ્ચે સાચો.
બીજાને મારામાં ઘૂસવા મેં નથી રાખ્યો કોઈ ખાંચો.
મારા મનને મેં અલગ જ આપ્યો છે ઢાંચો.
મારા નાથ ! તમે અહીં પધારી મન મૂકીને નાચો.
તમે સાવધાનીથી મારી વિનંતિ તો વાંચો.
મારા મનનો દૂર કરો લોચો-લબાચો.
બાકી કર્મ મારશે મને તમાચો.
લોકો જોશે ખરો તમાશો.
વાંક મારો કે તમારો ?
એ તમે વિચારો.

અંતર્યામી !

મનમાં રાખી મૂકવા કરતાં
જે હોય તે તને કહી દેવું સારું.
કારણ
તને બધું કહી દીધા પછીનું
મૌન પણ લાગે છે પૂરું મધુરું.
બાકી મૌન પણ મારું બુરું-તુરું-અધુરું.

માંગવું તો તારી પાસે

હે દિવ્ય દાનેશ્વરી !

શું જોઈએ છે ? એ કહેવાનો અને માંગવાનો
મારો તારી પાસે અધિકાર છે.
કારણ દિવ્ય દાનેશ્વરી એવા તને
હૃદયસિંહાસન ઉપર સદા બેસાડેલ છે.
માંગવાથી હું નાનો નથી થતો, કારણ કે આડોશી-પાડોશી
કે બીજે ક્યાંય નહિ, પણ તારી પાસે મદદ માગું છું.
અણહકકનું તું ભલે ન આપ. પરંતુ હકકનું તો આપ.
મારી લાયકાત પ્રમાણે આપવામાં કંજુસાઈ ન રાખ.
મારી યોગ્ય માંગણી પૂરી કરવામાં આળસ ન કર.

મારી સદ્‌ગુણની ભૂખ ન ભાંગે તો તું અન્નપૂર્ણા કઈ રીતે ?
મારા હૃદયને ભક્તિથી છલકાવી ન દે
તો તું અક્ષયનિધિ ક્યાંથી ?
મારો નિર્મળ નિજાનંદ ન આપે તો તું મહાદાનેશ્વરી ક્યાંનો ?
ટળવળાવીને આપવાનો મતલબ શું હોય ?
ભૂખ મરી જાય કે પેટ ભરાઈ જાય પછી આપે તે કામનું શું ?
મુક્તિ મળ્યા પછી ગુણવૈભવ આપે તેનો અર્થ શું ?
ખરા અવસરે ન આપે અને
વગર જરૂરે વરસે - આ ક્યાંની નીતિ ?
તારે મને તારા માર્ગે ચાલવાનું બળ
આપવાનો સમય હવે પાકી ગયો છે.
તું યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિને ન આપે તો મારું શું થશે ?
કાં મનગમતું હમણાં આપી દે
કાં દાનેશ્વરીનું બિરુદ પાછું ખેંચી લે.

સમજણભરેલ ઠરેલ સમાધાન કરી હર્યોભર્યો સંતોષ મને દે.
બાકી હું તો કાયમ માંગ્યા જ કરીશ.
માંગવું એ છે મારો પુરાણો ધર્મ.
આપવું એ છે તારું કર્મ
સૌપ્રથમ શું માંગવું ? એનો દે મર્મ.
એમાં શી આવે તને શર્મ ?

ઓ મનના માનીતા !
માંગવાનું શીખડાવતા પહેલાં મારું કહેવાતું બધું જ
બે હાથ જોડીને તને સમર્પિત કરી દઉં -
એટલું યાદ કરાવવાનું ભૂલતો નહિ.
મારી માલિકીમાં (?!) રહેલા, અંદરમાં સંઘરેલા
કંસ, રાવણ, દુર્યોધન, મંથરા, શકુનિ, દુર્વાસા
આ બધાય ને તારા ચરણે ધરી દેવાની
સદ્‌બુદ્ધિ સૌ પ્રથમ આપજે.

અનામીના નામની કમાલ !

હે અનામી !

તને કયા નામથી બોલાવવો ? તેની સૂઝ નથી પડતી.
અલગ - અલગ ધર્મપંથ અને સંપ્રદાયમાં
તારા અલગ - અલગ છે ઘણાં નામ.
સેંકડો-હજારો કરતાં વધુ છે તારા નામ.
મારે કયા નામથી કરવું કામ ?
તું વિશુદ્ધ આત્મા હોવાથી કોઈ તને બ્રહ્મા કહે છે.
તારામાં કર્મની કાળાશ નથી છતાં
તને ઘણા કૃષ્ણ બોલે છે.
નિજાનંદનું અદ્‌ભુત ઐશ્વર્ય હોવાથી
યોગીઓ 'મહેશ્વર' કહીને બોલાવે છે.
દિવ્ય સંદેશ આપવા આવવાના લીધે
તને કોઈ પયગંબર પણ કહે છે.
સર્વ જીવો ઉપર રહેમનજર રાખવાથી
'રહીમ' તરીકે પણ ઘણા તને ઓળખે છે.
તારો બોધ સ્વયંભૂ હોવાથી
'બુદ્ધ' રૂપે પણ તું પ્રસિદ્ધ છે.
સુખ-શાતા આપવાના કારણે તને
'શંકર' કહીને પણ ઘણા સાદ કરે છે.
જ્ઞાનનો મહા અગ્નિ તારામાં ઝળહળતો હોવાથી
'મહાનલ' રૂપે તારી ઘણા ભક્તિ કરે છે.
આત્મામાં જ નિર્દોષ રીતે રમવાના નિમિત્તે
'રામ' કહીને પણ ઘણા તારી પ્રાર્થના કરે છે.

નર કરતાં ઘણી ઊંચી ભૂમિકાએ પહોંચેલા હે સ્વામી !
'નારાયણ' શબ્દથી તને ઘણા વિનવે છે.
રાગ-દ્વેષથી મુક્ત એવા તને
'વીતરાગ' નામથી ય ઘણા પીછાણે છે.
બધા જીવોનો સાચો માલિક હોવાથી તું
'સાંઈ' શબ્દથી પણ ઓળખાય છે.
પાપ બાંધવાના રણમેદાન સમાન સંસારને છોડવાના
લીધે 'રણછોડજી' કહીને પણ તને લોકો પૂજે છે.
અદ્ભુત ભાગ્યવાન-સૌભાગ્યવાન હોવાથી તું
'ભગવાન' પણ કહેવાય છે.
લોકોત્તર પ્રભાવનું આદ્ય ઉદ્ગમસ્થાન એવો
તું 'પ્રભુ' કહીને પણ વિનવાય છે.
કર્મ વિના, કેવળ ખુદથી જ તારું
અસ્તિત્વ-વ્યક્તિત્વ હોવાથી ખુદા તરીકે તું પંકાય છે.
સમગ્ર પ્રાણીગણનો માલિક (=ઈશ)
એવો તું 'ગણેશ' શબ્દથી પણ બોલાવાય છે.
આખા જગતની વહાલસોયી માતા હોવાથી
'જગદંબા' તરીકે તું મનાય છે.
સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર દેનાર તું
'દત્તાત્રય' કહીને ય પોકારાય છે.
જગતનો ઈશ-સ્વામી હોવાથી
'ઈશુ' કહીને ય તું નવાજાય છે.
જગતનો સ્વામી હોવાથી
'જગત્પતિ' શબ્દથી પણ તું જણાય છે.
જ્ઞાનની ગંગા તારામાં સમાયેલ હોવાથી
ગંગેશ તરીકે પણ તારી ઉપાસના થાય છે.


હે નિરંજન !

બધા અલગ - અલગ નામથી બોલાવે તો તને જ છે.
તમામ નામનું તું છે પાવન ધામ.
તારા જેટલા અને જે નામ હોય તે ભલે.
પણ તને કયું નામ પસંદ છે ?
તેની મને નથી ખબર.
મને તો 'કરુણાનો પારાવાર', 'દયાસિંધુ', 'પરમ દયાળુ',
'લાડલા', 'હૃદયના શણગાર' આવા બધા
તારાં નામો ખૂબ ગમે છે.
એમાં નથી કોઈ સંપ્રદાયનું બંધન કે નથી પંથની પકકડ.
એ નામથી બોલાવવામાં રહે છે
કેવળ નીતરતી હૃદયની લાગણી.
તને ગમે કે ન ગમે. હું તો આવા નામથી જ તને
વિનવવાનો - પજવવાનો.
મારી વિનવણી માનજે, પજવણી માફ કરજે.
અને મને સાફ કરજે.
કારણ ભીતરથી તો હું તારા જેવો જ છું ને !
બહારથી ભલે ને કુટિલ કર્મની કાળાશ લાગતી હોય.
મારી જેમ તું કાંઈ થોડો બહારના રૂપનો પૂજારી છે ?

મૌનની પણ ભાષા !

ઓ લાડલી જગતમાતા !
આમ ક્યાં સુધી રીસાવાનું ?
મારે મનામણાં ક્યાં સુધી કરવાના ?
દુનિયામાં તો બાળક રીસાય ને મા મનાવે.
અહીં આપણી વચ્ચે તો શીર્ષાસન થયું છે.
વારંવાર રીસાઈ જાય છે તું.
અને તને મનાવું છું હું.
છતાં ય કદિ ન માને તું.
તારી આ જૂની પુરાણી આદત લાગે છે.
હવે આ કાલાવાલા મારે બંધ કરવા છે.
મને તું બહુ લટકાવ નહિ, લલચાવ નહિ.
દિલના દરવાજા રાખ્યા છે સદા ખુલ્લા.
સમયની કોઈ પાબંદી તારા માટે નથી.
આવવું હોય ત્યારે આવજે.
પણ આવજે જરૂર હોં.
હું તો આ શાંતિથી બેઠો.
પણ એક વાત તને ખબર છે ને ?
શાંતિ-મૌન-ખામોશીની પણ એક ભાષા હોય છે.
ખુલ્લી આંખે જ એને સાંભળી શકાય છે.
તારા કાન બંધ-બહેરા હશે તોય ચાલશે.
પણ એક વાર અહીં નજર તો નાંખ.
તેં ભલેને બુરખો પહેરેલ હોય.
હું કદાચ તારા ચહેરાને ન દેખું.
પણ તું મને દેખશે તોય ચાલશે.

તારી નજર મને નિર્મળ કરશે.
નજર બહુ દૂર કરવી નહિ પડે.
હું તારી પાસે જ છું હોં.
ઓહ ! ભૂલી ગયો.
તું જ મારી પાસે આવેલ છે.
મને ખબર નથી તું ક્યાં ઊભેલ છે ?
પણ શ્રદ્ધા છે કે તું મારી આસપાસ છે.
આ શ્રદ્ધાના આધારે તો તારી સાથે વાત કરું છું,
જ્યારે તું મારી પાસે જ છે તો એક વાત કહી દઉં.
હું પડવાની અણી પર હોઉં ત્યારે મારો હાથ ઝાલજે.
સાંભળજે મારો આટલો સીધો સાદો સાદ.
તો સફળ થશે આપણો આ સંવાદ.
માટે તો તને કરું છું રોજ યાદ.
તેમાં આવે છે મને મધુર આસ્વાદ
મારા અંતરમાં છે માત્ર તારો જ નાદ.
છતાં તું દેતો નથી જરાય દાદ.
તને વધુ શું કહું ? પૂજ્યપાદ !
જરૂર તું ખુશ થશે પણ મારા સુધર્યા બાદ.



જગતપતિ અને જગતનો મનમેળ નથી

હે વ્હાલસોયા !

તારી સાથે વાતચીતના શબ્દો ય હળવાફૂલ મુલાયમ લાગે છે.
બીજા સાથે વાતના શબ્દો કાંટા જેવા કર્કશ
અને પત્થર જેવા ભારે લાગે છે.
ગોઠવણભર્યા સાર્થક શબ્દો પણ બીજા સાથેની વાતમાં
બને છે નિરર્થક અને નીરસ-વિરસ.
ગોઠવણ કે સમજણ વિનાના શબ્દો ય
તારી વાતમાં બને છે સાર્થક અને સરસ.
તારા સાન્નિધ્યનો ગજબ પ્રભાવ છે હોં.
પ્રગતિશૂન્ય બાહ્ય ગતિ થકવી નાંખે છે.
ગતિશૂન્ય તારા તરફની પ્રગતિ તાજગી-સ્ફુર્તિ-
પ્રસન્નતા આપે છે.
બહાર તરફ દોડું છું તે મારા જીવનની દુર્ઘટના.
તારા તરફ વળું છું તે જ મારા જીવનની પરમ ઘટના.
બહારનું જોઉં છું, સાંભળું છું, સંભાળું છું તેમ દરિદ્ર બનું છું
તને જોવામાં, સાંભળવામાં, સંભાળવામાં જ
પરિપૂર્ણ સમ્રાટ બનું છું.
બહાર છે ઘણી માગણીની નાગણી.
તારામાં છે નીતરતી કૂણી લાગણી.
બહાર છે ક્રોધનો લાવારસ.
તારામાં છે ઉભરાતો કરુણારસ.
કોઈ હિસાબે તારો અને જગતનો મેળ પડે તેમ નથી.
મનમેળ જામે તેમ નથી. છતાંય તું કહેવાય જગતપતિ !
જગદીશ ! જગન્નાથ ! જગદંબા !

તું અજબ-ગજબનો છે.
તારા રહસ્યો ન્યારા છે.
જગત તારાથી તદ્દન વિલક્ષણ-અપલક્ષણ.
છતાં તું જગતપતિ.
જાણે કે અગ્નિ ઉપર પાણીની માલિકી !
જમીન ઉપર આસમાનનો કબજો !
નરક ઉપર સ્વર્ગનું આધિપત્ય !
પામર ઉપર પરમનું વર્ચસ્વ !
વામન ઉપર વિરાટની સત્તા !
કાળાશ ઉપર ધોળાશનું પ્રભુત્વ !
દુર્ગંધ ઉપર સુગંધનું સ્વામીત્વ !
કારેલા ઉપર કેરીનું નૃપત્વ.
કૌરવ ઉપર પાંડવનું જોર.
રાવણ ઉપર રામનો હકક
કંસ ઉપર કૃષ્ણનો અંકુશ.

હે શક્તિસ્રોત !

આટલી બધી તારી શક્તિ છે તો એક કામ કર ને !
સમગ્રદોષયુક્ત અને સર્વગુણમુક્ત એવા મને
સર્વદોષમુક્ત અને સકલગુણયુક્ત કરી દે.
તારા મહિમાના મંદિર ઉપર
યશનો કળશ ચઢી જશે.
તારી શક્તિ હોય તો
શક્તિને છૂપાવતો નહિ હોં.
મારી જેમ તું કાંઈ
આળસુ થોડો છે ?!

નથી કરતો દરકાર, તેની તકરાર

હે આશ્ચર્યનિધિ !

ઘણીવાર મંદિરમાં આવું છું છતાં તને મળતો નથી.
ક્યારેક મંદિરની બહાર પણ તને પ્રેમથી મળી લઉં છું.
સ્થાન કે સમયની મર્યાદા આપણી મુલાકાતમાં નથી.
તારુ સંવેદનસભર સ્મરણ એ જ તારું મિલન.
તારું મિલન મારે આધીન ! આશ્ચર્ય !

દિલદાર !

તારા ઉપર ઘણો છે પ્યાર.
કેવળ ઝંખું છું મધુર આવકાર.
ક્યારનો તને કરુ છું પોકાર.
શરણે આવેલ મને તું સ્વીકાર.
તો માનું તારી કરુણાનો નહિ પાર.

જો તો ખરો, મારા હૃદયના ઝુરાપાનો ઝંકાર.
તારા વિરહમાં અંતઃકરણમાં ચિતરાય છે ચીત્કાર.
હું તો રોજ કરુ છું તારું સોનેરી સન્માન - સત્કાર.
હવે તો મને આ ભીમ ભવસાગરમાંથી ઝટ તાર.
વિકૃત વાસનાના વમળમાંથી મને જલ્દી ઉગાર.
દુર્વાસા કરતાં ભયંકર એવા ક્રોધાનલને તું હવે ઠાર.
તારી શક્તિ-સામર્થ્ય તો છે સદા અપરંપાર.
તેથી કહું છું આંતરશત્રુઓને તું વાર.
તારા વિના કોણ કરે ઉદ્ધાર ?
મારી વિનંતિને હૃદયમાં ધાર.
તારા જેવો નથી કોઈ ઉદાર.

આ છે મારા હૃદયના ઉદ્‌ગાર.
મારા દોષોને કાઢો બહાર.
એનો ઘણો લાગે છે ભાર.
એણે માર્યો છે મને માર.
શું તું વધુ બોલાવે છે, યાર !
હું સ્વીકારું છું મારી હાર.
વધુ નહિ રાખ મારા ઉપર ખાર.
બતાવ, તારા વાત્સલ્યનો ભંડાર..
એ માટે આવ્યો છું તારે દરબાર.
વાટ જોઈ ઉભો છું ક્યારનો તારે દ્વાર.
મારી પાસે વિનંતિના શબ્દ છે બે-ચાર.
તારે આપવાના હાથ તો છે બાર હજાર.
અહીં ઉભેલી જો તારા ભક્તોની બજાર.
છતાં તું નથી કરતો કોઈની જરાય દરકાર.
આથી થાય છે આપણી વચ્ચે તકરાર.
હવે કરી લે મારી સાથે કરાર.
નહિ દે કદિ ય મને જાકાર.
મારો છે આ તને છેલ્લો પોકાર.
તેને તું કર જલ્દી સાકાર.
તો બનશે મારા દિલનો સુંદર આકાર.
પછી થાશે મારો ભવસાગર પાર.

શ્રદ્ધા અંધ રહેવાને સર્જાયેલ છે

હે પરમવિશ્વસનીય !

તારા પરની અખંડ-અતૂટ-અસીમ શ્રદ્ધામાં અંધ બનવું છે.
બુદ્ધિના ઘમંડની દૃષ્ટિ મારે ક્યારેય જોઈતી નથી.
દેખતાના એક્સીડન્ટ ઘણા સાંભળેલ છે.
આંધળાનો એક પણ નહિ.
બુદ્ધિચક્ષુ મેળવીને
જીવન હોમવું નથી.
મારે તો ભલી શ્રદ્ધા.
શ્રદ્ધાને અંધ રહેવામાં ભલે રસ હોય.
'દેખાય તો સ્વીકારવું' એ તો બુદ્ધિ જ કહેવાય.
દેખાતાના સ્વીકારમાં શ્રદ્ધા પોતાનું
સ્વરૂપ જ ગુમાવી બેસે છે.
મારે તારા ઉપરની શ્રદ્ધાને તોડવી નથી,
છોડવી નથી, ભાંગવી નથી.
શ્રદ્ધા અંધ હોવા છતાં અનુભવી શકાય છે,
જો શાન-ભાન સતત ઠેકાણે હોય તો.
મારું અસ્તિત્વ, મારો ચાલતો શ્વાસ
એ જ તારી હયાતીનો પ્રબળ પુરાવો છે.
જો કે મને તો આવા પુરાવા, સાક્ષી, સાબિતી,
ચિહ્ન, નિશાની વગેરેમાં ય રસ નથી.
મારા દિલનો ઉછળતો-ઉમટતો, કુદકે-ભૂસકે
આગળ વધતો બધો ય રસ તારામાં જ ઠાલવેલ છે.
આ જ છે મારા દિલના સરસ રસની મુલાયમ માવજત
અને નમણી સાચવણી.
તારા શરણે-ચરણે હું અને મારું બધું ય સુરક્ષિત-સલામત છે.

આ જ છે તારી મારા ઉપર અનરાધાર કરુણાવૃષ્ટિ.
કેવલ આને જ હું ગણું છું મારી અદશ્ય દષ્ટિ.
એનાથી જ દેખાય છે તારી ગુણસૃષ્ટિ.
આ તારી વિદ્યાનું નામ છે આકૃષ્ટિ.
માટે જ રહે છે તારું આકર્ષણ.
અને તારા તરફનું ખેંચાણ.
આ જ મારું સૌભાગ્ય.
તારા પરની શ્રદ્ધામાં મને ભલે માને કોઈ બેભાન.
એવું માનનારને નથી કશીય ભાન
કે હું છું સતત સભાન.
ઠેકાણે છે મારી શાન.
છે મને તારું જ્ઞાન.
નથી જોવી જાનૈયાની જાન.
તારી સ્મૃતિનું કરું છું રસપાન.
આ જ છે મારું મધુર ખાનપાન.
પછી ગાઉં છું તારું જ લયબદ્ધ ગાન.
એનાથી સવળા બને સદા તારા કોમલ કાન.
આવું દે મને વિમલ વરદાન.
આનાથી ચઢિયાતું નથી કોઈ દાન.
મારે નથી જોઈનું કોઈનું માન.

હે અદૃશ્યમૂર્ત્તિ !

મનની મર્યાદિત બારીમાંથી
બુદ્ધિની આંખથી તને જોવાની,
મગજની ફુટપટ્ટીથી તને માપવાની
પડી ગયેલી પુરાણી કુટેવ તું દૂર કરજે.

ગીરવે મૂકેલ થાપણ છોડાવો

હે પ્યારા !

તારી સંવેદનાનો માંડેલ છે દીર્ઘ તપ.
તારો સાક્ષાત્કાર કરવા શરૂ કર્યાં છે આ તપ.
જગતથી વિખૂટા પડવાનો છે આ આકરો તપ.
મારી સંવેદનાના શબ્દો એ જ છે તારા નામનો જપ.
સંવેદનમાંય શબ્દથી અશબ્દ-મૌન તરફ સરતો જાઉં છું.
આ રીતે ભયંકર ભવસાગર ધીમે ધીમે તરતો જાઉં છું.

સદા સર્વત્ર તારી ભાવભીની ભક્તિ કરતો જાઉં છું.
બહારના જગતમાંથી હવે ખરેખર ખરતો જાઉં છું.
તારો અખૂટ જ્ઞાનખજાનો ખોલતો જાઉં છું.
બૌદ્ધિક શબ્દોનું ગોડાઉન ખાલી કરતો જાઉં છું.
ગ્રંથોનું જ્ઞાન તારા ચરણે મૂકતો જાઉં છું.
તારી મૌનલિપિને નિરંતર ઉકેલતો જાઉં છું.
જાગૃતિની જાળમાં તને લપેટતો જાઉં છું.

મારે તારી પાસેથી બીજું કશું જોઈતું નથી.
દેજે મને એક નાનકડું વરદાન.
'તારાથી મને દૂર તાણી જનાર કશુંય ન ગમે મને.'
પછી તાળીના ગડગડાટ મને અડી નહિ શકે.
વાહવાહ કદાપિ મને ભીંસી નહિ શકે.
અહંનો આકરો તાપ પણ થકવી નહિ શકે.
રહીશ તારામાં ઓગળતો-પીગળતો,
મૌનના શિખરમાંથી નામ-સ્મરણના ઝરણાને વહાવતો,
તારી મીઠી યાદમાં દુનિયાને ખરાવતો.

તારા નામનું બીજ હૃદયભૂમિમાં વાવતો.
રહીશ માત્ર તને સંભારતો - સંભાળતો.
અશ્રુતળાવમાં તૃપ્તિના કમળને ખીલવતો.
તને ય સાથે હસાવતો અને ખીલાવતો.
તને મહોબતનો હાર્દિક અનુભવ કરાવતો.

હે માનીતા માલિક !

આ બધું કરવાનું છે એક પ્રયોજન.
તારી થાપણ પ્રેમથી તને સોંપવી છે.
તું મારો માલિક. હું તારી થાપણ-અનામત.
અનાદિકાળથી કર્મસત્તાને ત્યાં હું ગીરવે મૂકાયો.
તેને ત્યાં ઘણું ટીચાયો-પીટાયો-કચડાયો.
મારા પરની તમારી માલિકી ભૂલી તો નથી ગયા ને ?
તમે સમર્થ છો. સદ્ધર છો મને ગીરવેથી છોડાવવા.
શક્તિશાળીને પોતાની ચીજ મેળવવામાં તકલીફ શેની ?
કર્મસત્તાને ત્યાંથી છૂટો થવામાં મને આનંદ પાર વિનાનો.
મને ત્યાંથી છૂટો કરવામાં તને તકલીફ લેશ પણ નહિ.
તો પછી કેમ મને ત્યાંથી છૂટો કરતો નથી ?

તારી પડખે લઈ લે

હે સમર્થ !

એક બાજુ છે મારી વાસનાની આગ.
બીજી બાજુ છે તારી પાવનતાનો હિમાલય.
એક બાજુ છે મારો અહંકારનો કાળો ભોરિંગ સાપ.
બીજી બાજુ છે તારો નમ્ર મનમોહક મયૂર.
એક બાજુ છે મારી દુઃખની ખીણ.
બીજી બાજુ છે તારી સુખની ખાણ.
એક બાજુ છે મારો દુર્ગુણનો ઉકરડો.
બીજી બાજુ છે તારા સદ્ગુણનું ઉપવન.
એક બાજુ છે મારી ક્રૂરતાની ખાઈ.
બીજી બાજુ છે તારી કરુણાનું શિખર.
એક બાજુ છે મારું અજ્ઞાનનું અંધારુ.
બીજી બાજુ છે તારું દિવ્ય જ્ઞાનનું અજવાળું.
મારી પાસે છે નિંદાનું વિષમ વિષ.
તારી પાસે છે મધુર પ્રમોદ સુધારસ.
મને વળગી છે માયા ડાકણ.
તને ભેટેલ છે સરલતારૂપી સુશીલ રાજકન્યા.
અપમાનના ખારા સાગરમાં હું ડૂબું છું.
નિસ્પૃહ યશ-કીર્ત્તિના મહાસાગરમાં તું મહાલે છે.
હું સંક્લેશના તીખા તમતમતા મરચા ખાઉં છું.
તું સમાધિના રોચક રસગુલ્લા ઉડાવે છે.
ઉદ્વેગની લિંબોડીના કડવારસ પીતો રહું છું હું.
સ્વસ્થતાનો મધુર આમ્રરસ આરોગે છે તું.

હે લોકોત્તમ !

તારામાં ને મારામાં આભ-ગાભનું અંતર છે,
અંતરાય પણ ઘણા બધા છે.
જો તારી તાકાત હોય તો 'તું અહીં મારી પાસે આવ.'
એમ નથી કહેતો. પરંતુ
'મને તારી પાસે બોલાવ' એવી નમ્ર વિનંતિ તને કરું છું.
તું મને પ્રેમથી તારા પડખે લઈ લે. એ જ છે તમન્ના મારે.
તારી પાસે રહેવાની છે તાલાવેલી ને તલપ.
ક્યારનો કરું છું વલખ-વલખ.
હવે તો મને તું સમજ.
ભલે હું રહ્યો બે-સમજ.
હું તો છું બેજવાબદાર.
તું તો જવાબદાર અને
સમજદાર બન.
સમજદાર એવો તું જો જવાબદાર નહિ બને
તો બેસમજ હું કઈ રીતે તારા પ્રત્યેની
મારી જવાબદારી અદા કરી શકું ?
અજ્ઞાની પાસે આવી અપેક્ષા શું વધુ પડતી નથી ?
તું તો નિરપેક્ષ છે, અપેક્ષાશૂન્ય છે.
તો પછી મને તારવામાં મારા સુધારાની અપેક્ષા શા માટે ?
તારો ચાહક બન્યો છું - આટલો સુધારો શું પર્યાપ્ત નથી ?

ઉપાય છતાં નિરુપાય !

હે પરમોપકારી !

અંદરમાં ને અંદરમાં સતત સળગું છું.
દુનિયાને ભૂલવા તારી સાથે વાતે વળગું છું.
તારી સાથે વાત નથી કરતો ત્યાં સુધી નથી પડતું ચેન.
મૂંગો ને મૂંગો રહું છું ઘણો હું બેચેન.
મૌનનો અજંપો મને જંપવા નથી દેતો.
બીજે મારા માટે છે ઘણી ખેંચતાણ.
છતાં નથી કરતો ક્યાંય રોકાણ.
મારી છે આ એક જ ઓકાણ.
તારું મળતું નથી ઠેકાણ.

હે કૃપાળુ વૈદ્ય !

મને અહંકારનો કાંટો છે ભોંકાણો.
તારા માર્ગે ઘણીવાર હું ઠોકાણો.
છતાં ક્યાંય બીજે નથી હું રોકાણો.
પગ વિનાના તારા પ્રવાસમાં જોડાણો.
તો ય હું તને નથી જરા પણ સમજાણો.

હે ન્યાયપ્રિય !

આપણા જુના-પુરાણા સંબંધના આધારે
મને તો જે લાગે છે તે તને ખુલ્લું કહી દઉં છું,
તેની તું કઈ રીતે ખતવણી કરે ?
એ તારી સમજણને આભારી છે.
પણ રોજની આ વિનવણીની પજવણી બંધ થાય એનો
જે કાયમી ઉકેલ હોય તે તું જલ્દી લાવજે.

મારી દૃષ્ટિએ તો તારું મારી સાથેનું
હેતભર્યું સનાતન સાંન્નિધ્ય
એ જ એનો અમોઘ રામબાણ ઉપાય છે.
આ ઉપાયને અજમાવવામાં તું નિરુપાય નથી ને !
તારી મારી પાસે સ્થિતિ, ઉપસ્થિતિ
એ જ તો છે મારું જીવન.
અહીંથી તારી ગતિ એ મારું કાયમી મરણ.
તારી સાથેની વાતો એ જ મારા વિસામા.
તું બને જો કૃષ્ણ તો હું બનું સુદામા.
પણ અત્યારે તો તારી પ્રતીક્ષામાં
મારા તાર તંગ બની ગયા છે.
લાગે છે કે મારા પ્રેમનું વર્તુળ નાનું પડે છે.
અને તું પ્રેમવર્તુળ કરતાં ઘણો મોટો છે.
હવે તો બે વિકલ્પ છે તારી પાસે.
કાં મારા પ્રેમવર્તુળને મોટું કરવાની શક્તિ આપ.
કાં તું નાનો થઈ જા.
જેથી તું મારા પ્રેમવર્તુળમાં-ભક્તિવર્તુળમાં સમાઈ શકે.

ઓ જગતશિરતાજ !

હું તને નાનો બનાવવા નથી ઈચ્છતો.
તારા પ્રત્યેના પ્રેમવર્તુળને મોટું કરવાનું સામર્થ્ય આપી દે.
પછી તો, ચંદનબાળાના ભક્તિવર્તુળમાં તું સમાઈ ગયો
તેમ મારા ભક્તિવર્તુળમાં તું સમાઈ જ જશે.

દૃષ્ટિપાતમાં ય તાકાત

હે પતિતપાવન !

તું મને મંદિરમાં જ મળ - એવો મારો ખાસ આગ્રહ નથી.
બીજે ક્યાંય તું મળશે તો પણ મને ચાલશે ને ફાવશે.
તું જ્યાં મળીશ ત્યાં તે જગ્યા જ મંદિર બની જશે.
તારા પદાર્પણ જે ભૂમિમાં થશે તે તીર્થ બનશે.
માત્ર તારા ચરણસ્પર્શમાં નહિ, દૃષ્ટિપાતમાં ય તાકાત છે,
તારકતા અને પાવનતાને પ્રગટાવવાની,
પતિતને ય પાવન બનાવવાની.
હવે તને ભૂલીને ભટકવાની ભૂલ નથી કરવી મારે.
પરંતુ એક વાર તો નજર નાંખવી પડશે તારે.
મારી સમગ્ર પ્રવૃત્તિના પડદાની પાછળ વહેતી
તારી યાદ દેખાશે તને.
મારી પળેપળને પરોવતો જાઉં છું તારામાં.
આનાથી વધુ શું કહું હું તને ?
તારો સત્કાર કરવા બેલગામ
ઈચ્છા વગરનું મન મારી પાસે છે.

હે બાલસ્વરૂપ ભગવાન !

તું અહીં તો આવ.
કર્મની હોળી અને પ્રાર્થનાની દીવાળી
એકી સમયે તારી સાથે રમવી છે.
મારી શ્રદ્ધાની જ્યોતને તારી જ્ઞાનજ્વાળામાં
મારે સમાવવી છે.
પ્રાર્થનાના પવન અને વિરહના
વાવંટોળની વચ્ચે હું ક્યારનો અથડાઉં છું.

તારા ઉપર વ્હેમ અને પ્રેમનો અદ્વૈત અનુભવું છું.
પાવન પ્રતીક્ષાનો યજ્ઞ ઘણા સમયથી શરૂ કર્યો છે;
અલ્પવિરામ કે અર્ધવિરામ વગરનો.
તારા આગમને જ આવશે એનું પૂર્ણવિરામ.
ત્યાં સુધી મારુ દરેક કાર્ય બનશે માત્ર તારી પ્રતીક્ષા.
તું મારા જે કાર્યમાં ભળે - મળે તે તમામ કાર્ય
પ્રાર્થના - સંવેદના ને ભક્તિ બને છે.

હે નિસ્પૃહશિરોમણિ !

આમંત્રણ દેનારને વિસરી
વગર આમંત્રણે બીજે કયાંક પહોંચી
જિરણ શેઠની જેમ મને ટળવળતો છોડી નહિ દેતા હોં.
તમે સામે ચાલીને જેના આંગણે પધારો.
તેને ત્યાં તો કેશર - કંકુ - ગુલાલના
લાલ-ગુલાબી ફુવારા જ ઉડતા હોય !
પેલી ચંદનબાળાને ધન્ય બનાવી ને !
શ્રેયાંસકુમારને ય પાવન બનાવ્યા.
ઘોડાને ત્યાં સામે ચાલીને તમે જ ગયા હતા ને !
રડતા સિંહઅણગારને તમે જ બોલાવ્યા ને !
કાં તમે મને ત્યાં બોલાવી લો.
કાં પધારવાનું નેહ નીતરતું નિમંત્રણ સ્વીકારી લો.
આથી વધું નથી કહેવું મારે.

✧ ✧ ✧

દુઃખ અને સુખકંદ

હે જગદાનંદ !

તારા સાન્નિધ્યમાં હવે દુઃખ પણ લાગે છે સુખકંદ.
વેદનામાંય ગાઉં છું તારા ગીતો ને છંદ.
એનો અવાજ પણ હોય છે બુલંદ.
વેદનામાં સંવેદનાનો માણું છું મકરંદ.
'મારા પુરાણા પાપો છે પડછંદ'
યાતનામાં આ શ્રદ્ધા બનાવું છું અમંદ.
તેથી અંતરમાં છે અપાર આનંદ.
બને છે પાપો મારા મંદ.
આસમાનમાં દેખું છું તારું જ મુખચંદ.
હું છું કેવળ તારો જ ફરજંદ.
હે ત્રિશલાના નંદ !
ગમે છે ને મારો આ છંદ !
તો પછી એક વાર મળવા આવ.
તારી ઘણી રાહ જોઈ, જોઈશ, જીવનસંધ્યા સુધી.
આવવા જેવું લાગે તો અહીં આવજો.
નહિતર જીવનના પેલે પાર મળશું,
જો તમે ત્યાં હશો તો.
મારી આ વાતને હતાશા કે નિરાશામાં નહિ ખતવતા.
આ તો છે અર્થસભર ગંભીરતા અને ઉષ્માપૂર્ણ ધીરતા.
તમે મળતા નથી છતાં તમારા સાન્નિધ્યને
તો હું સદૈવ અનુભવું જ છું.
લાગણીપૂર્ણ સંવેદનની તીવ્રતા એ જ મારી અનુભૂતિ.
આ જ છે મારી તમારા પ્રત્યેની ભક્તિ અને પ્રેમ ઉપાસના.

તમારો આ સહવાસ હોવાથી પ્રતિક્ષણ
મારામાં કંઈક અપૂર્વ સર્જન થાય છે.
મનમાં છે તમારું જ કેવલ સ્મરણ
અને હૃદયમાં તમારું જ પ્રતિબિંબ.
તું દિલમાં છે તો બધું લાગે છે લીલુંછમ.
તું રવાના થાય છે તો બધે
બાવળીયાના થાય છે દર્શન.
તારી ઉપસ્થિતિમાં સર્વત્ર
શુચિતાનું ભાન થાય છે.
તારી ગેરહાજરીમાં બધે
જ ગંદી ગંધાતી ગંદકી,
અને ગંદકીથી
ઉભરાતો ઉકરડો
દેખાય છે.
તારા વિયોગમાં
બધું સળગતા
મડદાથી ભરેલ શ્મસાનવત્
ભાસે છે, ખખડાટની ખારાશથી
છલકાતા સમુદ્ર જેવું લાગે છે.
પાપડીના શાકમાં ઈયળ બફાય તેમ બફાઈ
રહ્યો છું તારા વિરહમાં. કાચા પાપડની જેમ
સતત સેકાઈ રહ્યો છું તારા વિરહાગ્નિમાં.
તું રવાના થાય છે ને સુખ બને છે દુઃખકંદ.

☆ ☆ ☆

તારા દરબારમાંથી ન કરતો હકાલપટ્ટી

હે ધન્વંતરી !

એક વાર હોસ્પીટલમાં દાખલ થયો હતો હું.
વેદના ને યાતનાનું ધસમસતું પૂર આવ્યું.
ઓસરી પણ ગયું થોડા સમયમાં.
એ પૂરમાં ઘણું તણાઈ ગયું.
અહંકાર, વાસના, ઈર્ષ્યા તણાઈ ગયા.
ન તણાઈ માત્ર મારી સંવેદના.
ઊલટું સંવેદના વધુ સમૃદ્ધ બની.
યત્ર તત્ર સર્વત્ર તારી કરુણાના દર્શન થયા.
સ્વસ્થ સુસંવાદિતાનો અનુભવ થયો.
તારા પ્રત્યેની લગની - સ્મૃતિમાં ઉછાળો આવ્યો.
બધું જ છોડીને નીકળી પડનારાના
માર્ગે નીકળ્યો છું.
જેથી તારો સાથ-સથવારો મળી શકે.
સંસારના જવાળામુખીના લાવરસથી
ઘણો દાઝ્યો છું.
હવે તો તારી સ્મૃતિ એ જ એક મલમપટ્ટી.
આ જ છે મારી સદા ઓળખપટ્ટી.
મને ઓળખવામાં વાપરજે આ ફુટપટ્ટી.
તો બંધ થશે મારી રખડપટ્ટી - રઝળપટ્ટી.

ઓ ત્રિભુવનતિલક !

એક વિનંતિ-તારા દરબારમાંથી ક્યારેય ન કરતો મારી હકાલપટ્ટી
તારી કરુણામાંથી પણ ક્યારેય ન કરતો મારી નિકાલપટ્ટી.
મારી અત્યાર સુધીની ભૂલ બદલ હું પકડું છું કાનપટ્ટી.

સ્મરણશક્તિ અને વિસ્મરણશક્તિનો ઉપયોગ શીખવજે

હે મારા મનના માલિક !

આંખ બંધ કરું છું ને તારા દર્શન થાય છે.
તારો હસતો ચહેરો જોઈને હું ખીલતો જાઉં છું,
સૂરજને જોઈ સૂરજમુખી ફૂલ ખીલે તેમ.
અંધકારમાં બંધ આંખે તને જોઈ શકું,
તારી સાથે વાત કરી શકું,
આટલો તો છે આપણો સંબંધ.
આનાથી છે મને હર્યોભર્યો સંતોષ.
પરંતુ આંખ ખુલે ત્યારે તું
ક્યાં ગાયબ થાય છે ?
એ રહસ્ય છે મારા માટે.

હે ક્ષમાસાગર !

ખુલ્લી આંખે તારી વગોવણી ખૂબ કરી.
હવે બંધ આંખે તારી સ્તુતિ કરવાની ઉજળી તક મળી
એનો અપાર આનંદ છે મારા અંતરમાં.
વેદના ને વ્યથાના આંસુ વખતે મેં
તને આપેલ ઠપકો માફ કરજે.
હાસ્યનો પમરાટ આપનાર તું જ હતો એ હું ભૂલી ગયો.
તું પણ મારી આ ભૂલને ભૂલી જજે.
તારી પાસે સ્મરણશક્તિની જેમ
વિસ્મરણશક્તિ પણ ભરપૂર હશે.
મને પણ દેજે થોડી વિસ્મરણશક્તિ

બીજાએ કરેલ કડવા અપમાન, તીખા વચનને ભૂલવા.
દેજે થોડી સ્મરણશક્તિ,
તારા ઉપકારને યાદ રાખવા.
હું આ શક્તિના ઉપયોગનું શિર્ષાસન ન કરી બેસું.
તેનો તું ખ્યાલ રાખજે..

ઓ મહાવીર !

છેલ્લી પ્રાર્થના.
તારા શાસનરૂપી બાગને મેળવી
દોષકંટકની માવજત કરી
ગુણપુષ્પને કચડી નાંખવાનું પાપ
ક્યારેય હું ન કરું. - એવી કરુણા વરસાવજે.
મારી અનાદિની આ અવળી ચાલના
લીધે તું કેટલો દુઃખી થયો હશે ?
એ સારી રીતે હવે હું
તારી કૃપાથી
સમજી
શકું
છુ.

એજન્સી બદલવી છે ?

ઓ દિવ્ય યોગીશ્વર !

મને તું ઘોંઘાટ વગરના સ્થાનમાં લઈ જા.
વિકલ્પશૂન્ય અવસ્થામાં મને તું મૂકી દે.
તો જ સંવેદનસભર દશામાં હું ઠરીશ.
બાકી આમથી તેમ આથડ્યા કરીશ.
તમારા વિના ગ્રંથનું જ્ઞાન પણ પારકું લાગે છે.
શબ્દો પણ ઉછીના ભાસે છે.
વિચાર-વિકલ્પ પણ યાચેલા લાગે છે.
તમારી ગેરહાજરીમાં હું કેવો બનું છું ?
તેનો મને સારી રીતે ખ્યાલ છે.
જગત ભલે ને મને સારો માને.
પણ હું કેવો નીચ, નપાવટ ને નાલાયક છું ?
તેની જાણ માત્ર તને અને મને જ છે.
દુનિયા તો મારી વાણી અને વર્તનને જુએ.
ભીતરના વિચારના વમળ તો જાણે તું અને હું.
પણ એક વિનંતિ તો તને કરું ને ?
મારી સારી વાણી અને વ્યંવહાર
જેવા મારા વિચાર વિમલ કરી દે.
ઉજ્જવળતાની એજન્સી તો કેવળ તારી પાસે જ છે ને ?
ના, ના મારી પાસે ય છે તો ખરી, છતાં ફરક ઘણો છે.
તારી પાસે ઉજ્જવળતા હંસ જેવી.
મારી પાસે ઉજ્જવળતા બગલા જેવી.
મારી આ એજન્સી વેંચીને તારી હંસતુલ્ય ઉજ્જવળતાની
એજન્સી મારે વેચાતી લેવી છે.

તારો વિચાર હોય તો મને જણાવજે.
પણ જરા જલ્દી કરજે હોં !

તું ભલે સમુદ્ર જેવો ગંભીર હોય,
પણ ખારાશની એજન્સી મારી પાસે જ છે.
તું સિંહ જેવો પરાક્રમી ભલે હો,
ક્રૂરતાની એજન્સી તો મારી પાસે છે.
તું ચંદ્ર જેવો સૌમ્ય ભલે હો,
કલંકની એજન્સી મારી પાસે જ છે.
તું સૂર્ય જેવો તેજસ્વી છે,
પરંતુ ઉગ્રતાની એજન્સી મારી પાસે જ છે.
તું ગુલાબ સમાન સુગંધી છે,
પણ કાંટાની એજન્સી મારી પાસે છે.
તું કમલવત્ નિર્લેપ છે,
પણ કાદવસહવાસની એજન્સી મારી પાસે છે.
તું મેરુપર્વતની જેમ અડોલ છે,
પણ કર્કશતા, કઠોરતાની મોનોપોલી મારી છે.
તું ચંદનની માફક શીતલ છે. પરંતુ
દાહકતાની એજન્સી મારી પાસે જ છે.

તારી ઉપમાઓને પૂર્ણ કરવી હોય તો
મારી એજન્સી સ્વીકારી લે.
તારી એજન્સી મને આપી દે.
તો જ તારી ઉપમા પૂર્ણ થશે.
બાકી તારી ઉપમાઓને
હું અધૂરી જ
ગણીશ.

તારી ભક્તિ મારું ભાવી

હે ભવિષ્યસર્જક !

તને જોયા પછી જ્યોતિષી પાસે
કુંડલીના આડા અવળા કુંડાળામાં અટવાવું નથી.
તું જ મારા ભવિષ્યનો સર્જનહાર છે.
આ વાત સારી રીતે સમજાઈ છે.
નવ ગ્રહો તો તારા ચરણકમલના કિંકર છે, સેવક છે.
તારા ભક્તને કોઈ ગ્રહ પ્રતિકૂળ બની ન શકે.
તારા દ્વેષીને કોઈ ગ્રહ અનુકૂળ બની ન શકે.
તેને દરેક ગ્રહ પ્રતિકૂળ બન્યા વિના રહી ન શકે.
હવે ગ્રહના બદલે તારી ઉપાસના કરવી છે.
માલિક જેના ઉપર પ્રસન્ન હોય
તેના ઉપર સેવક નારાજ કેવી રીતે હોય ?
હવે તો તું જ મારું ભવિષ્ય.
મારો તારા પ્રત્યેનો વ્યવહાર એ જ મારું ભાવી.
તારી ભક્તિ એ જ મને ભાવી છે. એ જ મારું ભાવી છે.

હવે મારું ભાવી મને ઉજળું દેખાય છે.
શાંતિની વાતો કરી અશાંતિમાં અટવાવું નથી.
હોઠ ઉપરની તમામ ફરિયાદને ફરી યાદ નથી કરવી.
તું મારા આંગણે આવ્યો એ જ મારું બહુમાન.
હવે તો દિલમાં એક જ રટણા છે.
સુખ મળે યા ન મળે.
દુઃખ ટળે યા ન ટળે.
તું મને મળવો જ જોઈએ.
તારી જ કેવળ અભીપ્સા છે.

તને ધરાઈ ધરાઈને જોવો છે.
દિલ ભરીને તને માણવો છે.
પૂરેપૂરો તને જાણવો છે.
આ જ છે કેવળ મારું લક્ષ.
એનો જ છે માત્ર મને પક્ષ.
હવે એવું વરદાન મને બક્ષ
થાઉં હું દુનિયાથી વિલક્ષ.
એ સ્વીકારવા બન્યો છું બદ્ધકક્ષ.
તું છે જગતમાં જાગતો મહાજક્ષ.
હું બનું તારી સેવામાં દક્ષ.
હવે તો આંતરશત્રુઓથી મને રક્ષ.

મારા નાથ !

તારી પધરામણીથી ખૂબ આનંદ છે.
'હું તારો હતો અને છું જ.'
પણ 'તું મારો છે' એની પ્રતીતિ આજે થઈ.
આજે તો મારે શૂન્યમાં મહાસર્જન થયું.
શુદ્ધ આત્મસ્વરૂપનું તારામાં દર્શન થયું.
તારી સાથે સગપણ થયા પછી પડદો શેનો રહે ?
હવે મારે મારું કહેવાતું બધું ય કરવું છે તારાજ.
પણ સ્વામી ! તને નથી કરવો નારાજ.
કરતો નહિ આમાં મને બે-ઈલાજ.

દેખાય છે ભૂતકાળ

હે શરણાગતવત્સલ !

તારા નિર્મળ જ્ઞાનમાં મને દેખાય છે મારો ભૂતકાળ.
તદ્દન બીહામણો અને રીબામણો ભૂતકાળ.
કેટલી બધી યાતના ને વેદના ?
નર્યો અળખામણો ભૂતકાળ.
તને ભૂલીને સર્જેલો ભૂતકાળ.
ફુટબોલ જેવો ઠેકાણા વિનાનો ભૂતકાળ.
અંગારા જેવો સળગતો લાલચોળ ભૂતકાળ.
મરચા કરતાં તીખો તમતમતો કરુણ ભૂતકાળ.
જંગલી હિંસક પ્રાણી કરતાં ક્રૂર ભૂતકાળ.
હરાયા ઢોર જેવો રખડેલ -રઝળેલ ભૂતકાળ.
ખોડાપશુ-પ્રાણી જેવો ખોડખાંપણ
ભરેલો દયનીય ભૂતકાળ.
દયાપાત્ર-કરુણાપાત્ર બનવા છતાં
તારી કૃપાનું પાત્ર ન બનેલ ભૂતકાળ.
કોલસા કરતાં કાળો અને કાબરચીતરો
બૂરો-તૂરો-તૂટેલો ભૂતકાળ.
સત્ત્વહીન-પ્રજ્ઞાશૂન્ય-પાવનતાવિહીન-
ગુણરહિત ભયંકર ભૂતકાળ.
ક્રૂરતાથી ભરેલો, કઠોરતાથી છલકાતો,
કાયરતાથી ઉભરાતો, કુપાત્રતાથી
નીતરતો ભૂતકાળ.
હરણ બની સિંહના મોઢામાં ઘણી વાર
હું ચવાઈ ગયો ભૂતકાળમાં.

બકરી થઈ વાઘના જડબામાં જડાઈ ગયો અતીતકાળમાં.
ઘાસ બની ગાયના દાંતમાંય હું ખવાઈ ગયો છું.
દેડકો બનીને સાપના મોઢામાં ફસાઈ ગયો.
કીડો બની કુકડાની ચાંચમાં ચવાયો.
માણસ બની અજગર દ્વારા ગળાયો.
ભાજી બનીને માનવપેટમાં પધરાવાયો.
ગાય બનીને કતલખાને ઘણી વાર કપાયો.
બોકડો થઈને કેટલીય વાર બલિદાન કરાયો.
બાળક બની એક્સીડન્ટમાં વાહન નીચે કચડાયો.
દૂધી બની ઘણી વાર કચડાયો-છૂંદાયો-બફાયો-ચવાયો.
ભીંડો થઈને કેટલીય વખત મફતના
ભાવમાં વેચાયો-કપાયો.
માખી બની, વાંદો થઈ ગિરોળીના મોઢામાં
જીવતો ફસાઈ ગયો.
પેટ ઢસડીને ચાલતી ઈયળ થઈ,
માછલી થઈ બગલાની ચાંચમાં ચવાયો.
વિષ્ટા ચૂંથતો ભૂંડ બની શિકારીના હાથમાં ઝડપાયો,
વેચાયો, કપાયો, રંધાયો, ખવાયો.
વગોવાતો દરિદ્ર માનવ થઈને વેદના-વ્યથામાં
ગ્લાન થયો, મ્લાન થયો, પાયમાલ થયો.
નરકમાં અને પશુના ખોળિયામાં તો દુઃખી થયો જ.
પણ નોકર-ગુલામ દેવ થઈને ય દુઃખી જ થયો.
દાવાનળની જેમ દઝાડતો
યમરાજની જેમ ડરાવતો.
કસાઈની જેમ અકળાવતો
આ છે મારો ભયાનક ભૂતકાળ.
તારાથી વિખૂટા રહેવાનું આ છે પરિણામ.

કાર્ય નહિ, કારણને છોડ

પરમાત્મા :→ વત્સ !

મારા નિર્મળ જ્ઞાનદર્પણમાં
તને તારો દુઃખદર્દભર્યો ભૂતકાળ તો દેખાયો જ છે પણ.
ધ્યાનથી જોઈશ તો મૂળમાં દેખાશે
તારો દોષ ને દુર્ગુણોથી ઉભરાતો દારુણ ભૂતકાળ.
કસાય જેવી ક્રૂરતા ને વાઘ-સિંહ-વરુ જેવી
ખુંખાર હિંસકતા અને કઠોરતા.
શિયાળ જેવી લુચ્ચાઈ ને બગલા જેવી દાંભિક મનોવૃત્તિ.
મમ્મણ શેઠ જેવી કંજુસાઈ ને સૂર્યકાન્તા રાણી જેવી બેવફાઈ.
રાજગૃહીના ભીખારી જેવી નિરર્થક-કાળી-રૌદ્ર સંક્લિષ્ટ વૃત્તિ.
ભૂંડ ને કબુતર કરતાં વધુ વકરેલી વિકૃત વાસનાની લેશ્યા.
ગોશાળા કરતાંય ચઢે તેવી કાતિલ આશાતનાની પરિણતિ.
કોલસા કરતાં ય કાળી, મસોતા કરતાં મેલી મનોવૃત્તિ.
ઉકરડા કરતાં વધુ ગંધાતી, ગટર કરતાં ય ગંદી કલ્પના.
તુચ્છતા, ક્ષુદ્રતા, ઉદ્ધતાઈ, તોછડાઈથી ગ્રસ્ત સમગ્ર માનસ.
અહંકારનો ઉકળાટ, આસક્તિની આગ, ઈર્ષ્યાના દાહની બળતરા,
લાલસાની લાલચ, નિંદાનું ઝેર,ધિક્કાર-તિરસ્કારનો આકરો તાપ,
બીજાને પછાડવાની વૃત્તિ, આત્મપ્રશંસાની ભૂતાવળ,
પરસ્પૃહા અને પુદ્ગલરમણતાનો વળગાડ
આળસ, ઉદ્વેગ, પરપીડાપરિણામ, કુતૂહલતા,
અધીરાઈ, નિરાશ વલણ, સગવડરુચિ...
આ બધો છે તારો પોતાનો માનેલ જૂનો પરિવાર.
આનાથી જ સર્જાયેલ છે તારો દયનીય ભૂતકાળ.
ઉજ્જ્વળ ભવિષ્યનું સર્જન કરવું હોય તો
આ પરિવારનું ઝડપથી વિસર્જન જરૂરી છે.

કાર્યથી ડરનારે તેના કારણને છોડવું અનિવાર્ય બની જાય છે.
બગીચો છોડવાથી સુવાસ છૂટી જાય છે.
ઉકરડો છોડવાથી દુર્ગંધ છૂટી જાય છે.
પાપ છોડવાથી દુઃખ છૂટી જાય છે.
પ્રમાદ છોડવાથી દુર્ગતિ છૂટી જાય છે.
દોષ છોડવાથી દર્દ પણ છૂટી જ જાય છે.
માત્ર દોષ-પાપ-પ્રમાદ જ ન છૂટવા જોઈએ. પણ
તેના પ્રત્યેની કૂણી લાગણી પણ છૂટવી જોઈએ.
તો જ ખરા અર્થમાં તું મારા શરણે આવેલ બનીશ.
મારા ચરણે આવીને ય શરણે નહિ આવનાર ઘણા છે.
દુઃખમુક્તિ માટે મારા ચરણને ઘણા પકડે છે.
દોષમુક્તિ માટે મારા શરણને વિરલા જ સ્વીકારે છે.
મારા ચરણને પકડનાર દેવલોક સુધી જઈ અટકે છે.
મારા શરણને સ્વીકારનાર દોષમુક્ત, પાપમુક્ત,
દુઃખમુક્ત થઈને ઝડપથી મોક્ષે જાય છે.
ટૂંકી ને ટચ દીવા જેવી સ્પષ્ટ વાત કહી દઉં.
તું સદ્ગતિમાં ઘણી વાર ગયો.
પણ સદ્ગતિના કારણને વળગી ન રહ્યો.
દુર્ગતિમાંથી છૂટ્યો છતાં
દુર્ગતિના કારણને ન છોડ્યા,
દુર્મતિને ન જ છોડી.
પરમગતિની વાતો ઘણી કરી. પરંતુ
તેના કારણોને ગમાડ્યા નહિ,
આત્મસાત્ કર્યા નહિ.
મોક્ષની વાત કરવા છતાં તને
દુઃખ પ્યારું ન લાગ્યું. સુખ ખારું ન લાગ્યું.
પછી મોક્ષ ક્યાંથી થાય ? માર્ગ વિના મંઝીલ કેમ મળે ?

ભક્તિ કરતાં ભય લાગે છે

હે મનોભૂષણ !

તારી વાત સાચી છે.

પરમગતિનું કારણ એવી ઉગ્ર સાધનામાં ઉત્સાહ થતો નથી.

પરંતુ તારી ભક્તિ મન મૂકીને કરું છું.

તારી ભક્તિમાં દુનિયા ભૂલી જાઉં છું.

ક્યારેય ન અનુભવેલ શાંતિને માણું છું.

તારી ભક્તિ આગળ સ્વર્ગ પણ શુષ્ક લાગે છે.

દેહાધ્યાસ, દોષવળગણ, દુઃખત્રાસ

આ બધા છૂટતા જાય છે.

આ આત્મા તારી ભક્તિમાં ઘણો

હળવોફૂલ-નિર્મળ બન્યો છે.

તારી ભક્તિ માત્ર મંદિરમાં નહિ,

મંદિર બહાર પણ વહ્યા કરે છે.

તારા ખાતર સર્વસ્વ ન્યોચ્છાવર કરવા

અંતરમાં નિરંતર લાગણી ઉછળે છે.

તારા પ્રત્યેની ભક્તિ, લાગણી, સમર્પણ ભાવ

મારો સંસાર ઉખેડી નાંખશે.

તારા ગુણો પ્રત્યેનો પ્રગાઢ અનુરાગ મારા તમામ

દોષના અનુબંધને સળગાવી દેશે.

તારી પ્રાર્થના મારી અનાદિની વિકૃત વકરેલી

વાસનાને મૂળથી બાળી નાંખશે.

તારા નિર્મલ સ્વરૂપને પામવાની અદમ્ય ઝંખના

અવશ્ય સાકાર થશે.

મારી સંવેદનાની તાકાત છે કે બધા આવરણને

તે હટાવશે-ફગાવશે.
તારા અદ્વિતીય પાવન સ્વરૂપમાં હું જરૂર ભળી જઈશ.

હું શાશ્વત કાલ માટે તુજ સ્વરૂપે બની તને મળીશ.
નિરંજન - નિરાકાર - નિર્મલ સ્વરૂપે તને હું મેળવીશ.
પછી તારો અને મારો વિયોગ કદિ નહિ થાય.
હું અને તું એકરૂપ બની જઈશું. રહેશે માત્ર જ્ઞાન અને
આનંદ, સ્ફટિક જેવી ઉજળી નિર્મળતા, અનંત શક્તિ અને
શુદ્ધિ, અમાપ ગુણસમૃદ્ધિ, નીરવ શાંતિ.
એ જ મુક્તિ.
પણ એક ચિંતા છે.
મને મોક્ષ ગમશે નહિ, કેમ કે
મોક્ષમાં તારી ભક્તિ કરવા નહિ મળે.
તારી પ્રાર્થનાનો લહાવો ગુમાવવો પડશે.
તારી આજ્ઞા પાળવાનો આનંદ પણ છૂટી જશે.
તારા પ્રત્યે સમર્પણભાવ મોક્ષમાં કેવી રીતે રાખીશ ?
સંવેદનાના આંસુથી તારો અભિષેક પણ હું નહિ કરી શકું.
આ ખોટ મોક્ષમાં ગયા પછી કેવી રીતે પૂર્ણ થઈ શકશે ?
તારી ભક્તિથી મળનાર મુક્તિમાં તારી ભક્તિ વિના
મને ચેન નહિ જ પડે. તારી ભક્તિ કરવામાં આ જ
એક મોટું ભયસ્થાન મને સતાવે છે.
દુઃખમુક્તિ, જન્મમુક્તિ, મરણમુક્તિ, રોગમુક્તિ, દેહમુક્તિ,
કર્મમુક્તિ, દોષમુક્તિ મેળવવા જતાં
અનાયાસે આવી જતી
ભક્તિમુક્તિ મને નહિ પાલવે.
આનાથી આકરી સજા મારા માટે
બીજી કોઈ જ નથી હોં પ્રભુ !

મુક્તિમાં ય ભક્તિ !

પરમાત્મા :—→ વત્સ !

તારી લાગણીસભર ભક્તિની માગણી જાણી.
તારી સંવેદના - પ્રાર્થના - ભાવનાને મેં પીછાણી.
મારી ભક્તિ માટેની તારી તલપ-તાલાવેલી સમજાણી.
મારા પ્રત્યેની તારી નિર્મળ લાગણી જરા ય નથી અજાણી.
મારી ભક્તિ બનશે તારા દુઃખ-દોષ-કર્મની ભારે મોટી ઘાણી.
ભક્તિથી મુક્તિ તો નિશ્ચિત જ છે. પણ
ચિંતા કરવાની જરૂર જરા ય નથી.
અત્યારે તારું ચૈતન્યસ્વરૂપ ભક્તિમય છે.
કેમ કે હાલ તું જીવ છે.
મુક્તિમાં બનીશ તું શિવ.
શક્તિમય ચૈતન્યસ્વરૂપ.
મુક્તિમાં સર્વથા ભક્તિ છૂટી નહિ જાય.
ભક્તિનું થશે રૂપાંતર શક્તિમાં, શુદ્ધિમાં.
જીવનું થશે રૂપાંતર શિવમાં.
દૂધનું રૂપાંતર દહિં, ઘીમાં થાય તેમ.
આજ્ઞાપાલન સ્વરૂપ ભાવભક્તિ પણ
મુક્તિમાં વિદ્યમાન જ છે.
તું તારા સનાતન શુદ્ધ સ્વરૂપમાં સદા વિશ્રાન્ત થા -
આ છે મારી પરમ આજ્ઞા.
શુદ્ધ સ્વભાવની સ્થિરતાસ્વરૂપ
આજ્ઞાપાલનાત્મક ભકિત મુક્તિમાં છે જ.
આત્મપ્રદેશની સનાતન સ્થિરતા સ્વરૂપ આત્મવિશ્રાન્તિરૂપે
પણ આજ્ઞાપાલન ત્યાં રહેશે જ.

પરિપૂર્ણ આજ્ઞાપાલન એ જ તો
મારી ઉત્કૃષ્ટ ભાવભક્તિ છે.

ભક્ત !

ભક્તિનો મુક્તિમાં તોટો નથી, ખોટ નથી.
જેમ ભક્તિનું પરમ-ચરમ ફળ મુક્તિ જ છે. તેમ
તાત્ત્વિક ભક્તિનું પારમ્ય ખરેખર મુક્તિમાં જ છે.
કારણ કાર્યસ્વરૂપ બની જશે.
તેથી ભક્તિમાં ભય રાખવાની
જરાય જરૂર નથી.

ઝોળી મારી ખાલી

હે શુદ્ધશક્તિમય પરમ ચૈતન્ય !

તારી વાણી સાંભળીને મેં પાવન ધન્યતા અનુભવી.
ભક્તિ કરવામાં લાગતી ભયની ભ્રાન્તિ ભાગી-ભાંગી.
હવે તો દિલ દઈને, ધરાઈ - ધરાઈને તારી ભક્તિ કરીશ.
પુષ્કરાવર્ત મેઘની જેમ બારે ખાંગે
તારી ભક્તિમાં મારે વરસવું છે.
તમે મુશળધાર વૃષ્ટિની જેમ મારા ઉપર વરસ્યા છો
તો મારે પણ ભક્તિમાં કચાશ શાની રાખવાની ?
પણ મારા નાથ !
એક વાત તને કહું.
હજારો હાથે તેં મને અઢળક આપ્યું છે.
તો ય મારી ઝોળી ખાલી છે.
તેં મને તેજસ્વી આંખ આપી. પણ
મારી ઝોળીમાં હું પવિત્રતા ન લાવી શક્યો.
તેં કાન આપ્યા છતાં ગુણાનુવાદના
શ્રવણથી હું સમૃદ્ધ ન જ થયો.
તેં મજબૂત બે પગ દીધા તો ય તીર્થયાત્રાની
કમાણી કરી ન શક્યો.
તેં મને બે લાંબા હાથ સોંપ્યા.
પણ મેં દાનરુચિ આત્મસાત્ ન કરી.
તેં મનગમતી તમામ ચીજ વરસાવી પણ
હું પરમતૃપ્ત સંતોષ કેળવી ન શક્યો.
તેં મજબૂત બે ખભા દીધા પણ મેં કોઈને ટેકો ન આપ્યો.
તેં તગડી તંદુરસ્તી આપી તો ય મેં તીવ્ર તપશ્ચર્યા ન કરી.

ક્યારેક તકલાદી શરીર મળ્યું છતાં મેં બ્રહ્મચર્ય ન જ પાળ્યું.
અલમસ્ત મન તેં દીધું છતાં પણ
પાવન ભાવનાથી હું ભાવિત ન થયો.
પાપમાં ઘરડો થવા ઘડપણ આવ્યું તો ય
કાનભંભેરણી વગેરે પાપમાં હું રાચ્યો-માચ્યો.
તેં ઉપકારી ધર્મી મા-બાપ આપ્યા પણ
હું તેનાથી સંસ્કારી ન બન્યો.
તેં કલ્યાણમિત્રોને મોકલ્યા પણ
હું આત્મકલ્યાણના પાવન માર્ગે ન વળ્યો.
તેં સુંદર વાણી આપી પણ
હું ગુણસ્તુતિ - ગુણાનુવાદ કરી ન શક્યો.
તેં સત્તા આપી તો ય મેં કોઈનું કલ્યાણ ન કર્યું.
તેં શક્તિ આપી તો પણ
પરોપકાર દ્વારા કોઈની દુઆ મેં ન લીધી.
તેં મને જ્ઞાન આપ્યું છતાંય
મેં કોઈને સારી સલાહ ન આપી.
મકાન મળવા છતાં પણ
મેં કોઈને આશરો - ઓટલો ન આપ્યો.
ભોજન ભરપૂર મળવા છતાં,
સૂકો રોટલો ય કોઈને મેં ન દીધો.
પરિવારની હુંફ મેળવવા છતાં
મેં કદિ કોઈને વાત્સલ્ય, આશ્વાસન ન આપ્યું.
સાધક અને સાધર્મિકોનો સાથ મળવા છતાં
મેં સાધના ન કરી, અનુમોદના ય ન કરી.
સંપત્તિ અઢળક મળવા છતાં
સીદાતા સાધર્મિકને, રોગીને, ભૂખ્યા ઢોરને ન સાચવ્યા.

જરૂર કરતાં ૧૦ ગણા કપડા મળવા છતાં
કોઈના નગ્ન દેહને મેં ન ઢાંક્યો.
મારી વાડીના ઘેઘુર વડલામાં
શ્રમિત મુસાફરને વિશ્રાન્તિ પણ લેવા ન દીધી.
મળેલા વાહનમાં કોઈને ક્યારેય મેં
ચઢવા - બેસવા પણ ન દીધા.
પુષ્કળ પશુધન મળવા છતાં
કોઈને છાશ પણ મેં ન પીવડાવી.
કુવા, વાવ હોવા છતાં પણ મેં
તરસ્યાને ય ઠંડુ પાણી મફતમાં ન આપ્યું.
ડઝનબંધ પેન, પગરખાં હોવા છતાં
જરૂરિયાતવાળાને કશું ન દીધું.
અનંતવાર તેં સાધુવેશ દીધો છતાં મેં મનની
નિર્મળતા આત્મસાત્ ન કરી.
મારી પાત્રતા-યોગ્યતા કરતાં તેં હજારો હાથે
મને અઢળક આપ્યું.
પણ મારી દુર્બુદ્ધિના લીધે,
તેનો સદુપયોગ કરવા દ્વારા
આત્મશુદ્ધિની ઝોળી, ક્યારેય મેં ન છલકાવી.
મારી જરૂરિયાત - આવશ્યકતા કરતાં
તેં મને અનેકગણું દીધું.
છતાં મેં મારી ક્ષુદ્ર - તુચ્છ મનોવૃત્તિના કારણે, તેનાથી
પરોપકાર કરવા દ્વારા પાવન પુણ્યપુંજની ઝોળી, ન જ ભરી.
અનેક ઉજ્જવળ તક મળવા છતાં
સૂક્ષ્મ અને શુદ્ધ દષ્ટિ ન હોવાથી બધું જ ગુમાવી બેઠો.
જાતને વધુ મલિન કરી. કેવી કરુણતા ! દરિદ્રતા !

તારી ખુશીમાં મારી ખુશી

હે સમાધિસાગર !

તારા સાન્નિધ્યમાં સમાધિનો અપૂર્વ અનુભવ થાય છે.
માટે હું સદા સન્નિહિત હોઉં છું, તારી નજીક રહું છું.
મારો પાર્થિવદેહ ભલે બીજાની સાથે હોય તો પણ
મારો મનોમય દેહ તો સદા તારી પાસે જ છે.
મને ગમે છે માત્ર તારો સાથ, સથવારો.
બીજાના સાથમાં મને જરાય ભરોસો નથી.
મારો તો એક તું જ છે પ્રીતમ.
તું જ મારુ કાયમ વિશ્રામધામ.
રસ્તામાં પણ કરું તારી સાથે વાત.
બીજા સાથે જરૂરી વ્યવહાર કરું છું;
તે ય તને લેશ પણ ભૂલ્યા વિના.
અવસરે બીજાને સાથ-સથવારો આપું છું;
તે પણ કેવળ તારો જ સાથ-સથવારો મેળવવા.
શક્તિ મુજબ અને રુચિ મુજબ જે
સાધના-ઉપાસના કરું છું;
તે પણ માત્ર તને જ પ્રસન્ન કરવા, ખુશ કરવા માટે.
તપ, જપ, ત્યાગ, સ્વાધ્યાય મને મંજૂર છે,
જો તું ખુશ થાય તો.
તારી ખુશી ખાતર બધું કરવા
હું સદા તૈયાર છું, તત્પર છું.
મારે મન તો તું રાજી એટલે આખું જગત રાજી.
કારણ કે તું જગતપતિ - ત્રિભુવનપતિ છે ને !
જગતપતિ જેના ઉપર પ્રસન્ન હોય તેના ઉપર જગત

અપ્રસન્ન ન જ હોય.

કદાચ અપ્રસન્ન હોય તો તે તારું જગત કઈ રીતે બની શકે.

તને બેવફા હોય તેવા કહેવાતા જગતને

મારે રાજી નથી કરવું.

મારે તો કેવળ તને જ ખુશ કરવો છે.

તારી પ્રસન્નતા એ જ મારી મૂડી છે.

તારી ખુશી એ છે મારી ખુશી.

તું મારા ઉપર રાજી તો હું રાજી.

તારી રહેમનજર એ મારું જીવન.

મારી તમામ પ્રવૃત્તિનું લક્ષ્ય છે તારી કરુણા.

તારી તારક કૃપાનું ભાજન બનવાનું જ છે લક્ષ.

મારી સાધનાનું ચાલકબળ છે

તારી અમીદૃષ્ટિ પ્રાપ્તિનો ઉદ્દેશ.

મારી પ્રાર્થનાનું પ્રેરક બળ બનેલ છે

તારી મીઠી નજરની લાગણી.

એના લીધે જ તો સાધના ને

પ્રાર્થનાના બે પગ દ્વારા

તારી નજીક હું આવું છું.

શાંતિને પણ સ્મિત અને સૌંદર્ય !

હે શાંતિસદન !

તારી પાસે રહેલ શાંતિનો અખૂટ ખજાનો મને દેખાડ.
મારે તારી શાશ્વત શાંતિનો પરિચય કરવો છે.
શાંતિ શબ્દનો અર્થ મેં સાંભળ્યો છે પણ જોયો નથી.
મારે તો માત્ર તારી શાંતિને જોવી નથી, અનુભવવી છે.
બીજે બીજું બધું ય જોવા મળેલ છે.
નથી જોવા મળી પરિપૂર્ણ શાંતિ.
શ્મશાનની શાંતિનો કોઈ મતલબ નથી.
જડ-શુષ્ક-નીરવ શાંતિનું મારે કામ નથી.
મારે તો તારી શાંતિ જોઈએ છે, કેમ કે
તેમાં સ્મિતનું સૌંદર્ય અને સમતાની સુવાસ છે.
વાત્સલ્યની ઉષ્માં અને સુશીલ સમાધિની ચમક છે.
પ્રેમાળ સ્વભાવની રોશની તથા ચેતનવંતી
કરુણાની રોનક છે.
એ શાંતિને મેળવ્યા બાદ કશુંય મેળવવાની
ખણજ પેદા જ ન થાય.
પરમતૃપ્ત, પ્રગાઢ, પાવન, પરિપૂર્ણ શાંતિ-પ્રશાંતિ-ઉપશાંતિ.
ધૈર્યથી નીતરતી, આનંદથી ઉભરાતી એવી પરમ શાંતિ.
ગંભીરતાથી છલકાતી, સદ્ભાવને ફેલાવતી શાંતિ.
શૌર્યપૂર્ણ સાત્ત્વિક-તાત્ત્વિક એવી શાંતિ.
પારમાર્થિક - આધ્યાત્મિક શાંતિ.
અલૌકિક અદ્ભુત શાંતિ.
અદ્વિતીય શાંતિ
પરમ શાંતિ.

માત્ર શાંતિ.
એની પ્રાપ્તિ બાદ;
કદિ ય અશાંતિ ન જ આવે.
અધીરાઈ-આવેગ-આવેશ ન જન્મે.
તુચ્છતા, ક્ષુદ્રતા, કાયરતા, અતૃપ્તિ ન પ્રગટે,
દુર્બુદ્ધિ, દુર્ભાવ, દુરાચાર ક્યારેય પણ સ્પર્શી ન શકે.
ધિક્કાર, તિરસ્કાર, વિષમતા, વિકૃતિ કદિ પકડી ન શકે.
ક્રૂરતા, વક્રતા, જડતા, શુષ્કતા, શોક,
કલેશ-સંકલેશ આવી ન શકે.
ઉકળાટ ને કકળાટની કાળાશ ન તો
અડી શકે, કે ન તો આભડી શકે.

હે શાંતિસાગર !

તારી આવી બેનમુન શાંતિની
એકાદ લહેરનો તો અનુભવ કરાવ.



અદ્વૈતની અનુભૂતિ

હે પ્રેરણામૂર્ત્તિ !

તને જોઉં છું ને પ્રાર્થના કરવાની પાવન પ્રેરણા પ્રગટે છે.
ગાયની જેમ તારી વાતને વાગોળવાનું મન થાય છે.
તારી વાતને વાગોળવાથી તૈયાર થાય છે શ્રદ્ધાનું ક્ષીર.
તેની જમાવટમાંથી નીકળે છે ક્યારેય ન જોયું હોય તેવું
સાત્ત્વિક-તાત્ત્વિક-આધ્યાત્મિક નવનીત.
તારી ભક્તિની ઉષ્મા મળતાં તેમાંથી
પ્રગટે છે સદ્‌ગુણનું સુગંધીદાર ઘી.
તેમાંથી નિર્માણ થાય છે શાંતસુધારસ.
પછી મળે છે પ્રસન્નતા - સ્ફુર્તિ-તાજગી.
રહે છે નિતાંત નીતરતો આનંદ.
ઢોળાતો - છલકાતો- ઉભરાતો આનંદ.
પછી દુનિયા તદ્દન વિસરાય છે.
દિલમાં તું જ ઉભરાય છે.
માત્ર મારા દિલમાં નહિ,
સર્વત્ર તું જ છવાય છે, બધે તું છવાયેલ દેખાય છે
તારા દર્શન-સ્મરણ-સંવેદનની તાકાત
ખરેખર અલૌકિક છે.
તમામ ભૌતિક-સામાજિક-શારીરિક-
પૌદ્‌ગલિક આકર્ષણ મરી પરવારે જ છે.
પરમાણુમાત્રની પણ સ્પર્શના મને નથી રહેતી.
દેહભિન્ન સનાતન સઘન પ્રકાશમય
ચૈતન્યનું જ ભાન રહે છે.
તેમાં ઝળહળતો તરવરે છે તેજોમય તું.
આ જ છે મારી અંગત દુનિયા,

જેમાં તારા-મારા સિવાય કોઈ પણ
જડ-ચેતન પ્રવેશી શકતું નથી.
તારી સાથે અદ્વૈત રચવાનો આનંદ આવે છે.
તારી સાથે વાતોએ વળગું છું ત્યારે
શબ્દાદ્વૈત અનુભવાય છે.
તારા જ્ઞાનમય પ્રકાશક સ્વરૂપને નીરખું છું ત્યારે
જ્ઞાનાદ્વૈત પરખાય છે.
તારા નિર્મળ-નિરુપાધિક ચૈતન્યમાત્રને જોઉં છું
ત્યારે બ્રહ્માદ્વૈત જણાય છે.
તારી બિનશરતી શરણાગતિ સ્વીકારું છું ત્યારે
ભક્તિઅદ્વૈત જ દેખાય છે.
તારા નિર્વિકાર આનંદને અનુભવવામાં
મગ્ન થાઉં છું ત્યારે આનંદાદ્વૈત સર્જાય છે.
તારા મોંઘેરા રૂડા ગુણોના ઢગલાને તું દેખાડે છે
ત્યારે ગુણાદ્વૈત નિર્માય છે.
તારા મધુરા સાન્નિધ્યમાં આવા તો
અનેકાનેક અદ્વૈત રચાય છે.
તારી પાસે જેટલા અદ્વૈતને હું જાણું છું, માણું છું
તેમાં કેન્દ્રસ્થાને અદ્વિતીય એવો તું જ છે.
બીજાને જે માનવું હોય તે માને.
આથી જ આવા અદ્વૈતોને મોક્ષમાર્ગ તરીકે
કદાગ્રહમુક્ત બીજા ગુણિયલ દર્શનકારો સ્વીકારે છે.
કેન્દ્રસ્થાને તારી ઉપસ્થિતિથી
આવા અદ્વૈતો આકર્ષક ને રોચક બન્યા છે.
મને તો કદાગ્રહમુક્ત સંગ્રહનયનો
આ અદ્વૈત જ મીઠો - મધુરો લાગે છે.

તારો આનંદ પણ અનોખો

હે આનંદધામ !

તારા આનંદનો ખજાનો તો મને દેખાડ.
બીજે બધે છે આનંદના નામે વાસનાના તોફાન.
નામ આનંદનું અને કામ કેવળ શરીરને ચૂંથવાનું.
આનંદના ઓઠા નીચે તીવ્રતમ રાગના સંક્લેશનો સંતાપ.
પાપના લાવારસવાળા સ્વાર્થના જ્વાળામુખી ઉપર બેસી
આનંદનો પોકાર !
કોઈને આંસુ પડાવી, નિસાસા લઈને મળતી ચીજ
ઉપર આનંદનું લેબલ.
અનાદિ કાળથી હું પણ આવા જ કોઈક
આનંદની પાછળ ઘણું દોડ્યો.
મૃગજળની પાછળ જાણે મોટી
હરણફાળની હરિફાઈ મેં લગાવી.
સોહામણા સ્વપ્નની સફરમાં જ મહાલ્યો.
પણ, તને જોયો ને મારી આંખ ઉઘડી.
આનંદમય તારું સ્વરૂપ દેખી હું શરમાયો.

કેવો છે તારો પાવન આનંદ !
નથી કોઈ વાસના કે વિકૃતિ.
નથી કોઈ મમતા કે વિષમતા.
નથી કોઈ ક્રૂરતા કે કાતિલતા.
નથી કોઈ કષાય કે વિષય.
નથી કોઈ સાધન કે બંધન.
નથી કોઈ માયા કે પ્રપંચ.
નથી જરાય અતૃપ્તિ કે આગ.

નથી કોઈ સ્વાર્થ કે પાપ.
નથી કોઈ રાગ કે દ્વેષ.
નથી કોઈ ક્લેશ કે સંક્લેશ.
નથી કોઈ તાપ કે સંતાપ.
નથી કોઈ તણાવ કે ખેંચાણ.

કેવો અદ્‌ભુત આનંદ !
નિતાંત નિર્દોષ આનંદ.
નિખાલસ ને નિરામય આનંદ.
પાવન ને પરિપૂર્ણ પ્રગટ પરમાનંદ.
નિરંજન નિરાકાર નિરાબાધ નિરાવરણ આનંદ.
સમાધિમય સમતાપૂર્ણ સ્વસ્થ સહજ સૌમ્ય આનંદ.
અસીમ અતૂટ અખૂટ અખંડ અવિનાશી અતુલ અજર
અમર આનંદ.

હે આનંદદાતા !

તારો અનુપમ આનંદ આપતાં પહેલાં,
એકાદ ગુલાબના સ્વપ્ન જોવા માટે
સેંકડો કાંટા ઉપર ચાલવાની મારી કુટેવને
તું ખલાસ કરજે, ખતમ કરજે.
બાકી તારો આપેલ અમૂલ્ય આનંદ
પણ મારી દુનિયામાં વેરવિખેર જ થઈ જશે.

૮૪ લાખ યોનિ પણ યાત્રાધામ !

હે શિવરમણીના પ્યારા !

તું કોને પ્યારો નથી ? એ જ મોટો સવાલ છે.
તારી ઉપસ્થિતિના લીધે તો બિહામણો સંસાર
પણ સોહામણો લાગે છે.
તારી હાર્દિક ઉપસ્થિતિના કારણે જ જીવો પુણ્ય બાંધી
સાતા-સમાધિ-સદ્ગતિ-સુખ-સગવડ મેળવે છે.
તારી હાજરીમાં અસાતા પણ સાતા બની જાય છે.
પ્રતિકૂળતા પણ અનુકૂળ બની જાય છે,
દુર્ગતિ પણ સદ્ગતિ બની જાય છે,
કષાય પણ પ્રશસ્ત બની જાય છે,
દોષ પણ ગુણસ્વરૂપ બની જાય છે.
માટે જ તને હું સુખસાતા - કે
સદ્ગતિની પ્રાર્થના નથી કરતો.
સર્વત્ર તું રહેજે મારી પાસે-
એવી જ હાર્દિક યાચના કરું છું.
મારા પાપોદયના કારણે નરકમાં જાઉં તો પણ તું
મારા અંતઃકરણમાંથી રવાના થતો નહિ.
તારી હાજરીના લીધે જ શ્રેણિકને
નરક પણ દુર્ગતિ નથી બની.
જ્યાં દુર્મતિ ન આવે તેને દુર્ગતિ કોણ કહે ?
તારી ગેરહાજરીના કારણે જ ગોશાળાને સ્વર્ગ પણ
સદ્ગતિ નથી બનેલ.
જ્યાં સન્મતિ ન આવે તેને સદ્ગતિ કોણ કહે ?
જેવી મતિ તેવી જ ગતિ મનાય ને !

સતત તારી ઉપસ્થિતિ મારા અંતઃકરણના
આંગણે હોય તો નરક પણ મને મંજૂર છે.
ક્ષણ વાર પણ તારી ગેરહાજરીવાળો દેવલોક પણ છે
મને ધરાર નાપસંદ ને નામંજૂર.
દેવલોકમાં કદાચ જાઉં તો પણ તારા પાંચેય કલ્યાણક
ઉજવવાની પાવન પ્રેરણા આપે એવા
કલ્યાણમિત્રોની આસપાસ મને ગોઠવજે.
દેવાંગનાઓના બાહુપાશમાં જકડાવાના બદલે તારી
મીઠી મધુર વાણી સાંભળવામાં લયલીન થવાની
સદ્‌બુદ્ધિ તું આપે તો જ દેવલોક મને ખપે.
બાકી અપ્સરાઓથી અભડાઈ જવા માટે
દેવલોકમાં જવાનું મને હરગીજ કબુલ નથી.
તું પાસે હો તો મારે મન નરક યાતનાધામ
નહિ યાત્રાધામ છે.
બાકી સ્વર્ગ પણ નર્યું યાતનાધામ.
પ્રતિદિન તને પ્રદક્ષિણા દેવાનો
લહાવો મળતો હોય,
બન્ને પાંખ ફેલાવીને તારા મસ્તક ઉપર છાંયો
કરવાની તક મળતી હોય,
સમવસરણમાં તારી પાવન વાણીને સાંભળવાનું -
સમજવાનું સૌભાગ્ય મળતું હોય તો
મયૂર પંખી બનવું પણ મને મંજૂર છે.
દરરોજ સૂંઢમાં નિર્મલ પાણી ભરીને
તારી પ્રતિકૃતિનો અભિષેક કરવા મળે,
સૂંઢમાં ભરાવીને પવિત્ર શતદલ કમલની શ્રેણી
તારી મૂર્ત્તિની ઉપર ચઢાવવા મળે,

તો હાથી બનવું પણ મને પોષાય તેમ છે.
શ્રાવિકામાતાની કુક્ષિએ જન્મ લઈ તારી વાણી સાંભળી,
તારા જ હાથે દીક્ષા લઈ, કર્મક્ષય કરી,
મુક્તિ મળતી હોય તો તો ઉત્તમ જ છે.
પરંતુ માનવભવ મળવા છતાં તેવું
સૌભાગ્ય ન હોય અને કદાચ હું
માળી બનું તો તારા બગીચાનો માળી બનાવજે.
શિલ્પી થાઉં તો તારા જ મંદિરનો શિલ્પી બનાવજે.
દાદા ! પૂજારી થાઉં તો પણ તારા જ દરબારનો.
નોકર બનવું પડે તો પણ તારી જ પેઢીએ - મંદિરે.
કચરો કાઢનાર બનું તો ય તારા જ દેરાસરનો.
સુથાર કે કડીયો બનું તો પણ તારા જ દરબારનો.
તેવું પણ પુણ્ય ન હોય તો જે ઘરમાં સતત તારા
ગુણગાન થતા હોય, સ્તુતિ - સ્તવનની રમઝટ બોલાતી
હોય તે ઘરનો નોકર બનાવજે.

કમ સે કમ કાનના માધ્યમથી તો તારું સાન્નિધ્ય મળે.
ગાય બનું તો તેવા જ ઘરમાં મને ગોઠવજે
જેનું દૂધ તારા પક્ષાલમાં જતું હોય.
ચામર દ્વારા તારી ભક્તિનો લાભ મળતો હોય
તો ચમરી ગાય બનવા કટિબદ્ધ છું.
તારા દરબારમાં તારા ચરણ કમળમાં
સાકરનો દાણો મૂકવા મળે તો
કીડી બનવું પણ મને ફાવશે.
કાશ્મીરના કેશર ઉદ્યાનમાંથી લાવીને તારા ખોળે પવિત્ર
કેશર મૂકવા મળતું હોય તો પોપટ બનવું મને પાલવશે.
તને સમર્પિત થવાનું સૌભાગ્ય મળતું હોય

તો કેળા-કેરીનો ભવ પણ મને રુચિકર બનશે.
તારો તારક સ્પર્શ મળતો હોય તો ચંદન - કેશર
કે પાણી થવા હું તત્પર છું.
તારા દેરાસરમાં રહેવા મળતું હોય, રોજ
તારી સ્તુતિ-સ્તવન સાંભળવા મળે,
તારા દર્શન-વંદન નિરંતર મળે તેવું હોય તો
પંખીનો ભવ પણ મને ગમશે.

તને નમન કરવાનું પરમ સદ્‌ભાગ્ય મને મળતું હોય,
તને છાયા-ઠંડક આપવાનો અણમોલ અવસર
મળતો હોય તો
ઘટાદાર ઘેઘૂર આંબો કે વડલો બનવાનું
પણ હું પસંદ કરીશ.

તારા ચરણારવિંદનો પાવન સ્પર્શ મળતો હોય તો
સુગંધી કમલ-ગુલાબ કે ચમેલી-ચંપો
બનવા પણ હું તૈયાર છું.

અનાજ થાઉં તો પણ જે ભોજન તમારા
પેટમાં જતું હોય તેના ઉપયોગમાં આવું તેમ કરજો.
વાયુ બનું તો પણ તને ઠંડક આપવાના ઉપયોગમાં
આવી શકું તે રીતે મને ગોઠવજે.
અગ્નિ બનું તો પણ તારા મંદિરના અખંડ દીપકમાં,
આરતી, મંગળ દીવામાં કે સળગતી ધૂપસળીમાં મને
ગોઠવી દેજે. જેથી ત્યાં પણ તારા સાન્નિધ્યથી
વંચિત ન રહું
પાણી બનું તો પણ તેવી નદી, સરોવર-તળાવ-કૂવામાં
મને ગોઠવજે કે જેનું જલ મેરુપર્વત કે મંદિરમાં થતા


તારા અભિષેકના ઉપયોગમાં, કેશર-ચંદન ઘસવાના
ઉપયોગમાં આવતું હોય. આ રીતે તારો સ્પર્શ મળશે
તો ય મારે મન જંગલમાં મંગલ થશે.
તારા સમવસરણમાં છંટકાવ થતા સુગંધી પાણીમાં,
બચપણમાં તારા સ્નાન, જલપાન વગેરેના
ઉપયોગમાં આવતા પાણીમાં, દેરાસરનિર્માણના
વપરાશમાં આવતાં પાણીમાં હું ગોઠવાઈશ
તો પણ મને ઘણો સંતોષ થશે.

પૃથ્વીકાયમાં જાઉં તો પણ મેરુપર્વતની પાવન રજકણમાં હું પ્રવેશ
કરું ને તારા જન્માભિષેકના પાણીનો સ્પર્શ કરું.
તારા સમવસરણના ગઢના રત્નમાં, તારા રત્નજડિત
સુવર્ણસિંહાસનમાં, તારા મુગટ-આભૂષણ-આંગી
વગેરેમાં, દેરાસરના ઈંટ-ચૂના વગેરેમાં,
તારી પ્રતિમામાં વપરાતા આરસ-પત્થર-રેતી વગેરેમાં
હું ગોઠવાઈ જાઉં તેવી કૃપા કરજે;
જેથી તને ઉપયોગી થઈને હું કૃતકૃત્ય બનું .

હે વિવેકના વિલાસી !

હું તો ઝંખું છું કેવળ તારું સનાતન સાન્નિધ્ય.
સિદ્ધશીલામાં મળતું તારું પાવન શાશ્વત સન્નિધાન.
પણ એ ન મળે અને ૮૪ લાખ યોનિના
ચકકરમાં ફરવું પડે તેમ હોય તો કોઈ પણ યોનિમાં,
કોઈ પણ ભવમાં ગમે તે રીતે તારા
સાતાદાયક સામીપ્યને હું પામી શકું તેવું ઝંખું છું.
તારું સાન્નિધ્ય છે એટલે તો ૮૪ લાખ
યોનિના ભ્રમણને પણ

હું નિઃસંદિગ્ધ રીતે યાત્રા કહું છું.
મારે ભવની સાથે કે ગતિની સાથે કશી જ નિસ્બત નથી.
મારે જે કાંઈ લાગે - વળગે છે તે કેવળ તારી જ સાથે.
મારે સંબંધ-પ્રેમ-લાગણી... જે કાંઈ છે તે માત્ર તારી જોડે.
સર્વત્ર સદા તારી નજીકને નજીક રહું.
એવું અંતઃકરણથી ઈચ્છી રહ્યો છું.
મારી પ્રાર્થનાને સ્વીકારજો હોં.



સતત સ્તુતિ સરતી રહો

હે પરમપુરુષ !

જેણે બેસાડ્યો પ્રેમથી તને, દિલ તેનું પવિત્ર;
જેણે ગાયો વચનથી તને, જીભ તેની પવિત્ર;
જેણે સુણ્યો કદિ ય તને, કાન તેના પવિત્ર;
જેણે ધ્યાયો હૃદયપટથી, ગાત્ર તેનું પવિત્ર (૧)

જેણે સેવ્યા ચરણ તારા, હાથ તેના પવિત્ર;
જેઓ ઝૂક્યા તુજ ચરણમાં, શિર્ષ તેનું પવિત્ર;
જેઓ આવ્યા તારી પાસે, ચરણ તેના પવિત્ર;
જેણે કીધી પ્રતીક્ષા તારી, આત્મા તેનો પવિત્ર (૨)

જેણે જોયો નજરથી તને, નેત્ર તેનાં પવિત્ર;
જેણે કીધું સ્મરણ તારું, હૃદય તેનું પવિત્ર;
જેણે કીધી સ્તવન રચના, બુદ્ધિ તેની પવિત્ર;
જેણે કીધું આત્મઅર્પણ, શ્રદ્ધા તેની પવિત્ર. (૩)

જેણે કીધી ભક્તિ તારી, તેનું અંતર પવિત્ર;
જેણે કીધી પૂજા તારી, દ્રવ્ય તેનું પવિત્ર;
જેણે કીધી યાત્રા તારી, શ્રમ તેનો પવિત્ર;
જેના દિલમાં સતત તું રમે, જન્મ તેનો પવિત્ર. (૪)

પ્રાતઃ ઉઠી તને જે નમે, દિવસ તેનો પવિત્ર;
જેના ગૃહમાં તું આવી વસે, ઘર તેનું પવિત્ર;
જેણે પાળી આજ્ઞા તારી, ભાગ્ય તેનું પવિત્ર;
રોમે રોમે નિત્ય તું રહે, જીવન તેનું પવિત્ર. (૫)

તું જો આવે મુજ હૃદયમાં, થાય તો તે પવિત્ર;
રહે તું જો મુજ આતમમાં, થાય તે ય પવિત્ર;
મુજ અંતરમાં રમે તું સદા, બને તે તો પવિત્ર;
શ્વાસે શ્વાસે ભળે તું જો, તો બનું હું પવિત્ર. (૬)

તારા સ્મરણે આસું નીકળે, હોય તે તો પવિત્ર;
તારા દર્શને સ્તુતિ પ્રગટે, હોય તે ય પવિત્ર;
વાતો કરતાં સ્તવન જે રચે, બને તે પણ પવિત્ર;
તારા શરણે સતત જે રહે, ભાવ તેના પવિત્ર. (૭)

મારા નાથ !

તારા પાવન સાન્નિધ્યમાં સતત
સરતી સ્તુતિનું ઝરણું વહ્યા કરે તે જ એક ઝંખના છે.

વિશ્રાન્તિ લેવા તારા શરણે

હે વિશ્રાન્તિધામ !

રખડપટ્ટી -રઝળપટ્ટી કરી હું થાક્યો છું.
કૂદી કૂદીને દોડવાથી હું શ્રમિત પણ થયો છું.
બહિર્યાત્રાનો પરિશ્રમ મને ઘણો બધો લાગ્યો છે.
બહિર્મુખતાનો શ્રમ અપાર છે.
કષાયમાં ઘણું ઉકળ્યો.
વાસનામાં પણ આથડ્યો.
લોકૈષણામાં ગબડ્યો.
સુખશીલતામાં અટક્યો.
સ્વાર્થમાં ઊંડો ખૂંચ્યો.
નિંદામાં પણ ડૂબ્યો.
પારકી પંચાતમાં પંકાયો.
ઈર્ષ્યાની આગમાં સેકાયો.
લાલચમાં લપટાયો.
રાગમાં અટવાયો.
ખાવામાં ખોવાયો.
ખૂંધાઈમાં ખેંચાયો.
માયામાં મોહાયો.
તૃષ્ણામાં તણાયો.
ઘમંડમાં ઘમઘમ્યો.
ગેરસમજમાં ગરકાવ થયો.
ભયની ખીણમાં ફેંકાયો.
શોકની ખાઈમાં ઝીંકાયો.
વેદનામાં વલોવાયો.

સુખના સપનામાં ઉડ્યો.
હાસ્યમાં ઉછળ્યો.
ધિક્કારભાવમાં ઢસડાયો.
ક્રૂરતામાં અંધ થયો.

એ વખતે બહુ મજા આવી.
પણ દોષની દુનિયામાં ભટકી,
પાપથી ભારે બનવાનો થાક હવે
અસહ્ય લાગે છે.
એ થાક ઉતરવા, વિશ્રાન્તિ લેવા
તારા શરણે આવ્યો છું.

હે વિશ્રાન્તિદાતા !

મને વિસામો આપ.
હવે સ્ફુર્તિ આવ્યા પછી
તારા સદ્ગુણના પાવન પંથે જ પ્રયાણ કરવું છે.
મારો આ દઢ સંકલ્પ છે, ભીષ્મ પ્રતિજ્ઞા છે.

પણ અનાદિના અવળા અભ્યાસના લીધે
ઊંધી બુદ્ધિના કારણે, કુટેવવશ ફરીથી મારામાં
દોષ-દુર્ગુણના માર્ગે દોડવાની દુર્બુદ્ધિ કદિ ન જાગો-
એ જોવાની અંગત જવાબદારી તારી જ રહેશે હોં.

વાત ખૂટતી નથી

હે મોક્ષમાર્ગના પ્રકાશી !

હું ક્યારેક 'તું' કહીને બોલાવું છું.
તો ક્યારેક 'તમે' કહીને બોલાવું છું.
પણ એમાં મૂંઝવણ રાખવાની જરૂર નથી.
બહુમાન ભાવથી બોલવું છું ત્યારે 'તમે' કહું છું.
લાગણીનો ધોધ બેકાબુ બને ત્યારે 'તું' પણ કહી દઉં છું.
સર્વ વસ્તુઓ ઉપર પ્રકાશ પાથરનારને
આ બાબતમાં મારે પ્રકાશ પાથરવાનો ન હોય.
છતાં આત્મીયતાના નાતે ખુલાસો કરી લીધાનો
મને સંતોષ થાય તે માટે મેં ચોખવટ કરી
લીધેલ છે.
મારા મનમાં જે આવે તે તને ખુલ્લં-ખુલ્લા
કહેવાનું મેં રાખેલ છે.
મારા કહેવાથી તને ખુલાસો થાય છે કે કેમ ?
તે તો તું જાણે.
પણ હું તો તારી પાસે એકદમ ખુલ્લો થાઉં છું.
હળવો ફૂલ બનું છું.
તને ચોખ્ખે-ચોખ્ખું કહેવાથી હું તારી પાસે આવું છું.
બધું જ સ્પષ્ટ કહી દેવાથી કશું કહેવાનું બાકી
રહેવાનો રંજ નથી રહેતો.
જેમ જેમ તારી સાથે વાત કરું છું તેમ તેમ
આત્મીયતા પ્રગાઢ બને છે.
તારી-મારી વચ્ચેનું અંતર, અંતરની વાતથી, ઘટતું જાય છે.
નિર્મલ અંતઃકરણની આંતરિક વાતો તને કહેવામાં મજા પડે છે.

ઘણું ઘણું બોલ-બોલ કરવા છતાં વાતો ખૂટતી નથી.
રોજ લખ-લખ કરવા છતાં લેખની થાકતી નથી.
વધુ ને વધુ સ્ફુર્તિ-તાજગી કલમને મળે છે.
ભવભ્રમણનો ભારેખમ થાક ઉતરે છે.
તારી પાવનતાનો પરિચય થાય છે;
કારણ કે આ બધી લખ-લખ અને
બોલ-બોલ મને તું જ કરાવે છે.
બહારથી નિષ્ક્રિય જણાતો તું આટલો
સક્રિય હશે, તેની મને ખબર ન હતી.
મને બોલાવનાર ને લખાવનાર તું હો
પછી મને થાક શેનો લાગે ?
હું ભલે શક્તિહીન હોઉં પણ તું તો
અનંતશક્તિવાળો છે ને ?
ક્યાંથી વાતનો પ્રારંભ કરવો ને ક્યાં સમાપ્તિ
કરવી ? તેની મને સૂઝ નથી.
પણ તારી આપસૂઝ ને કોઠાસૂઝથી જ
મારી વાતો ચાલે છે.
કાળ અનંત હોય તો ય તારી સાથેની
વાતો કદિ પણ નહિ જ ખૂટે.
આવો મને કાયમી દઢ વિશ્ર્વાસ છે.
કારણ કે મને તારામાં અખૂટ-અતૂટ વિશ્ર્વાસ છે.
વિશ્ર્વાસઘાત નહિ કરતા, હોં.

મને ભૂલી ગયા ?

હે પરમાર્થદર્શી !

તારી પાસે જોવાની-પરખવાની અજબ-ગજબની દૃષ્ટિ છે.

જીવોની યોગ્યતાને જોવાનું તારું માઈક્રોસ્કોપ અદ્‌ભુત છે.

માટે તો રોજની સાત હત્યા કરનાર

અર્જુનમાળીને તેં તારી દીધો.

સ્ત્રી-બ્રાહ્મણ-ગો-બાલહત્યા કરનાર

દૃઢપ્રહારીને પણ ઉગારી લીધો.

માયાવી ચોર રોહિણીયાનો પણ ઉદ્ધાર કર્યો.

ઝાંઝરીયા ઋષિના ઘાતક રાજાને મોક્ષમાં મોકલી દીધા.

સગા ભાઈ ઉપર ચક્ર ફેંકનાર ભરત ચક્રવર્તિને

કર્મમુક્ત કર્યા.

અભિમાની બાહુબલીને પણ કષાયમુક્ત બનાવ્યા.

કેવી તમારી કરુણા !

મહાભારતના યુદ્ધમાં કરોડોની કતલ કરનાર

પાંચેય પાંડવને દોષમુક્ત કર્યા.

રાવણસેનાનું કચુંબર કરનાર રામ-હનુમાનને

પણ મોક્ષગામી બનાવ્યા.

દૃષ્ટિવિષ ચંડકૌશિક સર્પને દેવલોકનો સ્વામી બનાવ્યો.

તમને બાળવા તેજોલેશ્યા ફેંકનાર

ગોશાળાને પણ સ્વર્ગમાં મોકલ્યો.

ઘમંડથી ધમધમતા ગૌતમસ્વામીને

ગણધર બનાવી મોક્ષે મોકલ્યા.

વાસનાના કાદવમાં ખૂંચી ગયેલ

સ્થૂલભદ્રને પાવન કરી અમર બનાવ્યા.

૩૨ પત્નીના સ્નેહપાશમાં રંગાયેલ
શાલિભદ્રનો ય મોક્ષ ચીલઝડપથી રિઝર્વ કરાવ્યો.
પ્રેમિકાને જીવતી કાપનાર એવા ક્રુર ચોર
ચિલાતિપુત્રને તમે સદ્ધર કરી દીધો.
નટડીમાં પાગલ ઈલાચીકુમારને પરમપદ આપ્યું.
પતિત થયેલ આર્દ્રકુમાર, નંદીષેણ, અષાઢભૂતિ,
વગેરેનો તમે જીર્ણોદ્ધાર કર્યો.
અજ્ઞાની માષતુષને કેવળજ્ઞાન આપ્યું.
સગી બહેનમાં કામાંધ ચંદ્રશેખર રાજાને
પાપમુક્ત કર્યા.
માંસાહારી અને શિકારી એવા શ્રેણિકને
તીર્થંકરપદ પ્રદાન કર્યું. કેવી તમારી ઉદારતા !
પેલા ઘોડાને તારવા એક રાતમાં
૬૦ યોજનનો તમે વિહાર કર્યો. કેવી દૂરબીનદૃષ્ટિ !
ક્રૂર નાસ્તિક પ્રદેશી રાજાને તમે પરમ
આસ્તિક બનાવી સ્વર્ગવાસી કર્યા.
અજ્ઞાની ૧૫૦૦ તાપસને ય સિદ્ધશીલામાં સ્થાપિત કર્યા.
હજારો અવગુણના ઢગલામાં નાનકડા ગુણને
પારખવાની સૂક્ષ્મદૃષ્ટિ અને તેને જ
લક્ષમાં રાખી દોષગ્રસ્ત જીવને ય દોષમુક્ત બનાવવાની
તારી કરુણાનો ક્યાંય જોટો જડે તેમ નથી.
પણ મારા નાથ ! એક પ્રશ્ન પૂછું ?
શું મારામાં તને જરા પણ યોગ્યતા ન દેખાઈ ?
મોક્ષે જવાની શું મારામાં આંશિક પણ પાત્રતા નથી ?
શું મારામાં તમે ભવ્યતાને ભાળતા નથી ?
કે પછી બદમાશ ને બેઈમાન તરીકે કુખ્યાત બનેલા

લાખોને તારવાથી તારામાં તારકતાનો તોટો પડ્યો છે ?
જો એવું ન હોય તો અત્યાર સુધી મને તારવાનું
કેમ ભૂલી ગયો ? ભગવાન થઈને તું પણ ભૂલ કરે ?
હવે તારી આ ભૂલને તું સુધારી લે.
મને ઉગારી લે. તારી પાસે બોલાવી લે.
તને કહેવામાં કોઈ અવિનય થયો હોય
તો માફ કરજે હોં.
તું તો ક્ષમાસાગર - કરુણાસાગર છે ને !

નજર નહિ હટાવતો

હે ઉદારચરિત !

જ્યારે પણ હું તારી પાસે આવું છું
ત્યારે તું હસતો જ હોય છે.
નિતાંત કરુણા અને વાત્સલ્યથી ઉભરાતી
નજરે નિત્ય નિહાળે છે તું.
પ્રેમ-મૈત્રી-લાગણીનો તું તો મહાસાગર છે જાણે.
ઢગલાબંધ દોષો મારામાં ઘર કરી ગયેલ છે છતાં
તું મને મીઠી નજરે જ સદા નિરખે છે.
ક્યારેય કરડી-કડક નજરે મને જોતો નથી.
તારી આજ્ઞાને કચડી નાંખું, તારા દિલને દુભાવું
તો ય તું મને સ્મિત રેલાવતી દષ્ટિથી જ જુએ છે.
સદા સર્વત્ર નિષ્પક્ષ રીતે વાત્સલ્યને વહાવતી
તારી આંખ કામણગારી છે.
તારી ચમકતી કીકીની પાછળ વહેતા કરુણાના
મહાસાગરનો ઘૂઘવાટ સંભળાય છે.
અનેક પાપો હું કરુ તો ય આશ્વાસન ને
હુંફ આપે તારી આંખ !
તેથી જ તારી નજરને જોઉં છું ને મારા કાળા પાપો
પાંછળ પસ્તાવો પ્રગટે છે.
જોઉં છું તારી આંખ; મળે છે મને પાંખ,
સાધનાવ્યોમમાં ઉડ્ડયન કરવા.
કમળની પાંખડી જેવી તારી આંખડી
જોતાં નીત નવી સ્ફુરણા જાગે છે.
તારી આંખમાં એવું જાદુ ભર્યું છે કે દુનિયા આખી ભૂલી

જાઉં છું.
મારી જાત સુદ્ધાં ભૂલાઈ જાય છે, વિસરાઈ જાય છે.
મારું અસ્તિત્વ તારી આંખમાં વિલીન થાય છે.
અનંત ગુણવૈભવ તારી આંખમાં ઉભરાય છે.
અંતરના ભાવ તારી આંખમાં વંચાય છે.
વિચાર કરતો રહું તો તારી આંખ ઉપર
એક નિબંધ લખાઈ જાય.
પણ કોઈ નિબંધ લખીને
P.H.D. ની ડીગ્રી લેવામાં મને રસ નથી.
મારે તારી આનંદદાયી આંખ જોઈને
તને નમ્ર અરજ કરવી છે.
'તારી પાવન નજર મારા પરથી ક્યારેય હટાવતો નહિ'
નહિતર આ અધમાધમનો ઉદ્ધાર કોઈ કાળે,
ક્યાંય પણ, કોઈ પણ રીતે નહિ થાય.
મારી વિનંતિ સ્વીકારવામાં તારી
ઉદારતાની અને ગંભીરતાની કસોટી થશે હોં.

તારા જીવનરહસ્યો ન્યારા

હે સૌમ્યમૂર્તિ !

તારા દરબારમા આવું છું ને એક ઉક્તિ યાદ આવી જાય છે.
"જે એક ડગલું તારી પાસે આવે
તેની પાસે તું ૯૯ કદમ સામે ચાલીને આવે છે."
હું તો કેટલાય દિવસોથી, મહિનાઓથી,
વરસોથી તારી પાસે આવું છું.
ચાલી ચાલીને મારા પગના તળિયા પણ ઘસાઈ ગયા છે.
ક્યારેક પગમાંથી લોહી પણ નીકળી પડ્યું.
પણ, તું તો એકેય ડગલું મારી પાસે ન આવ્યો.
ઊલટું, હું તારી પાસે આવવા પુરુષાર્થ કરું તેમ
વધુ ને વધુ તું મારાથી દૂર જતો રહે છે.
હું મોટેથી પોકાર કરું છું,
છતાં તું ઊભો પણ નથી રહેતો.
વધુ ને વધુ ઝડપથી દોડતો જ રહે છે.
વાંસનાના વમળમાં ફસાયો ત્યારે
તારી કેવી બૂમ પાડી હતી !
દોષ ને દુર્ગુણોની ગટરમાં પડ્યો
ત્યારે કેવી ચીસ પાડી હતી !
ક્રોધ ચાંડાલ મારી કત્લ કરતો હતો ત્યારે
કેવો શોરબકોર મેં મચાવ્યો.
માયા સાપણે ડંખ માર્યો ત્યારે
કેવો હું હિબકા ભરીને રડ્યો હતો.

છતાં તું મારી મદદે ન આવ્યો.
જોવા છતાં ઊભો પણ ન રહ્યો.

બૂમ સાંભળવા છતાં ભાગી ગયો !
છતાં તું કરુણાસિંધુ અને દયાસાગર કહેવાય છે !
તારા વિશેષણોમાં મને શંકા ન પડે,
તારી ઈજ્જતના કાંકરા ન થાય,
તારામાં મૂકેલો વિશ્વાસ જૂઠો ન પડે,
આટલા ખાતર પણ તું મદદ ન આવ્યો ?
સર્વશક્તિસંપન્ન હોવા છતાં આટલી ઉપેક્ષા !
સર્વજ્ઞ છતાં બૂમ ન સાંભળી !
કરુણાસાગર છતાં કઠોર બન્યો !
ખરેખર, તારા જીવનરહસ્યો ન્યારાં છે.

મનની માંગ તો અધૂરી રાખ

હે સહજાનંદી !

તારો અનુપમ અદ્વિતીય આનંદ ન આપ તો કાંઈ નહિ,
પણ એનું અદમ્ય આકર્ષણ તો આપ.
તારો ગુણવૈભવ ન મળે તો કાંઈ નહિ,
તેની પ્રબળ રુચિ તો આપ.
તું રૂબરૂ ન મળે તો કાંઈ નહિ,
તારું સ્થાયી એડ્રેસ તો આપ.
મારો ક્રોધ ન ઘટે તો કાંઈ નહિ,
પણ તેનો પક્ષપાત તો ઘટાડ.
મારા દોષ રવાના ન થાય તો કાંઈ નહિ,
પણ તેની આસક્તિ તો તોડ.
તું આત્માની સદ્‌ગુણની માંગણી ભલે પૂર્ણ ન કરે.
શરીરની સુખશીલતાની માંગણી,
ઈન્દ્રિયની સગવડતાની માંગણી,
મનની સ્વચ્છંદતાની માંગણી તો અધૂરી રાખ.
સદ્‌ગતિનો માર્ગ ભલે મારા માટે બંધ હોય,
સન્મતિનો માર્ગ તો મોકળો કરી આપ.

દુઃખનો ત્રાસ ભલે ન ઘટાડ,
સુખમાં હાશકારો તો રવાના કર.
રાગનો ત્યાગી ભલે મને ન બનાવ.
રાગના ત્યાગનો તો હવે રાગી બનાવ.
મારુ મોત અટકે નહિ તો કાંઈ નહિ,
મારા મરણને સુધારી તો દે, ભલે મને તું ન સુધારે.
મને ગુણવાન ન બનાવે તો કાંઈ નહિ,

કમ સે કમ ગુણાનુરાગી તો બનાવી દે.
તમામ સાધના ભલે મારો જીવનમાં ન આવે.
સર્વ સાધકની સકલ સાધનાની
અનુમોદના તો મને આપજે.
સર્વ પદાર્થના ત્યાગની સદ્બુદ્ધિ કદાચ ન આપે
તો પણ પદાર્થસંગ્રહની દુર્બુદ્ધિ તો મારાથી દૂર જ કરજે.
આ જીવનમાં તેં બતાવેલ સાધુતા
કદાચ ન આવે તો પણ
દુર્જનતા - હલકટવૃત્તિ જીવનમાં
ઘૂસી ન જાય તેનું તું ધ્યાન રાખજે.

પરસાદમાં પણ સૂકાયો !

હે કરુણાવૃષ્ટિ કરનાર !

તારી અપરંપાર કરુણાની વૃષ્ટિને જોઈને મને
ચોમાસાનો વરસાદ યાદ આવી જાય છે.
જલવર્ષા થાય છે ને
મીઠું ઓગળે છે.
ખાંડ પીગળે છે.
કપડું ઓગળતું કે પીગળતું નથી, પણ પલળે તો છે જ.
પત્થર નથી ઓગળતો, પીગળતો કે પલળતો.
છતાં ભીંજાય તો છે જ.
વરસાદમાં વોટરપ્રુફ ઘડિયાળ, કમલપત્ર વગેરે નથી
ઓગળતા, પીગળતા, પલળતા કે ભીંજાતા.
પણ સૂકાતા તો નથી જ.
જવાસો તો તેનાથી ય આગળ વધે છે.
તે ઓગળતો, પીગળતો, પલળતો કે ભીંજાતો તો નથી જ.
પણ વસસાદ વધે તેમ તેમ તે
વધુ ને વધુ સૂકાતો જાય છે.
પ્રભુ !
તું પુષ્કારાવર્ત મેઘની જેમ બારે ખાંગે વરસ્યો.
તારી વાત્સલ્યથી નીતરતી કરુણાર્દ્ર વાણીની વૃષ્ટિમાં
ન હું ઓગળ્યો, પીગળ્યો, પલળ્યો કે ભીંજાયો.
રહ્યો કોરો ધાકોર.
વધુ ને વધુ સૂકાતો રહ્યો;
'જવાસો' નામની વનસ્પતિની માફક.

શાસ્ત્રો વાંચવા છતાં હૃદય ભીનું ન થયું.
વધુ ભણવાથી ક્યારેક કઠોર-નઠોર ને ઘમંડી બન્યો.
મને ભીનો કરવા, કોમળ કરવા તેં શાસ્ત્રવૃષ્ટિ કરી.
પણ હું તર્કની છત્રી ધરી બેઠો.
બુદ્ધિનો રેઈનકોટ મેં પહેરી લીધો.

પાપોદયમાં તો દુઃખી થયો જ.
પણ પુણ્યોદય ઘટ્યો ત્યારે ય દુઃખી-દુઃખી થઈ ગયો.
અરે ! પુણ્યોદય વધ્યો ત્યારે પણ પાપી થઈ બેઠો.
તારી પુણ્યવૃષ્ટિને પણ પચાવી ન શક્યો.
તે વખતે ય બુદ્ધિની બાલદી હું ઊંધી વાળી બેઠો.
બુદ્ધિની બાલદીમાં પણ શંકાના કાણા પાડી દીધા.

તૃષ્ણાની તરસ
મેં કદિ
છીપાવી
નહિ.

બધા આધાર નિરાધાર

હે વિશ્વાધાર !

સુખ મેળવવા મેં બીજા બધાને આધાર માન્યા.
પરંતુ વાસ્તવમાં કોઈ પણ આધાર ન બન્યું.
કુટુંબ-પરિવારને, નોકર-ચાકરને સુખના આધાર બનાવ્યા.
યશ-કીર્ત્તિને પણ સુખના આધાર બનાવ્યા.
લબ્ધિ-શક્તિ-વૈભવને સુખના આધારસ્તંભ માન્યા.
આરોગ્યને, રૂપસૌંદર્યને સુખનું કારણ માન્યું.
વસ્ત્ર-મકાન-ભોજન-પાનને સુખનું સાધન માન્યું.
દવા-ડોકટરને સુખના હેતુ માન્યા.
લેટરપેડ-પેન-ફ્રેમ-ફેશનના શરણમાં સુખની શોધ કરી.
મોજશોખની સામગ્રીના આધારે મેં સુખ ગોત્યું.
રમતગમતને સુખનો આધાર માનીને દોડ્યો.
હીલસ્ટેશનમાં પણ સુખની તપાસ કરી.
હોટલ-રેસ્ટોરન્ટ-કલબમાં પણ
સુખની શોધ-ખોળ કરી.
સ્કુલ-કોલેજ-થીએટરમાં પણ સુખની ખોજ કરી.
કોમ્પ્યુટર-કેલ્કયુલેટરને પણ સુખના આધાર માન્યા.
સુખ મેળવવા વિમાનમાં ઉડ્યો. સ્ટીમ્બરમાં ય બેઠો.
કોમ્પીટીશનના માધ્યમથી ઘણી મથામણ કરી
સુખપ્રાપ્તિ માટે.
સુખનો આસ્વાદ કરવા રેસકોર્સમાં પણ ઘૂસ્યો.
શુટ-બુટની જોડીમાં, મેચિંગમાં સુખની તલાસ કરી.
ફોન, ફેક્સ, ફ્રીઝ, ફલેટ, ફેન, ફિયાટને
પણ સુખસાધન માન્યા.

સુખ માટે પૈસા, પરિવાર, પ્રતિષ્ઠા, પત્ની, પુત્ર, પુણ્ય,
પદવીના શરણે અનંતી વાર ગયો.
કાયા, કીર્ત્તિ, કાંચન, કામિની, કામકાજને
પણ સુખનું મૂળ માન્યું.
મારા નામ, ફોટા, સ્વભાવ, રુઆબ, ઘમંડને
સુખની સામગ્રી માની.
સુખ માટે માયા-પ્રપંચ, તૃષ્ણા-સંગ્રહના પણ
શરણે ગયો.
સુખ મેળવવા ગુણભ્રષ્ટ થયો, દોષગ્રસ્ત બન્યો.
પણ બધાય શરણ ખરેખર સ્વયં અશરણ હતા.
બીજા બધા જ આધાર ખુદ નિરાધાર હતા.
મારું શરણ કે આધાર તે કેમ બની શકે ?
જેને મેળવ્યા પછી કદિ દુઃખ ન આવે
એવું અક્ષય સુખ બધાને પકડવા છતાં ન જ મળ્યું.
અભિમાનિક આભાસિક અને કેવળ
કાલ્પનિક સુખને ચાખ્યું,
આકાશને ચાખવાની જેમ.
તૃપ્તિ જરા ય ન જ થઈ.
તૃષ્ણાની આગમાં વધુ સેકાયો.
નાથ ! હવે તું સદા હૃદયથી
મારો આધાર બન.
મારો હાથ ઝાલ.
પડતો ઝીલ.

મળ્યો તારો સથવારો

હે પરમસહાયક !

તારો મને અજબ-ગજબનો સથવારો છે.
નિગોદથી માંડીને નિર્વાણ સુધીનો સથવારો છે.
ભવોભવ-પલપલ સથવારો દેનાર તારા સિવાય કોઈ નથી.
દુઃખ-દર્દના દિવસોમાં ય તેં મને સતત સથવારો આપ્યો.
દુર્ગતિ ને દોષની દુનિયામાં હું સામે ચાલીને ભટક્યો,
છતાં ઉગારવા માટે દીધો તેં સથવારો.
પ્રકાશની જેમ અંધકારમાં ય તેં મને
તારો સથવારો આપેલ છે.
જાગતાં ય તારો સથવારો ને ઊંઘમાં પણ
મળ્યો મને માત્ર તારો જ સથવારો.
સદ્ગુણ સર્જનમાં ય મળ્યો તારો અલૌકિક સથવારો.
શિવનગર ને ક્ષયકશ્રેણીનો ય તું જ છે સથવારો.
સદા સર્વત્ર આપે છે તું ઉદારતાથી સથવારો.
તારો સથવારો છે. તેથી તો હું નિશ્ચિંત છું.
તારો સાથ-સથવારો છે. તેથી તો હું સમૃદ્ધ છું.
તારો સથવારો મળ્યો એટલે
મને બધું જ મળી ગયું.
તારો સથવારો મને હુંફ, આશ્વાસન ને આનંદ આપે છે.
તારો સથવારો અપૂર્વ ઠંડકનો અનુભવ કરાવે છે.
તારા સથવારામાં રાત પણ પ્રકાશમય ભાસે છે.

દુઃખ પણ સુખરૂપ લાગે છે.
દર્દ પણ આનંદદાયી બને છે.
આફત પણ આશિષ થાય છે.

વેદના પણ સંવેદના લાવે છે.
પ્રતિકૂળતા પણ ઠંડક આપે છે.
તારા સથવારાનો પ્રભાવ અદ્‌ભુત છે, અનુપમ છે.
પણ મારા નાથ !
તારા સથવારાને હું ન તરછોડું
તેવી સદ્‌બુદ્ધિ આપજે મને.

દર્શનનો પ્રભાવ

હે પરમતેજ !

તારા પરમતેજસ્વી સ્વરૂપને જોઉં છું ને અંધકાર વિસરાય છે.
તારી પાવન ગુણસમૃદ્ધિને દેખું છું ને
દોષની દુનિયા ભૂલાય છે.
તારા દિવ્ય જ્ઞાનને માણું છું ત્યાં
અજ્ઞાનનું વિસ્મરણ થાય છે.
તારા વિરાટ સ્વરૂપના દર્શને મારી
ક્ષુદ્રતાનું ભાન ભૂલું છું.
તારા પવિત્ર સૌંદર્યને નિરખું છું ને
મારી વિરૂપતા ભાસતી નથી.
તારા નિર્મળ આનંદને જાણતાં
મારા દુઃખનું મને જ્ઞાન નથી રહેતું.
તારી નિર્ભયતાને પીછાણતાં મારા બધા ભય ભાગે છે.
તારી વીતરાગતાના સ્મરણે રાગનું વિસ્મરણ થાય છે.
તારી નિર્મોહતાનું સંવેદન મારા મોહને ભગાડે છે.
તારી ક્ષમાને વિચારતાં મારો ક્રોધ રવાના થાય છે.
તારી તૃપ્તિનો આસ્વાદ તૃષ્ણાને બેસ્વાદ લગાડે છે.
તારી અમરતાને નિહાળતાં મૃત્યુના મરણનો
મને ઘંટનાદ સંભળાય છે.
તારી મૃદુતાનો મધુર સ્વાદ મારા ઘમંડને ઘમકાવે છે.
તારી સરળતાનો સુંદર સ્પર્શ મારી માયાને
ખલાસ કરે છે.
તારી અનંતશક્તિનો પરિચય મારી સત્ત્વહીનતાને
ખતમ કરે છે.

તારી અપરંપાર શુદ્ધિનું સંનિધાન મારી અશુદ્ધિને કચડે છે.
તારા પવિત્ર સ્વરૂપનો સથવારો
મારા વિકૃત સ્વરૂપને ય વિલીન કરે છે.
તારી પાસે જે કાંઈ છે તે પાવન ને અનુપમ છે.
તારા સુંદર ખજાનાને જેટલો વિચારું છું
તેટલું મારું બિહામણું-વામણું-ગંદુ દરિદ્ર સ્વરૂપ
ઓગળતું જાય છે, પીગળતું જાય છે.
તારી આંતરસૃષ્ટિને જોતાં જોતાં,
વગર પુરુષાર્થે, મારું બધું જ નબળું દૂર થાય છે.
એમાં હું અંતરથી રાજી છું, નારાજ નથી.
મારા દોષો તારાજ થાય તેમાં હું નારાજ શેનો ?

સોદો કરવો છે ?

હે પરમદાતા !

આજે મારે તારી પાસે કંઈક માંગવું છે.
મારે મફતમાં તો કશું નથી જ માંગવું.
તને કંઈક આપીને મારે માંગવું છે.
હું સાવ ભીખારી નથી હોં.
મારી પાસે તને આપવા જેવી ઘણી ચીજ છે.
ભક્તિ, સંવેદના, પ્રાર્થના, ભાવના, પ્રેમ,
લાગણી, આંસુ, પ્રતીક્ષા....
આવું તો ઘણું બધું છે મારી પાસે.
એ બધું તારા ચરણે ધરીને માંગવું છે.
એ તમામ ચીજ અમૂલ્ય છે.
તેની બજારુ કિંમત ભલે કંઈ ન હોય.
પણ તેનું મહામૂલ્ય ઘણું જ મોંઘું છે,
જરાય સોંઘુ નથી.
છતાં તે બધાના બદલામાં આજે
તારી પાસે સોદો કરવો છે. કબુલ છે ને ?
મારા આંસુના બદલામાં
આરાધનારમણતા અપાવ,
વિરાધનારમણતા હટાવ.


પવિત્ર પ્રાર્થનાના બદલામાં
તારી ગુણરમણતા આપ,
મારી દોષરમણતા કાપ.
ભાવભરી ભક્તિના બદલામાં
તારી આત્મરમણતા મારા ઉપર વરસાવ,

મારી પુદ્‌ગલરમણતા જલ્દી સળગાવ.
સુમધુર સંવેદનાના બદલામાં,
સદ્‌ભાવનારમણતા આપી દે,
દુર્ભાવનારમણતા-કલ્પનારમણતા કાપી દે.

નિર્દોષ પ્રેમના બદલામાં
તારી સમાધિરમણતા મને સોંપી દે,
મારી સંકલેશરમણતાને કાપી દે.
તારી કરેલી પાવન પ્રતીક્ષાના બદલામાં
ઉપાસનારમણતા વરસાવી દે,
મારી વાસનારમણતા સળગાવી દે.
નિર્દંભ લાગણીના બદલામાં
શ્રદ્ધારમણતા મને સ્વાધીન કર,
બુદ્ધિરમણતા - શંકારમણતા દૂર કર.
તને લખેલી આમંત્રણ-પત્રિકાઓના બદલામાં
માત્ર ધર્મપ્રવૃત્તિરમણતા નહિ,
ધર્મપરિણતિરમણતા પણ આપીને
પાપરમણતા-પાપપરિણતિરમણતા હટાવી દે.
આજ્ઞાપાલનના બદલામાં
આજ્ઞારમણતા આપ,
સંજ્ઞારમણતા દાબ.
કરેલ તપના બદલામાં
અણહારીપદરમણતા ભેટાડી દે,
ભોજનરમણતાને તું ભગાડી દે.
ઢગલાબંધ સામાયિકના બદલામાં
સમતારમણતા ચખાવ,
મમતારમણતા ભગાવ.

અઢળક સ્વાધ્યાયના બદલામાં,
શાસનરમણતા-શાસ્ત્રરમણતા દઈને
વિકથારમણતા દૂર કરી દે.
તારી ગાયેલી સ્તુતિના બદલામાં
ગુણાનુવાદરમણતા - ગુણાનુરાગરમણતા સોંપીને
નિંદારમણતાને સળગાવી દે.
તારા કરેલા દર્શનના બદલામાં
પરગુણદર્શનરમણતા આપીને
પરદોષદર્શનરમણતા હટાવી દે.
તારી પૂજાના બદલામાં
મને તારકતત્ત્વરમણતા ભેટ ધર.
મારકતત્ત્વરમણતા ખતમ કર.
અભિગ્રહ-નિયમપાલનના બદલામાં
સર્વવિરતિરમણતા સમર્પિત કરીને
અવિરતિરમણતા સંપૂર્ણતયા મિટાવી દે.
નિર્માણ કરેલ સાધના મહેલના બદલામાં
મુક્તિરમણતા આપીને
સંસારરમણતા - સંસારીરમણતા
ઝડપથી રવાના કર.

આપનું સંવેદન અહીં ટપકાવો



ચાટવાથી, ચાખવાથી કે ચગળવાથી નહિ
પણ શેરડીના ટુકડાની જેમ ચાવીને ચૂસવાથી જ
રસાસ્વાદ આવે તેવો છે આ ભોજનરસથાળ.

આમ ગણો તો છે આ રસપાન.
પીએ રાખો તમે ગટક-ગટક-ગટક.
સમજી શકો તો છે આ મિષ્ટાન્ન.
ખાએ રાખો તમે બટક-બટક-બટક.
આટલું કર્યા પછી હે જીવ !
તું પ્રમાદથી અટક.
ભવાટવીમાં હવે ના ભટક.
કાળા કર્મોને પણ તું નીચે પટક.
મોહની માયા જાળમાંથી તું જલ્દી છટક.
દુરાચાર અને વ્યસનોની પાસે તું ન ટક,
તો પાપપરંપરાને દે તમાચો કરતો સટક.
પુરાણા દોષોની જંજીરો તૂટે કરતી ત્રટક-ત્રટક.
પણ લોભામણી લાલચમાં તું મગજને ન દે ફટક.
જો વેદના-વ્યથાનો તને લાગ્યો હોય ચટક,
તો પાપ બાંધતી વખતે તું રાખ થોડો ખટક.
બાકી તું દુઃખ-દર્દની દુનિયામાં લટક.
ના, ના, દુઃખદર્દની દુનિયામાં તું ના લટક.
સંવેદનની ઝલકમાં જ તું ટક